આવતી કાલનાં નાગરિકોના સંસ્કારઘડતરનું માસિક
વર્ષ છેતાલીસમું · અંક પાંચમો · માહે મે ઈ. ૧૯૬૯
સંસ્થાપક: રવિશંકર રાવળ · તંત્રી: બ. રાવત

જર્મનીનાં બે જગવિખ્યાત કાર્ટૂનપત્રો પૈકી 'સિમ્પ્લિસિસિમુસ'નો પરિચય પર૪મા અંકમાં આવી ગયો. બીજા પત્ર 'ક્લૅડરૅડૅશ'ના કાર્ટૂનિસ્ટ જૉન્સનની સમર્થ કલમ જગજાણીતી હતી. ભારતમાં જલિયાંવાલા બાગના હત્યાકાંડ (જુઓ અંદર) પછી ગાંધીજીના નેતૃત્વ નીચે અસહકારની લડતે ઉગ્ર સ્વ-



રૂપ પકડયું ને બ્રિટિશ સત્તા હેબતાઈ ગઈ, એ દાખવતં તેનં આ ચોટદાર કાર્ટૂન પ્રસંગોચિત લાગશે.




નવરાશની વેળાએ (ચિત્રકાર : વનલીલા કિનારીવાળા)

૫૦ સદીની પ્રગતિ

થોડા સમય પર અમદાવાદમાં Art Scene Today નામનું, આ યુગની ચિત્રકળાનો ખયાલ આપતું એક પ્રદર્શન યોજાયું હતું. તેમાં 'ઇમ્પ્રેશનિઝમ'થી માંડીને 'ઍબ્સ્ટ્રૅક્શન' સુધીની મૉડર્ન આર્ટની કૃતિઓ રજૂ થઈ હતી. એમાંથી ગુજરાતી કલાકારોના, જેને સમજવાનો પ્રયત્ન થઈ શકે એવા બે નમૂના, આજથી પચ્ચીસ વર્ષ પર 'કુમાર'માં પ્રકટ થએલા જોડેના રંગચિત્ર નીચે છાપ્યા છે, કે જેથી આ ૦૦ સદીમાં થએલી આપણી ચિત્રકળાની એક દિશાની પ્રગતિનો ખયાલ આવે. ડાબી બાજુએ, પ્લાઈવુડ જેવા પદાર્થમાંથી કાપી કાઢીને ચોડેલી માનવમુખાકૃતિઓના સંયોજનની નીચેના ત્રિકોણમાં ચડતા ક્રમના રંગપટ્ટા દર્શાવતા શ્રી જ્યોતિ ભટ્ટના ચોરસ'ચિત્ર'ની પાછળ ઉત્તરોત્તર વિકાસશીલ માનવનું નિદર્શન હોય એમ અર્થ ઘટાવવાનું મન થાય. શ્રી મકબુલ ફિદાહુસેનના 'વ્હાઈટ હૉર્સ'નાં ફૂંફાડા મારતાં નસકોરાં ને ધસમસતા આવેગથી વ્યક્ત થતી કરાળતા અને જોશ આસ્વાદ્ય છે; પણ યુરોપાનું હરણ કરી જતા સાંઢ દૈત્યની પશ્ચિમી પુરાણકથાના ચિત્રની જેમ આમાં ઘોડાને વળગેલી કે ઘસડાતી જતી નગ્ન સ્ત્રી શાનું પ્રતીક હશે?...એ ગમે તે હો, પણ આ રંગચિત્ર જેવાં અગાઉનાં ચિત્રોને પડછે આજનાં અપતરંગી, ગોટાળિયાં, ભડકામણાં ને આઘાતજનક સર્જનો જોતાં, લોકશાહી યુગના સાહિત્ય વિષે Tocquevillની ઉક્તિ યાદ આવે છે કે 'their objects will be to astonish rather than please, and to stir the passions rather than charm the taste.'

એમની પ્રેરણા પાછળ સર્જતાં આ યુગનાં ચિત્રોનાં નામ પણ ખસૂસ અંગ્રેજીમાં જ અને સંદિગ્ધ હોય છે: (જમણી બાજુ) White Horse-કલાકાર એમ.એફ.હુસેન(શ્રી ગુણવંત મંગળદાસના કલાસંગ્રહમાંથી) નીચે: Man-કલાકાર જ્યોતિ ભટ્ટ (ફોટો: અમદાવાદ મ્યુ. કૉર્પોરેશન સંસ્કારકેન્દ્રના સૌજન્યથી)







માટીનાં હાથે બનાવેલાં રમકડાં, પાત્રો, તકતીઓ, ઉપસ્કરો વગેરે ઉપર, પોતે યોજેલા એક વિશિષ્ટ મિશ્રણનો લેપ કરીને, તેમાં આભલાં, ફટકિયાં મોતી, ઝીક કસબ, કાચના ગોળા આદિ સાધનો વડે લોકકલાની પરંપરાએ કરેલાં સુશોભનોને પરિણામે નીપજેલી સુશ્રી ઊર્મિલાબહેન ગિરધરલાલની અભિનવ કળાનું એક પ્રદર્શન ગયા માસમાં મુંબાઈમાં ભરાયું હતું. તેના બહોળા વૈવિધ્યમાંથી થોડા નમૂના ઉપર આપ્યા છે.



'ક્વીન ઈલિઝાબેથ-૨' નામના નવા તૈયાર થતા જંગી સફરી જહાજમાં સજાવટ પામી રહેલી ચિત્રવીથિ આવતા મે માસમાં જ્યારે આ જહાજ એની પ્રથમ સફરે ઊપડશે ત્યારે આ વીથિમાં વીસમી સદીની બ્રિટિશ કળાનાં સુંદરતમ ચિત્રો ગોઠવાએલાં રહેશે. છએક માસ સુધી આ ચિત્રો અહીં રહ્યા પછી બીજાં નવાં ચિત્રો ત્યાં સ્થાન પામશે. સૌને એ તો ખબર હશે કે 'ક્વીન મેરી' અને 'ક્વીન ઈલિઝાબેથ' જેવી દુનિયાની બે મોટી સ્ટીમરો પછી હવે અદ્યતન સજાવટથી ભરપૂર આ 'ક્વીન ઈલિઝાબેથ-૨' તરતી મુકાવાની છે.



અદ્યતન ડિઝાઈનના દેશવિદેશની માગને પહોંચી વળવા 'ઍાર્બિટ પૅાટરી' નામના એક નવા જ બ્રિટિશ કારખાનાએ બજારમાં મૂકેલાં ચીની માટીનાં નવાં પાત્રો, કે મઃ ફૂલ, પંખી પુરાણાં કાલ્પત પ્રાણીઓ આદિનાં શોભનની વિવિધ આયોજના પણ કરવામાં આવી છે.

લવાજમમાં ફેરફાર

મુદ્રણસામગ્રી, વેતન વગેરેના વધારા ઉપરાંત ગયા વર્ષથી થએલા પોસ્ટેજના વધારાને લીધે લવાજમમાં હવે નછૂટકે તેટલો વધારો કરવો પડયો છે. હવેથી લવાજમ રૂ. ૧૫ તથા પોસ્ટેજ રૂ. ૧-૨૦ મળીને કુલ રૂ. ૧૬-૨૦ થશે. પરદેશનું લવાજમ હતું તે કાયમ રહેશે.

વાચકો લખે છે

'ગોપીનાથ કવિરાજ અભિનંદનગ્રંથ' વાંચતો હતો ત્યારે આપને ખૂબ યાદ કર્યા. આશા રાખું છું, એમનો પરિચય કોઈ અધિકારી વ્યક્તિને હાથે લખાવશો. ભારતના અને જગતના આવા પ્રાજ્ઞપુરુષોનો પરિચય 'કુમાર'માં નિયમિત પ્રગટ થાય તો ગુજરાતની વિચારશીલ વ્યક્તિઓને નવું બળ મળે. પ્રેરણા મળે.

કદાચ સાંપ્રત સાહિત્ય નિઃસત્ત્વ લાગે છે તેનું કારણ વિચારનિષ્ઠાનો સર્વવ્યાપી અભાવ છે. કોઇ પણ એ સ્વીકારશે કે આપણે ત્યાં વિચારોનું ખેડાણ અટકી ગયું છે. સર્જનાત્મક સાહિત્યને નામે સાહિત્યનું અચલાયતન ઊભું થયું છે. જીવનનાં સકલ અંગોની ઉપાસના નથી થતી એ તો આગળની વાત થઈ, પણ 'જીવન'ને નામે કેટલાક ભ્રમ જરૂર પોષવામાં આવે છે. વર્તમાનની ક્ષણનું અને જીવનનું એક વિચિત્ર સમીકરણ સામે ધરી ચિંતન–મનનને નકારવામાં આવે છે.

હું કોઇ આરોપનામું ઘડવા નથી માગતો, કે નથી કોઈ વાદની સ્થાપના કરવા માગતો; કશુંક વિધાયક થઈ શકે એ માટે આજની પરિસ્થિતિનું આછું ચિત્ર રજૂ કરું છું.

પ્રાચીન-અર્વાચીન ચિંતકોની વિચાર યાત્રાને સાંગોપાંગ નિરૂપતા લેખો આપ અધિકારીજન પાસે લખાવી પ્રગટ કરશો તો ગુજરાતની મોટી સેવા થશે. હા, પરિચયલેખનો ઝોક વિચારપક્ષ તરફ હોવો ઘટે.

(દિલ્હી) —અચ્યુત યાજ્ઞિક

હમણાં 'બેસ્ટ પોએમ્સ ઑવ ૧૯૬૫' હાથમાં આવ્યું. અંગ્રેજી ભાષાનાં ૧૫૦ મૅગેઝીનોમાંથી ૩૨૭ કાવ્યો પહેલાં ચૂંટાયાં. પછી કવિનાં અને પત્રનાં નામ કમી કરી પરીક્ષકોને સોંપ્યાં, જેથી ઈનામો નક્કી કરતી વખતે ખાસ છાયા ન પડે. કાવ્યોમાં અનુવાદો અને સો પંક્તિ ઉપરનાં કાવ્યો ન લીધાં, કેમકે સંગ્રહોની મર્યાદા જાળવવી પડે. પરીક્ષકો સાત હતા. એમણે ૭૨ કવિઓનાં ૮૩ કાવ્યો પસંદ કર્યાં ને પહેલું બીજું અને ત્રીજું ઈનામ કયા કાવ્યને મળે તે જણાવ્યું. આવા ૧૮ સંગ્રહો પ્રસિદ્ધ થયા છે. એમાં ૭૦૦ કરતાં વધારે કવિઓની ૧૨૦૦ કૃતિઓ મૂકી છે. આ કામ 'બોરસ્ટોન માઉન્ટન પોએટ્રી ઍવૉર્ડ્ઝ' તરફથી ચાલે છે. આવી પ્રવૃત્તિથી કવિઓ પ્રકાશમાં આવે, લોકોમાં કવિતા પ્રત્યે અભિરુચિ વધે, સારાં કાવ્યો જળવાય અને કવિતાપ્રવાહનો અભ્યાસ સહેલો બને.

આપણે ત્યાં જે સંગ્રહો થાય છે એમાં હજી વધારે પદ્ધતિ જળવાય, કોઇ સંસ્થા આવું કામ ઉપાડે અને છેલ્લી પસંદગી પામેલાં કાવ્યો ઉપર એના કવિ ટૂંકી આલોચના લખે તો સારું. આધુનિક કવિતાને લોકો સુધી પહોંચાડવા વિશેષ પ્રયત્ન કરવો જોઇશે.

(મુંબઈ) —નાનુભાઈ દવે

[* પંદરેક વર્ષ પર આપણે ત્યાં સુરેશ દલાલે થોડાં વરસ આવું કાંઇક કરેલું. અમદાવાદની બુધવાર-કવિતા-સભા, એક અનુદાનની અપેક્ષાએ, આ વર્ષે એવું કરવા વિચારે છે]

માર્ચ અંકમાં 'નિશીથ'ના વાર્તા વિષેના દૃષ્ટિકોણ [હજી વધુ Substance-oriented થવાની આવશ્યક્તા છે અને 'કુમાર'માં આવતી વાર્તાઓ કંઈ આપી જાય—કોઈ અનન્ય ભાવના, વિચાર કે કથાવસ્તુ એવું નથી હોતું એવા મંતવ્ય] સાથે હું સહમત નથી.

'કુમાર'ની વાર્તાઓ ઘણી વખત મેં વાંચેલી છે અને અન્ય કોઈ પણ વાર્તામાસિકો કે બીજાં સાહિત્યિક માસિકોમાં આવતી વાર્તાઓ કરતાં તેનું ધોરણ ઘણું ઊંચું, વાર્તાકલાના સમગ્ર અંગોને આવરી લેતું અને કાંઈક આગવી જ ભાત પાડતી વાર્તાઓની પસંદગીવાળું રહ્યું છે. ફક્ત ઉપદેશાત્મક વલણ તરફ તે નથી તેમાં જ તેની વિશિષ્ટતા છે. તેમ છતાં 'કુમાર'માંની એક વાર્તા 'ગરમ કોટ' થોડાં વર્ષો પહેલાં આવેલી, જેમાં એક બસમાં મુસાફરના મનમાં પરાયા કોટને તેના માલિકની અનુપસ્થિતિમાં લઈ લેવાની મનોવૃત્તિ જાગતાં તે અંગે થતું માનસિક ઘમસાણ અને અંતે તે ન લેવાને પરિણામે કઈ રીતે એક અપરાધમાંથી બચી ગયો તેનું વિશ્લેષણ આલેખેલાં એ વાર્તા મને જીવનમાં એક પ્રસંગે કેવી રીતે મદદરૂપ થએલ તે નીચે આપું છું.

એક વાર બસમાં મુસાફરી કરતી વેળા ભીડમાં કન્ડક્ટર મને ટિકિટ આપવા મારા સુધી આવી શકેલો નહિ. મારે છેક છેલ્લા સ્ટેશન પર ઊતરવાનું હતું. મેં ટિકિટના પૈસા હાથમાં રાખ્યા હતા, પણ તે ન જ આવ્યો અને મારે ઊતરવાનું સ્થાન નજીક આવતાં

મેં પાછળ જોયું તો તે તેનો હિસાબ કરી ટિકિટના નંબરો મેળવી રહ્યો હતો. મને થયું કે તે ભૂલી ગયો હોઈ ૨૫ પૈસા બચશે પરંતુ 'ગરમકોટ'ની અસરે મને તેમ કરતાં રોક્યો. ઊતરવાનું સ્થળ નજીક આવતું હતું. બસે ઉલ્ટો વળાંક લીધો અને મારા મને પણ વળાંક લીધે —અને મેં તુરત ટિકિટ માગી. કન્ડક્ટરે હસતાં હસતાં ટિકિટ આપી.

બસ ઊભી રહી. નીચે ઊતરતાં જ ત્યાં ટિકિટ ચેકર ઊભેલા અને મેં ટિકિટ બતાવી ત્યારે મને થયું કે જો ૨૫ બચાવ્યા હોત તો વગર ટિકિટે મુસાફરી કરવાનો રૂ. દસ દંડ થાત અને બીજા મુસાફરો વચ્ચે આબરૂ જાત.

ટૂંકી વાર્તાનું આટલું direct કે indirect તત્ત્વ જીવનમાં કે જીવનના પ્રસંગો પર પ્રભુત્વ ઊપજાવી શકતું હોય ત્યારે પસંદગીનું ધોરણ કે દૃષ્ટિકોણ બદલવાની જરૂરત નથી. 'Application to life' મારી દૃષ્ટિએ જરાય ઓછું નથી. કુમાર'માં અગાઉ આવેલી 'ખોવાએલી વીંટી', 'લખણ ન મૂકે લાખા', 'રમી માસ્તર' વગેરે વાર્તાઓ હજુ પણ મને યાદ છે.

(વડોદરા) —સુરેશ પરીખ

હમણાં જૂનાં 'કુમારો' વાંચું છું તે જોઈ વિચાર આવ્યો કે કુમાર રસથાળ' નામે કેટલાંક પુસ્તકો બહાર પાડી શકો! 'છેલ્લું પાનું' વિવિધતાનો અર્ક હોય છે. મુક્તક, પ્રેરણાત્મક પ્રસંગ, કહેવતોના અર્થ. ગણિતગમ્મત, કલા કણિકા, રમૂજી તથા ઉપયોગી ટુચકા—'કુમાર'ના ૧થી ૫૦૦ અંક સુધીનાં આ બધાં છપાય તો એક બહુ જ રસિક જ્ઞાનપ્રદ અને મૂલ્યવાન માહિતીસભર ગ્રંથ બની જાય. એની કિંમત અંદાજી અગાઉથી શુલ્ક મેળવી શકાય. આ પુસ્તકો સૌકોઈ વસાવે-પ્રેમથી વસાવશે.

આમ જ જીવનચરિત્રો, નવલિકાઓ, લઘુકથાઓ, કલાકલાપ, નિબંધિકાઓ, કાવ્યમંજરી ઈ યાદિ છાપી શકાય. એક પ્રયોગ છેલ્લા પાના માટે જ કરી જુઓ. ઉત્સાહપ્રેરક જવાબ મળે તો અન્ય વિભાગ માટે કરશો.

'કુમાર રત્નમાળા'ના આ વૈવિધ્યદાયી ગ્રંથો એક પ્રકારના સંદર્ભગ્રંથો બની રહેશે સાંપ્રત કાળના પ્રતિબિંબને ઉરમાં ઝીલતું પ્રાણવાન 'કુમાર' આવા કૈક દીપ પ્રગટાવી શકશે.

(દ્વારકા) —પુષ્કરભાઈ ગોકાણી

માર્ચ અંકમાં પૅરિસની જોડણી વિષે નોંધ વાંચી. આવી રીતે ઘણા શબ્દોના મૂળ ભાષાના અને ઇંગ્લિશના ઉચ્ચારમાં ફેર હોય છે. નીચે થોડાં શહેરોની એવી યાદી આપી છે. ભારતમાં અંગ્રેજી ભાષા પ્રચલિત હોઈ જરૂર જણાય ત્યાં ઇંગ્લિશમાં જ લખવું જોઈએ.

ઇંગ્લિશ ઉચ્ચાર	મૂળ ભાષા	મૂળ ઉચ્ચાર
બરોડા	ગુજરાતી	વડોદરા
કલકત્તા	બંગાળી	કલિકાતા
ઍથેન્સ	ગ્રીક	ઍથેનઈ
બીરુત	ફ્રેન્ચ	બેરુત
બેલગ્રેડ	સર્બો ક્રોટ	બેઓગ્રાડ
કૅન્ટોન	ચાઈનીઝ	કવાંગચો
કોલોન	જર્મન	કુલ્ન
જીનીવા	ઈટાલિયન	જેનોવા
હવાના	સ્પૅનિશ	આવાના
મૉસ્કો	રશિયન	મસ્કવા
નેપલ્સ	ઈટાલિયન	નૅપોલી
લિસ્બન	પોર્ટુગીઝ	લીઝ્બોઆ
પ્રાગ	ચેકોસ્લૉવૅક	પ્રાહા
રોમ	ઇટાલિયન	રોમા
બુકારેસ્ટ	રૂમાનિયન	બુકુરેસ્ટ
વેનિસ	ઈટાલીઅન	વેનેઝીઆ
વીએના	જર્મન	વીન
વૉર્સો	પોલિશ	વોર્ઝોવા

(માટુંગા-મુંબાઈ) —રમેશ મહેતા

થોડા મહિના પહેલાં, કાવ્ય વિભાગમાં, દરેક કાવ્યને સમજાવતું બેચાર લીટીનું લખાણ મુકાતું હતું. આથી કાવ્યનો રસ સમજવામાં વાચકોને મદદ થતી, એટલું જ નહિ પણ વિદ્યાર્થી અવસ્થાના વાચકોને દુર્બોધ કાવ્ય પ્રત્યે પણ રુચિ ઉત્પન્ન થઈ હશે.

શાળાના અભ્યાસક્રમમાં આજે કવિતા તરફ અભિરુચિ કેળવાય એવું તત્ત્વ બહુ ઓછું રહ્યું છે ત્યારે 'કુમાર' એ દિશામાં ચાર લીટી જેટલા લખાણથી સ્તુત્ય સેવા કરી શકશે.

(માટુંગા-મુંબાઈ) —કાલિદાસ હીં. મહેતા

અંક ૫૪૦માંના મારા 'વડલા નીચે' ફોટોગ્રાફની બાબત ભાઈ રમેશ શાહનું અનુમાન બરોબર છે અને એ રીતે પૉઝિટિવમાં સ્કૅચ કરીને ટૅકનિક કરવાથી સરળતા થાય. પણ મેં તો એવું કંઈ જ કર્યા સિવાય ડાયરેક્ટ એન્લાર્જમેન્ટ કર્યો છે. પાત્ર પર સૂર્યપ્રકાશ એવી રીતે આવેલો કે સ્કૅચની જરૂર રહેલી નહિ.

(અમદાવાદ) —શ્રીદામ ભટ્ટ

એપ્રિલ અંકમાં પ્રસિદ્ધ થએલા મારા લેખમાં પૃ. ૧૪૯ ઉપર ડાબી બાજુના છેલ્લા પૅરૅગ્રાફમાં 'યુનેસ્કો દ્વારા પણ આ માટે એક ખાસ શાખા ચલાવવામાં આવે છે.' એમ જોઇએ. 'શાળા' છપાયું છે તે ભૂલ છે.

(વડોદરા) —રતિલાલ પરીખ

રાષ્ટ્રીય ખિતાબ-નવાજેશની સંપૂર્ણ નામાવલિ

સાંસ્કૃતિક અને સામાજિક સેવાક્ષેત્રે, વ્યાપારઉદ્યોગ તથા સરકારી કામગીરીમાં ગણનાપાત્ર કારકિર્દી દાખવનારાઓને (જેમાંના થોડાનો સચિત્ર પરિચય ગયા અંકમાં આવી ગયો) ગયા ગણતંત્રદિને જે પદક જાહેર થયાં તેની સંપૂર્ણ નામાવલિ.

પદ્મવિભૂષણ : સર્વશ્રી (૧) દત્તાત્રેય શ્રીધર જોષી, કેન્દ્ર સરકારના માજી કૅબિનેટ સેક્રેટરી; (૨) ડૉ. હરગોવિન્દ ખેરાણા, વિસ્કૉન્સિન યુનિવર્સિટી (યુ. એસ. એ.)ના ઈન્સ્ટીટ્યૂટ ઑવ એન્ઝાઈમ રીસર્ચમાં જીવવિજ્ઞાનના પ્રોફેસર; (૩) રાજેશ્વર દયાલ, ભારત સરકારના માજી વિદેશમંત્રી; (૪) જ્ઞાનાનંદ પાંડે, રેલવે બોર્ડના માજી ચેરમૅન અને 'હિંદુસ્તાન સ્ટીલ'ના ચેરમૅન તથા રૂડકી વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ; (૫) ડૉ. મોહનસિંહ મહેતા, ઉદેપુરના કેળવણીકાર.

પદ્મભૂષણ : સર્વશ્રી (૧) ડૉ. આદિનાથ લાહિડી, ધનબાદ (બિહાર) ખાતેની સૅંટ્રલ ફ્યુઅલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સંચાલક; (૨) ડૉ. ગોવિંદબિહારી લાલ, સાનફ્રાંસિસ્કો (યુ. એસ. એ.)માં વસતા પત્રકાર; (૩) પ્રા. હારૂનખાન શીરવાણી, હૈદરાબાદ, કેળવણીકાર; (૪) શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ, અમદાવાદ, ઉદ્યોગપતિ; (૫) કસ્તુરીસ્વામી શ્રીનિવાસ કોઈમ્બતુર, ટેક્સ્ટાઈલ ટેક્નોલૉજિસ્ટ; (૬) કેસરબાઈ કેરકર, પૂના–સંગીતકાર; (૭) કેશવપ્રસાદ ગોએન્કા, કલકત્તા, ઉદ્યોગપતિ; (૮) કેશવરાવ કૃષ્ણરાવ દાતે, મુંબાઈના તબીબ; (૯) કૃષ્ણચંદર, મુંબાઈ, લેખક; (૧૦) કૃષ્ણ રામચંદ્ર કૃપલાણી, સાહિત્ય અકાદમી (નવી દિલ્હી)ના મંત્રી; (૧૧) કુ. લતા દીનાનાથ મંગેશકર, મુંબઈ, વિખ્યાત ગાયિકા; (૧૨) પ્રા. મોહનલાલ લલ્લુભાઈ દાંતવાળા, મુંબઈ, અર્થશાસ્ત્રી; (૧૩) ડા. નારાયણ ભીખાજી પરુળેકર; પૂનાના દૈનિક 'સકાલ'ના મુખ્ય તંત્રી; (૧૪) નવલ હોરમસજી તાતા, મુંબાઈ, ઉદ્યોગપતિ; (૧૫) ડૉ. નિહારંજન રાય, સિમલા, ઈન્ડીયન ઈસ્ટીટ્યૂટ ઑવ એડવાન્સ્ડ સ્ટડીઝના સંચાલક; (૧૬) ડૉ. પ્રફુલ્લકુમાર સેન, મુંબાઇ, સર્જન; (૧૭) પૃથ્વીરાજ કપુર, મુંબાઈ, અભિનેતા; (૧૮) રહીમુદ્દીનખાન ડાગર, નવી દિલ્હી, સંગીતકાર; (૧૯) રાજા રાવ, ટેક્સાસ (યુ. એસ. એ.)માં વસતા લેખક; (૨૦) રમણ માધવન્ નાયર, હરિયાણા, 'ધ ટ્રિબ્યૂન'ના તંત્રી; (૨૧) સામદ્યારખાન 'સાગર નિઝામી', નવી દિલ્હી, ઉર્દૂ કવિ; (૨૨) સેમ્મનગુડી શ્રીનિવાસ અય્યર, મદ્રાસ, સંગીતકાર; (૨૩) સુબ્રમણ્યમ શ્રીનિવાસન વાસન, મદ્રાસ, ફિલ્મ-નિર્માતા; (૨૪) ડૉ. તારાશંકર વંદ્યોપાધ્યાય, બંગાળી નવલકથાકાર; (૨૫) ડૉ. વલ્લભદાસ વિઠ્ઠલદાસ શાહ, મુંબાઈ, તબીબ; (૨૬) ડૉ. વટક્કે કુરુપતિ નારાયણ મેનન, મુંબાઈ, સંગીતશાસ્ત્રી; (૨૭) વિઠ્ઠલભાઈ ઝવેરી, મુંબાઈ, ફિલ્મ નિર્માતા; (૨૮) વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે ઉર્ફે મામા સાહેબ ફડકે, અમદાવાદ સામાજિક કાર્યકર; (૨૯) યશવંત દિનકર પેંઢારકર, પૂના, કવિ.

પદ્મશ્રી : સર્વશ્રી (૧) ડૉ. અમ્રીકસિંહ ચીમા, ભારત સરકારના ખેતીવાડી ખાતાના કમિશનર; (૨) અમૃતા પ્રીતમ, નવી દિલ્હી, કવયિત્રિ; (૩) ડૉ. કવિરાજ આશુતોષ મજુમદાર, નવી દિલ્હી, આયુર્વેદિક તબીબ; (૪) બલરાજ સાહની, મુંબાઈ, અભિનેતા; (૫) ડૉ. બાલકૃષ્ણ આનંદ, ઑલ ઇન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઑવ મેડિકલ સાયન્સ (નવી દિલ્હી)ના વાઈસ ડીન અને શરીરશાસ્ત્રના પ્રાધ્યાપક; (૬) કર્નલ બિશનલાલ રૈના, કેન્દ્રીય પરિવારનિયોજન સંસ્થા (નવી દિલ્હી)ના નિયામક; (૭) બ્રહ્મનાથ દત્ત, (કાસીર), અમૃતસર, ઉર્દૂ કવિ અને લેખક; (૮) શ્રીમતી બાયરપ્પા સરોજાદેવી, મદ્રાસ, અભિનેત્રી; (૯) ચંદ્રકાંત ગુલાબરાવ બોરડે, પૂના, ક્રિકેટર; (૧૦) ડેવિડ અબ્રાહમ, મુંબાઈ, અભિનેતા; (૧૧) ધ્યાનપાલ સિંહ, પંતનગર (ઉ. પ્ર.), ખેતીવાડી વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ; (૧૨) ગજાનન દિગંબર માડગુળકર, પૂના, કવિ અને નાટ્યલેખક; (૧૩) ગોપાલદાસ નિયોગી ચૌધરી, મુર્શિદાબાદ (પશ્ચિમ બંગાળ) સામાજિક કાર્યકર; (૧૪) હરકિશનદાસ ભગવાનદાસ કાપડિયા, મુંબાઈ, સામાજિક કાર્યકર; (૧૫) હોલેનરસિપુરમ્ ગોવિંદરાવ શ્રીનિવાસ મૂર્તિ, થુમ્બા ઈક્વેટોરિયલ રૉકેટ ઉડ્ડયન મથક (ત્રિવેન્દ્રમ–કેરળ)ના નિયામક; (૧૬) શ્રીમતી ઇંદ્રાણી રહેમાન, નવી દિલ્હી, નૃત્યકાર; (૧૭) કલ્યાણ સિંહ ગુપ્તા, નવી દિલ્હી, સામાજિક કાર્યકર; (૧૮) કંમાલિ શેખ અબ્દુલકાદિર ગુલામોહીદ્દીન રોથેર હજ શરીફ, મદ્રાસ, ઉદ્યોગપતિ; (૧૯) ખ્વાજા અહમદ અબ્બાસ, મુંબાઈ ફિલ્મ-નિર્માતા; (૨૦) ડૉ. કૃષ્ણગોપાલ સક્સેના, નવી દિલ્હી, હોમિયોપાથ; (૨૧) કુમાર નંદનપ્રસાદ, ભારત સરકારના ગૃહખાતાના પ્રધાન; (૨૨) શ્રીમતી લીલા ઈન્દ્રસેન, પોંડિચેરી, સામાજિક કાર્યકર; (૨૩) મહેન્દ્રનાથ કપુર, નવી દિલ્હીની મૉડર્ન સ્કૂલના આચાર્ય; (૨૪) મંગ્રુ ગુનુ ઉકેડ, નૈનપુર (મધ્ય પ્રદેશ)ના સામાજિક કાર્યકર; (૨૫) ડૉ. નંદકિશોર વર્મા, ગંગટોક (સિક્કિમ)ના સર્જન; (૨૬) પ્રા. નારાયણ શ્રીધર બેંદ્રે, વડોદરા (ગુજરાત)ના ચિત્રકાર; (૨૭) ડૉ. નૌતમ ભગવાનલાલ ભટ્ટ, સોલિડ સ્ટેટ ફિઝિક્સ લૅબોરેટરી (દિલ્હી)ના નિયામક; (૨૮) નેલ્લુરમલ્લી બાલકૃષ્ણ રેડ્ડી, વાકાડા (નેલોર–આંધ્રપ્રદેશ)ના સામાજિક કાર્યકર; (૨૯) ડૉ. પાંડુરંગ રાજારામ ઘોગ્રે, ધૂળિયા (મહારાષ્ટ્ર)ના સામાજિક કાર્યકર; (૩૦) પાંડુરંગ વાસુદેવ ગાડગીળ, મુંબાઈ, લેખક; (૩૧) શ્રીમતી રુક્મ રામસ્વામી, મદ્રાસ, સામાજિક કાર્યકર; (૩૨) ડૉ. રામકુમાર કાંરોલી, વિલિંગ્ટન હૉસ્પિટલ (નવી દિલ્હી)ના તબીબ; (૩૩) રામલાલ રાજગઢિયા, કલકત્તાના ઉદ્યોગપતિ; (૩૪) ડૉ. રામકૃષ્ણ અનંતકૃષ્ણ, ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટ્રૉપિકલ મટરીયોલૉજી, (પૂના)ના નિયામક; (૩૫) ડૉ. રેવનાસિદ્ધાપ્પાગોડા બાસાપ્પાગોડા પાટીલ, હુબળી (મ્હૈસૂર)ના સર્જન; (૩૬) શ્રીમતી રોશન ફ્રકસ, ગોહતી (આસામ)નાં સામાજિક કાર્યકર; (૩૭) સચિનદેવ બર્મન, મુંબાઈ–સંગીત નિર્દેશક; (૩૮) સદાશિવરથ શર્મા, પુરી (ઓરિસ્સા)ના રીસર્ચ સ્કૉલર; (૩૯) શ્રીમતી સાવિત્રી સાહની, લખનૌ (ઉ. પ્ર.)ના કેળવણીકાર; (૪૦) શ્યામલાલ ગુપ્તા, (નવી દિલ્હી) ફ્રિલેન્સ ફ્રેસ્ટ; (૪૧) સીંગારાચાર નરસિંહ સ્વામી, મ્હૈસૂરના કલાકાર; (૪૨) શ્રીચંદ છાબડા, નવી દિલ્હી–મહાનગરપાલિકા કમિટિના પ્રમુખ; (૪૩) શ્રીનિવાસ નટરાજન, મદ્રાસ–કેળવણીકાર; (૪૪) સુબોધચંદ્ર મોકોકચુંગ (નાગાલૅંડ) ડેપ્યુટી કમિશનર; (૪૫) સુધીર કૃષ્ણ મુખરજી, ભારત સરકારના બોર્ડર રોડ્ઝ ડેવલપમેન્ટ બોર્ડના મંત્રી; (૪૬) સુખદેવ, મુંબાઇ–દસ્તાવેજી ફિલ્મ નિર્માતા; (૪૭) સુરેન્દ્રનાથ ઘોષ, લખનૌ 'ધી પાયોનિયર'ના તંત્રી; (૪૮) ડૉ. તારાપાદ બસુ, લંડનમાં વસતા પત્રકાર; (૪૯) થાઇગરાજન સુંદરેશન, મદ્રાસ–ટેકનિકલ શિક્ષણખાતાના નિયામક; (૫૦) પ્રા. તિરુકન્નપુરમ્ વરદચારી રામાનુજમ્, મુંબાઈ–સામાજિક કાર્યકર; (૫૧) ઉપેન્દ્ર મહારથી, ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન–પટણાના નિયામક; (૫૨) વૈરમુથુ પિલ્લાઇ સુબ્બીઆહ પિલ્લાઈ, મદ્રાસ–તમિળ સાહિત્યકાર; (૫૩) વુલીમેરિ રામલિંગ સ્વામી, ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ મેડિકલ સાયન્સ, નવી દિલ્હીના પૅથોલૉજીના પ્રાધ્યાપક; (૫૪) યોગેશ્વર દયાળ, દિલ્હીના સામાજિક કાર્યકર.

કરોડરજ્જુ

જેમ મગજ એમ કરોડરજ્જુ એ શરીરના જ્ઞાનતંત્રનું એક મુખ્ય અંગ છે. બાજુમાં દર્શાવ્યા પ્રમાણે મગજ જેમ ખોપરી તળે એમ કરોડરજ્જુ કરોડના મણકાઓની અંદર માળાની દોરી પેઠે પરોવાઈને રક્ષણ પામે છે. મગજની નીચેથી આરંભાઈને પુખ્ત વયે કમરના મણકા સુધી એ ૧૮ ઈંચની લંબાઈએ પહોંચે છે. એનો રંગ બહારથી બરફ જેવો સફેદ દેખાય છે. ડાબી બાજુની આકૃતિઓમાં શરીરમાં એનું સ્થાન અને એને છૂટી પાડતાં એનો દેખાવ દર્શાવ્યો છે. છેડે જતાં કરોડરજ્જુ પાતળી થતી જઈ અંતે ત્યાં જ્ઞાનતંતુઓના ઝુમખા જેવી એ દેખાય છે. જેને 'કૉડા ઈક્વીના' કહે છે. પૂંછડીવાળાં પ્રાણીઓની કરોડરજ્જુ કરોડ જેટલી જ લાંબી હોય છે.






ડાબી બાજુ: શરીરમાં મગજની નીચે કરોડના મણકાની અંદર કરોડરજ્જુનું સ્થાન તથા (જમણી બાજુ) બંને બાજુના મુખ્ય જ્ઞાનતંતુઓનાં મૂળ સાથે કરોડરજ્જુ.

એકબીજામાં પકડાએલા કરોડના મણકાની વચ્ચેના ગાળાઓમાં થઈને કરોડરજ્જુમાંથી બંને પડખે (બાજુમાં દર્શાવ્યા મુજબ) ૩૧-૩૧ જ્ઞાનતંતુઓ બહાર નીકળે છે ને શરીરના જુદાજુદા ભાગોમાં ફરી વળે છે. આ મુખ્ય તંતુઓ પણ આગળ જતાં શાખા-પ્રશાખાઓમાં ફંટાઈ જાય છે અને શરીરની સ્વયંગતિક ક્રિયાઓનું નિયમન કરે છે.



લગભગ અર્ધા ઈંચના લંબગોળ જેટલી જાડી કરોડરજ્જુનો આડછેદ જોઈએ તો એની આ ઘણી મોટી કરી બતાવેલી આકૃતિ જેવી એ દેખાય. એમાં વચ્ચે અંગ્રેજી H અક્ષર જેવો ગરભ ભૂખરા રંગનો લાગે છે. જ્ઞાનતંતુ કોષોનો એ સમૂહ છે. જ્યારે એની આસપાસનો બાકીનો સફેદ દેખાતો ભાગ તંતુઓનો બનેલો છે. કરોડરજ્જુની મધ્યમાં એક સૂક્ષ્મ છિદ્ર હોય છે. કરોડના મણકાના રક્ષણ ઉપરાંત પણ કરોડરજ્જુની આસપાસ ત્રણ આવરણો છે જેમાં અંદરના બેની વચ્ચેનું 'સેરીબ્રો-સ્પાઈનલ ફ્લ્યુડ' નામનું પ્રવાહી ધક્કા કે પછડાટ સામે એનું રક્ષણ કરે છે. કરોડરજ્જુના ભૂખરા (ગ્રૅ મૅટર)માં જીવાણુઓ લાગતાં બાળલકવા થાય છે.



શગ રે સંકોરું / રમેશ પારેખ

· ગાન ·

શગ રે સંકોરું મારા નામની
તૂટે છાંયડાની ગોચોગોચ સાંકડ્યું,
નર્યું અજવાળું અજવાળું વાય:
શગ રે સંકોરું૦

સગપણને કાંઠે હોડી નાંગરી,
સામે ઝાંખું રે ઝળુંબે મારું ગામ;
કેડીઓ કંડારું મારા ગામની:
શગ રે સંકોરું૦

શબ્દો ખંખેરી દીધા ખેસથી
કાંઈ લૂછી નાખ્યાં રે લીલાં વેણ;
ઝાંખની સોંસરી પાંપણ સંચરે,
એન અળગાં કાયાથી ઊડે નેણ,
આંધળી દશ્યુંને મેલી આમની
શગ રે સંકોરું૦

ઝરડે પડછાયા મારા ઝૂલતા,
હવે ઠેસમાં ન આવે મારો થાક;
હળવી તે ફૂંક જેમ ઊડતો
પગને જમણે અંગૂઠે ફૂટે પાંખ;
આધી રે ઠેલાય માયા રામની;
શગ રે સંકોરું૦

પોપટ બેઠો / ધીરુ પરીખ

· ગાન ·

અધખૂલી કૈં આજ સવારે
પોપટ નાનો આવી બેઠો
જીરણ ઘર-મોભારે.

આછો એવો એક ટહુકો કીધો,
વનનો આખો ઉઘાડ વેરી દીધો!

બટકેલું યે નેવે નેવું
પાંદ બનીને ફરક્યું;
વળીઓની ડાળેથી શીળું
કિરણ છાનકું સરક્યું,
ભાતભાતનાં ફૂલ પાંગર્યાં
ઈંટ ઈંટ પર,
સાવ શૂન્યનું ફળ ઝૂલતું તે
પોપટના ટહુકાએ ટોચ્યું,
ચાંદરણાંનાં પતંગિયાં શાં
ફૂલફૂલ પર ઊડ્યાં!

પલભરમાં તો
વનનો ઘેઘૂર ફાલ ઝૂમતો હેઠો,
પોપટ નાનો ઘર-મોભારે બેઠો!

ટીમણુ ટાણે / માધવ રામાનુજ

· કટાવ ·

અમથું અમથું
કોયલ કેરું મૌન ઊઘડે.

કાન માંડતું નથી કોઈ ને તો ય
કોસને કંઠે ઝરતું
ખળ ખળ ખળ સંગીત.
—નીકમાં વ્હેતું આવે ગીત.

ચાસમાં તરવરતી
માટીની તાજી ગંધ વડે
ભીંજાય નહિ મેંદીની
ભીની ભાત, તો ય
ત્રોફેલ હોઠને
ત્રાજવડેથી ફરકે એવો
લહલહતા ફૂંડે
ખેતરનો હરખ ફૂટતો દેખું.

વાડે વળગેલા વેલાની
સૂકી સીંગોના ખખડાટ સમા
પગરવના પડઘે
સીમ સળવળે નહિ, તો ય
ઝાકળિયું ઝૂકી નજર માંડતું રહે.

હું ય તે ટીમણ ટાણે
મહુડાનો છાંયો ઓઢી
સંતાઈ જાઉં...
કાંબી-કલ્લાં ને ઝાંઝરનો રણકાર
નેળિયે નથી ઊડતો.
છીંડાના કાંટા
પાલવડે નથી અડપલું કરતાં.

દીકરી-નવોઢા · ઉપજાતિ ·

પોપટલાલ બારોટ

રડી પડી કો દીકરી નવોઢા
જહીં પહોંચી બસ એસ.ટી. સ્ટૅન્ડે.
કંપી રહી પાય મઢેલ મેંદી
રંગી રહે જે પથ સાસરીના;
સરી રહ્યા ઘેઘૂર ઘૂંઘટાથી
ડસે નિસાસા ઉર માવડીને.

પીઠે પસારી કર સ્નેહભીનો,
ચૂમી હથેળી લઈને હલેતી
દીધી ભળાવી બસને તરુણી.
ઘુર્ઘર ઘૂમાય, પૂંઠે રહી મા,
વાટે ચડી સાસરને સલૂણી.

ન્યાળું જહીં ઘૂંઘટ પારદર્શી:
ના આંસુધારા, મુખડું ન ફિક્કું.
અધીરતાથી બસઝ્હાર જોતી,
ગણી રહી થોભતી સ્ટૅાપ જે જે
રચી રહી દેવરમાં પ્રતિકૃતિ.

રૂપની યાત્રી / ઉશનસ્

· શિખરિણી ·

ગયું કોઈ મારે ઘર થઈ, મને સાદ દઈને,
કમાડો ઠોકીને, સપનશ્રવણે 'ઠૂક' કરીને;
મને જાણે એણે કશુંક કહ્યું છે ભેદભરમે:
'હું આવ્યો છું તારે તીરથ'. ભણકારા નવ શમે;
મને પૂછ્યું જાણે: 'પ્રિય તું નીકળી આવ ત્વરિત,
તું આવે કે મેળે?' ઝબકી ઊઠી છું એ ક્ષણથી જ.

'વસંતી પ્રત્યૂષે પવન નીકળ્યો છે વનવને,
પહાડોની ટોચો પરથી સહુને કો સગપણે
નિમંત્રંતો મેળે, વનની કળીઓને, કૂંપળને
ઉઘાડંતો, થીજ્યાં ગહનખીણ સૂતેલ જળને
જગાડંતો ર્હાડી પવન નીકળ્યો છે' કહ્યું મને.
અને મેં ર્હેરેલે વસન ત્યજ્યું ત્યારે જ ઘરને.

હવે તો મ્હેરાને
તમારા ઢૂંઢતી સકલ મુખમેળે ભટકતી
છું યાત્રી રૂપોની પ્રતિ તીરથ થોડું અટકતી.

હાઇકુ / સ્નેહરશ્મિ

તતડે ચૂલો
રહી રહીને: શાન્ત
પોષની રાત.

કાદવભીની
ગાય રોપતાં નારી—
ગીત નિર્મળ.

જેટ લિસોટો
કરી ગયું, ને હવે
નિખાર શૂન્ય.

જીવનયાત્રા

પ્રથમ 'વ્યક્તિઘડતર' આવ્યું. વ્યક્તિ સૃષ્ટિના – ને સમાજના – કેન્દ્રમાં છે એટલે એની વાત પહેલી આવી: એની તાલીમ, તૈયારી, ઘડતર. પછી એ વ્યક્તિને કંઈક 'જીવનદર્શન' આવ્યું. જીવનનો નકશો, દિશાનું ભાન, યાત્રાનું લક્ષ્ય. ને હવે એ યાત્રાએ ઊપડવાનું આમંત્રણ છે. ક્યાંક ઊંડે, ક્યાંક ઊંચે, ક્યાંક નજીક, ક્યાંક દૂર—પણ યાત્રા છે, ધર્મયાત્રા છે, 'જીવનયાત્રા' છે. એ આ ત્રીજી શ્રેણી છે.

ફાધર વાલેસ

૧ શોધ

એક વાર એક યુવાનનો પત્ર આવ્યો હતો. તેના હૃદયના દુઃખનું એમાં વર્ણન હતું: 'હું નિર્ભાગી, માતાનો પ્રેમ બે વર્ષનો હતો ત્યારની ગુમાવી બેઠો છું. મારે બા નથી. પ્રેરણા ને પ્રોત્સાહન આપવાવાળું મને અત્યાર સુધી કોઈ મળ્યું નથી. હું મારી બાનું મુખ યાદ કરવા પ્રયત્ન કરું છું, પરંતુ તે ક્યારે ય સ્વપ્નમાં પણ આવતી નથી. તેનો એકે ફોટો પણ અમારા ઘરમાં નથી. ક્યારેક તો હું કલાકો સુધી રડ્યા જ કરું છું.'

હું એનું દુઃખ સમજી શક્યો. બા નથી, એનું ચિત્ર પણ નથી, એના મુખનું સ્મરણ પણ નથી. એના જેવી કારમી એકલતા જીવનમાં બીજી ન હોય. હું એ મા વિહોણા યુવાનને કાંઈક આશ્વાસન લખવા બેઠો, કંઈ નહિ તો એને માટે મારા દિલમાં ઉદ્‌ભવેલી લાગણીની ખાતરી આપવા બેઠો ત્યારે મને એકદમ થયું કે એનું દુઃખ મારું પણ હતું, માનવીમાત્રનું પણ હતું. માનવી પણ પોતાનો આધારસ્તંભ ને પ્રેરણાસ્રોત ગુમાવી બેઠો છે. આધુનિક માનવી ભગવાનની હૂંફ ક્યારનો ખોઈ બેઠો છે. લાંબો વિયોગ છે. મુખની યાદ પણ નથી પણ હવે એ વિયોગ એને ખૂંચે છે, એ એકલતા એને સાલે છે, અને તે એ શ્રીમુખની યાદ કરવા બેસે છે–અને રડે છે.

વિયોગનું દુઃખ અનાથનું રુદન.

અને રુદન ને દુઃખ વિશેષ તો એટલા માટે કે તે ઊંડે ઊંડે જાણે છે કે તેનો એ આધારસ્તંભ, એ ભગવાન, એ પ્રેમાળ પિતા ક્યાંક છે, તેની રાહ જુએ છે,—પણ હવે એની પાસે એ કેવી રીતે જઈ શકશે? શો રસ્તો લેવો?

નામ–ઠેકાણું નહિ. મુખની યાદ નહિ. પછી ભગવાનને શોધવો ક્યાં? તે મળે તો ઓળખવો કેવી રીતે? ને મળવાનો, ઓળખવાનો વિશ્વાસ ન હોય તો એની શોધ શું દિલ લઈને થશે?

બીજા વિશ્વયુદ્ધમાં આ પ્રસંગ બનેલો: યુદ્ધની શરૂઆતમાં પાંચ વરસનો એક છોકરો પોતાની માતાથી વિખૂટો પડ્યો હતો. યુદ્ધના વમળમાં સપડાઈને મા-દીકરો એકબીજાથી દૂર ને દૂર જતાં રહ્યાં. નથી પત્ર કે નથી સમાચાર. યુદ્ધ પૂરું થયા પછી પણ સંજોગવશાત એમનો ભેટો ન જ થઈ શક્યો. છેવટે દસ દસ વરસ પછી એ મોટો થઈ ગએલો છોકરો પોતાની માની શોધમાં ઊપડ્યો. પત્તો તો એની પાસે કશો નહિ. લોકો એની દયા ખાઈને કહે: 'રે બાપડા, તારી બા હવે એ જી મળવાની છે? યુદ્ધમાં જીવનની કિંમત શી હોય? ગયાં હશે એ, હજારો ગયાં તેમ. અને એ મળશે તો ય તું એને કેમ ઓળખી શકીશ? છેલ્લે જોયાં તો પાંચ વર્ષની ઉંમરે ને?' છોકરો કહે: 'સાચું હશે. પણ મારું દિલ કહે છે, મારી મા હજુ જીવે છે. મને જરૂર મળશે, અને મળશે કે તરત હું એને ઓળખી કાઢીશ. શું હું મારી માને ન ઓળખું?' બીજી તરફ એની મા એને એટલી આતુરતાથી શોધે જતી. ગામેગામમાં જાય, સ્કૂલોના વિદ્યાર્થીઓને એકએક કરીને જુએ, રસ્તામાં દરેક છોકરાનું મોં તપાસે. આખરે મા દીકરો સામસામાં મળ્યાં અને મળ્યા કે તરત એકબીજાને ભેટી પડ્યાં. કોણે કોને પહેલું ઓળખ્યું એ કહી ન શકાયું. દસ વર્ષનું અંતર ખરું, પણ લોહીનું બંધન, પ્રેમની સગાઈ, દિલના સંસ્કારો પણ ખરા. હૃદયમાં છબી હતી એટલે આંખ તરત ઓળખી શકી.

માતાને પ્રેમથી શોધાય, લાગણીથી શોધાય, શ્રદ્ધાથી શોધાય. અને પ્રેમથી ને લાગણીથી ને શ્રદ્ધાથી શોધાય તો એ જરૂર મળે, અને મળતાવેંત ઓળખાય.

ભગવાનની શોધ પણ પ્રેમથી થાય, ભક્તિથી થાય, શ્રદ્ધાથી થાય. એ તર્કનો વિષય નથી, ભાવનાનો જ છે. કુતૂહલનું ક્ષેત્ર નથી, વિશ્વાસનું છે. એના ઉપર બુદ્ધિ કરતાં હૃદયનો વધુ અધિકાર છે. પંડિતોના શાસ્ત્રાર્થ કરતાં હૃદયની નમ્ર પ્રતીતિ અહીં વધારે કામ લાગશે.

પેલા છોકરાએ તો સરકારને તેમ જ સામાજિક સંસ્થાઓ ને કાર્યકર્તાઓને અનેક અરજીઓ કરી હતી, અસંખ્ય કાગળિયાં ભર્યાં હતાં. પણ એથી કશું વળ્યું નહોતું. સરકારને અરજી કરવાથી મા પાછી ન મળે. એ પોતે શોધમાં નીકળ્યો અને તપાસ કરવા બધે ફરી વળ્યો ત્યારે જ સફળતા મળી, મા મળી.

માણસ પણ અનેક વાર બેઠાં બેઠાં દૂરથી તપાસ કરાવે છે, પ્રશ્નો પૂછે છે. મને બતાવો, સમજાવો, ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરી આપો! પણ દલીલ કરવાથી એ સિદ્ધ નહિ થાય. ભાષણો સાંભળવાથી ભગવાન ન મળે. માણસ પોતે જાતે શોધમાં ઊપડે ને દિલથી ને પ્રેમની તપાસ કરતો રહે તો જ ભગવાન એને સામો મળે. મારફતિયાઓનું આ કામ નથી.

પણ પોતે ઊપડે તો જરૂર સફળતા મળશે. ભગવાન મળશે એની ખાતરી પણ છે. દિલમાં હજી એની છબી છે. કદાચ ઝાંખી પડેલી, અર્ધી ભૂંસાઈ ગએલી, કદાચ નાનપણના દિવસોથી ભુલાઈ ગએલી દુનિયાની ધૂળથી ઢંકાઈ ગએલી, પણ એ છબી હજી હૃદયના ઊંડાણમાં કોતરાએલી છે. એની રેખાઓ, એની છાયા, એ 'મુખડાની માયા' હજુ દિલમાં છે જ. અને એ લઈને માનવી એ હૃદયનાથની શોધમાં ઊપડશે તો એને તરત એનો ભેટો થશે. પેલા છોકરાની માની જેમ ભગવાન પણ જાણે સામેથી શોધમાં ઊપડ્યો છે ને!

ભક્ત કવિ આવેશમાં આવીને જાણે પડકાર સાથે પ્રશ્ન કરે છે:

> મને કહી દો મેલી ચાળા:
> તમે છો કે નહિ છોગાળા?

પહેલી નજરે એમાં અધીરાઈ લાગે, લગભગ અવિવેક લાગે. જાણે સામે દાવો માંડીને જવાબ માગે છે, ખુલાસો માગે છે. પણ ખરું જોતાં એ ઉદ્ધત પ્રશ્ન શ્રદ્ધાનું પ્રદર્શન છે, એ અવિવેકમાં પ્રેમ છે. એ અધીરાઈમાં ભક્તિ છે. 'તમે છો કે નહિ?' એમ પૂછ્યું છે એટલે એ છે જ એ તો માની લીધું છે. કોઈ સામે ન હોય તો એને પ્રશ્ન પૂછવાનો શો અર્થ? અને એના અસ્તિત્વ વિષે પૂછ્યું એટલે એના અસ્તિત્વમાં શ્રદ્ધા બતાવી. તો પણ એ પ્રશ્ન ખાલી ઉદ્‌ગાર નથી. એનો સાચો અર્થ છે જ. પ્રશ્નનો જવાબ પૂછનાર તો જાણે જ છે, પણ એ જવાબ જે એકલો સાચા અધિકારથી આપી શકે એમના શ્રીમુખેથી એ એણે સાંભળવો છે એટલે પ્રેમની આતુરતાથી સીધું પૂછે છે: 'તમે છો કે નહિ?'

આ શોધનો અર્થ પણ એ જ છે. શોધનું પરિણામ દિલ અત્યારથી જાણે છે. જાણતું ન હોત તો શોધમાં નીકળવાનો અર્થ જ ન હોત. પ્રશ્નનો જવાબ દિલ અગાઉથી જાણે

(અનુસંધાન પાછળ પૃ. ૧૯૫ ઉપર)



કુમાર



યુવાન



રાષ્ટ્રપતિ

મરહૂમ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેન

શિક્ષણ દ્વારા જ રાષ્ટ્રની ઊગતી પેઢીમાં દેશભાવનાનું સિંચન કરી દાયકાઓથી એક યા બીજી રીતે દેશની સક્રિય સેવામાં લાગી રહેનાર રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેનના એકાએક અવસાનથી દેશને ભારે ખોટ પડી છે.


મૂળ ઉત્તર પ્રદેશના પણ હૈદરાબાદ જઈ વસેલા એક સુખી અફઘાન કબિલામાં ઈ. ૧૮૯૭ની ૮મી ફેબ્રુઆરીએ એમનો જન્મ થયો. અસહકારની લડત પછી જર્મનીથી અર્થશાસ્ત્રના અભ્યાસ સાથે ડૉક્ટરેટની ઉપાધિ મેળવી આવીને ત્રીસ જ વર્ષની વયે એમણે, પોતે જેની સ્થાપનામાં ઘણો ભાગ ભજવેલો એ, દિલ્હી નજીક ઓખલાની 'જામિયા મિલિયા ઇસ્લામિયા'માં માત્ર નામના જ પગારે ઉપકુલપતિપદ ગ્રહણ કરીને ત્યાં શિક્ષણનો જે વિકાસ સાધી બતાવ્યો એ એમની એક જબરી સિદ્ધિ હતી. ગાંધીજીના ખયાલ અનુસાર નઈ તાલીમની એમણે જે 'વર્ધા યોજના' તૈયાર કરી એ પણ રાષ્ટ્રીય કેળવણીના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ છે.

કેળવણીના ક્ષેત્રમાં એમની સેવાઓ બદલ '૫૪માં એમને 'પદ્મવિભૂષણ' પદક અપાયો. '૫૭માં બિહારના રાજ્યપાલ અને '૬૨માં તેઓ ઉપરાષ્ટ્રપતિ બન્યા (એમનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર'ના અંક ૫૨૨–જૂન ૧૯૬૭માં આવી ગયો છે.)

'પયામે તાલીમ' નામના જામિયા મિલિયાના પત્રમાં પોતાની મૃત પુત્રી 'રૂકય્યા રેહાના'ના નામે એમણે પ્રથમ બાલવાર્તાઓ લખી હતી જે પાછળથી 'અબુખાન કી બકરી ઔર ચૌદા ઔર કહાનિયાં' નામે પ્રકટ થઈ. છેલ્લે એમણે 'કાચબા અને સસલા'ની વાર્તા પરથી હિંદી ઉર્દૂના ભાષાકીય ઝઘડાની નિરર્થકતા દર્શાવતી એક ખાસ બાલભોગ્ય રૂપકકથા લખી હતી. આમ, એમણે બાળકો માટે ઘણું લખ્યું. 'કૅપિટાલિઝમ ઍન એસે ઈન અંડરસ્ટેન્ડિંગ' ને 'શિક્ષા'(હિંદી) નામનાં એમનાં બે મૌલિક પુસ્તકો જાણીતાં છે. પ્લેટોના 'રિપબ્લિક', લિસ્ટના 'નૅશનલ સીસ્ટમ ઑફ ઇકૉનૉમિક્સ' અને કૅનનના 'એલિમેન્ટ્સ ઑફ ઇકૉનૉમિક્સ'નાં એમણે ઉર્દૂમાં ભાષાંતરો પણ કરેલાં. ચિલ્ડ્રન બુક ટ્રસ્ટના તેઓ પ્રમુખ હતા. પુસ્તકોના છાપકામમાં એમને ઊંડો રસ હોઈ તેમણે કંપોઝ કરવાનું પણ શીખી લીધેલું. માતૃભાષા અફઘાન, હિંદી-ઉર્દૂ ઉપરાંત તેઓ અરબી અને ફારસી ભાષાના વિદ્વાન હતા. અંગ્રેજી ને જર્મન પણ જાણતા હતા.

સ્વભાવે શાંત, સરળ વિનમ્ર ને મૃદુભાષી છતાં જરૂર પડે આખાબોલા પણ થઈ શકતા. બાગમાળી ને વિવિધ પથ્થરોના સંગ્રહનો એમને ઘણો શોખ હતો. ગુલાબની બસો જેટલી જાતો અને અનેકવિધ થોર એમણે રસથી ઉછેરેલાં. કાવ્યો અને ચિત્રકળાના જૂનાનવા પ્રવાહોથી પણ તેઓ સદા પરિચિત રહેતા.

૧૯૬૭માં રાષ્ટ્રપતિપદે આવ્યા બાદની ભારે જવાબદારીઓ વચ્ચે પણ એમણે પોતાની બધી જ લાક્ષણિકતાઓ જાળવી રાખીને સારી લોકચાહના મેળવી હતી છેલ્લે નાગાલૅન્ડની મુલાકાત પછી એમનું સ્વાસ્થ્ય વધુ નબળું પડતાં તેઓ રોજ સવારે નિયમિત તબીબી જાંચ કરાવતા હતા. તદનુસાર તા. ૩જીએ પણ તેમને તપાસવા તબીબો આવ્યા ત્યારે સામાન્યરીતે તદ્દન સ્વસ્થ તેઓ એમને થોડી વાર થોભવા કહી બાથરૂમમાં ગયા. ૨૦ મિનિટ સુધી તેઓ બહાર ન આવતાં ચિંતિત બની બારણાં તોડી જોતાં તેઓ ત્યાં ફરસ પર પડી ગએલા જણાયા. દિલ્હીના સાત નામી દાક્તરોએ એમને સારવાર આપવા મહેનત કરી પણ કારી ન ફાવી અને એમનું અવસાન જાહેર કરવામાં આવ્યું. તા. ૫મીએ એમની અંતિમ ઈચ્છાનુસાર એમની પ્રિય સંસ્થા જામિયા મિલિયામાં એમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. એમના જતાં દેશને એક અગ્રીમ કેળવણીકાર, ઉમદા દેશભક્ત ને સાલસ સજ્જનની ભારે ખોટ પડી છે.



ચુસ્ત પરદાનશીન, નિરક્ષર છતાં આદર્શ પત્ની શાહજહાં બેગમ

ડૉ. સંપૂર્ણાનંદ



પ્રાધ્યાપક
પત્રકાર
લેખક
વહીવટકર્તા
રાજપુરુષ
વિજ્ઞાનવેત્તા
જ્યોતિષશાસ્ત્રી
દાર્શનિક
સંન્યાસી

સંકલન • યશવંત મહેતા

લાંબી બીમારી ભોગવીને, અને છતાં જીવનની અંતિમ ક્ષણો લગી કાર્યરત રહીને, ૧૦ જાન્યુ. ૧૯૬૯ના રોજ નિધન પામેલા ડૉ. સંપૂર્ણાનંદ પોતાના ૭૯ વર્ષના જીવનકાળ દરમિયાન જિંદગીનાં એટલાં બધાં ક્ષેત્રોમાં ઉજ્જ્વળ પ્રદાન કરી ગયા છે કે તેમના અવસાન પછી તેમને વિષે જે વિશેષણો વપરાયાં છે તે બધાંની જો સૂચિ કરવામાં આવે તો આ પાનું આખું ભરાઈ જાય! દા. ત. 'મહાન વિભૂતિ', 'મનીષી રાજનેતા', 'અનેક વિરોધી સદ્‌ગુણોના ભંડાર', 'ભારતીય જીવનદર્શનના વ્યાખ્યાતા', 'નવીનોમાં પણ નવીન, પ્રાચીનોમાં પણ પ્રાચીન', 'સબ સે બડા વતન કા વફાદાર', 'વિજ્ઞાનકથાકાર', 'વિશિષ્ટ શૈલીકાર', 'સંગીતપ્રેમી', 'વૈદિક સમાજવાદી'. તદનુસાર ડૉ. સંપૂર્ણાનંદની કારકિર્દી અનેકાનેક ક્ષેત્રો પર વિસ્તરેલી છે: પ્રાધ્યાપક, પત્રકાર. લેખક, વહીવટકર્તા, રાજપુરુષ, વિજ્ઞાનવેત્તા, જ્યોતિષશાસ્ત્રી, દાર્શનિક અને સંન્યાસી જેવાં અનેક સ્વરૂપ તે ધરાવતા.

કાશીના વીર પરિશ્રમી તથા કુશલ શાસક મહારાજ બલવંતસિંહના પુત્ર ચેતસિંહમાં પિતાની પ્રતિભા કે વીરતા ન હતી. પણ એનું મંત્રીમંડળ મહાગુણી હતું. તેમાં મુન્શી સદાનંદ બક્ષી એક જ એવા હતા જેમને અંગ્રેજી ભાષા આવડતી. ઈસ્ટ ઇંડિયા કંપનીના બીજા ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સની વારાણસી પર ચડી આવેલી સેનાને આ સદાનંદે કાશીની સાંકડી ગલીઓમાં પેસવા દઈને પછી ભારે શિકસ્ત આપેલી.

એવું કહેવાય છે કે આ ચેતસિંહે ઓઘડ સંપ્રદાયના સ્થાપક બાબા ઓઘડનાથને નારાજ કરેલા, અને એટલે એમણે ચેતસિંહ તથા એના દરબારીઓનો નાશ થઈ જવાનો શાપ આપેલો. એમાંથી ઊગરવા સદાનંદજીએ, પોતે માત્ર રાજ્યના કર્મચારી જ હતા એવી દલીલ કરીને એ શાપમાંથી મુક્તિ માગી. ઓઘડનાથે એમનું નામ પૂછ્યું ને પછી આશ્વાસન આપ્યું કે જ્યાં સુધી એના વંશજો 'આનંદ' નામ ધારણ કરતા રહેશે ત્યાં સુધી એ પરિવાર ટકશે. એક વર્ષમાં ચેતસિંહ ને એના દરબારીઓ નષ્ટ થઈ ગયા પણ સદાનંદની માત્ર લક્ષ્મી જ ચાલી ગઈ.

અને એક સમયે પંચાવન હવેલીઓના સ્વામી સદાનંદના આનંદ નામધારી વંશજો પૈકી એક વિજયાનંદને ત્યાં ઈ. ૧૮૯૦ની પહેલી જાન્યુઆરીએ સંપૂર્ણાનંદનો જન્મ થયો. વિજયાનંદ ત્યારે વારાણસીની સરકારી કચેરીમાં હતા. ઈચ્છ્યું હોત તો ડાબે હાથે પુષ્કળ કમાણી કરી શક્યા હોત; પણ ઈમાનદારી, કુશલ વહીવટ અને સ્વામીભક્તિ તો આ કુળમાં પ્રથમથી જ ઊતરતી આવેલી, અને એટલે જ પુત્રજન્મ સમયે ખુશાલીની સાકર વહેંચવાની પણ એમની ત્રેવડ નહોતી!

આ બક્ષી પરિવારના પૂર્વજો પંજાબના જાલંધર જિલ્લાના ઉત્તર ભાગમાંથી આવેલા. અન્ય સદ્‌ગુણો સાથે અંગ્રેજી, હિન્દી ને ઉર્દૂનું જ્ઞાન તથા અટલ ધર્મનિષ્ઠા પણ પરિવારમાં વારસાગત ઊતરેલી. પિતાની પેઠે સંપૂર્ણાનંદ પણ ઈશ્વરને ધર્યા સિવાય કદી કંઈ ખાતા નહિ. આ ટેવને કારણે બચપણમાં એમણે, એટલે કે નાનપણના પરિપૂર્ણાનંદે નવા ખરીદેલા જોડા પણ પ્રથમ ભગવાનની મૂર્તિને પહેરાવવાનો પ્રયત્ન કરેલો!

જે કાશી ભારતભરના વિદ્યાર્થીઓને જ્ઞાનદાન કરે છે તેનો દીકરો વિદ્યાભ્યાસમાં કાચો ન જ રહે. સંપૂર્ણાનંદ વિદ્યાભ્યાસમાં એવા ઝળકી ઊઠ્યા કે એમના જન્મના વર્ષમાં જ જન્મેલા જવાહરલાલ નેહરુ, આચાર્ય નરેન્દ્રદેવ અને શ્રીપ્રકાશજીની હરોળમાં જઈ બેઠા એટલું જ નહિ એક ચરિત્રલેખક જણાવે છે તેમ, જો ક્ષત્રિયસુલભ 'તલવારિયો' સ્વભાવ ન હોત તો કદાચ ભારતના પ્રથમ વડા પ્રધાન તેઓ હોત!

ઊજળી વિદ્યાર્થી કારકિર્દી દરમિયાન જ તેઓ વિશાળ વાચન તેમજ જાહેર પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા એ તો, છેક ઈ. ૧૯૧૪માં લખાએલા તેમના પુસ્તક 'કર્મવીર ગાંધી' પરથી જ સિદ્ધ થાય છે. એ જ અરસામાં એમનાં નવ જેટલાં પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં હતાં અને એ કાળની તેમની પ્રવૃત્તિઓ જોતાં લાગે છે કે જો ૧૯૨૧માં એક આકસ્મિક પ્રસંગ ન બની ગયો હોત તો તેઓ રાજકારણમાં પ્રવેશવાને બદલે એક સમર્થ શિક્ષક અને સાહિત્યસેવક જ રહ્યા હોત; કારણ કે ભણતર પૂરું કરીને તેઓ તો રાજસ્થાનમાં બિકાનેર પાસેના ડુંગર ગામના વિદ્યાલયના આચાર્ય બન્યા હતા. પણ કાશીના વિખ્યાત દાનવીર, પત્રકાર અને પ્રકાશક શ્રી શિવપ્રસાદ ગુપ્તે 'જ્ઞાનમંડલ' નામે સંસ્થા સ્થાપીને એના તરફથી રાષ્ટ્રવાદી દૈનિક 'આજ'નો પ્રારંભ કર્યો. એને માટે એક સિદ્ધ અને પ્રસિદ્ધ કલમની શોધ ચલાવતાં વારાણસીના જ આ પનોતા પુત્ર પર નજર ઠરી, ને ૧૯૨૦માં ડુંગરનું ક્ષેત્ર સંકેલીને તે કાશી આવ્યા. અને એ 'આજ' પત્રે જે લોકપ્રિયતા મેળવી એમાં એમના અગ્રલેખોનો ઘણો ફાળો રહ્યો. આચાર્ય નરેન્દ્રદેવ અને શ્રીપ્રકાશ જેવાની સાથોસાથ એ પણ લખતા,—બલ્કે સંપાદક પછી વધુમાં વધુ અગ્રલેખો સંપૂર્ણાનંદજીના જ હતા. ઉપરાંત પં. કૃષ્ણકાંતે સ્થાપેલા પ્રસિદ્ધ પત્ર 'મર્યાદા'નું, પ્રેમચંદજીના સાહિત્યિક સાપ્તાહિક 'જાગરણ'નું તેમ જ 'આજ'ની અંગ્રેજી આવૃત્તિ 'ટુ ડે'નું સંપાદન પણ એમણે કરેલું. ઉત્તર પ્રદેશની સરકારની સ્થાપના પછી પોતે પ્રધાન અને મુખ્ય પ્રધાન પદે આવ્યા બાદ પણ તે અવારનવાર છૂટક લેખો લખતા રહેતા. ૭૯ વર્ષની વયે રાજસ્થાનના રાજ્યપાલપદ પરથી નિવૃત્તિ લીધા બાદ તેઓ ભારતીય સંવિધાન વિષે એક વિચારપૂર્ણ લેખમાળા લખતા હતા જે એમના અવસાનને કારણે અધૂરી રહી ગઈ.

લખવાની શરૂઆત તો એમણે છેક ઈ. ૧૯૦૭-'૮માં કરેલી. પં.

લક્ષ્મણનારાયણ ગર્દે જેવા સાહિત્યિક તથા પં. મદનમોહન શાસ્ત્રી જેવા સંસ્કૃતના વિદ્વાનોનો સાથ મળતાં એમની હિન્દી અને સંસ્કૃત ભાષા પ્રત્યેની રુચિ ને શ્રદ્ધા વધી. આગળ જતાં એમણે 'શુદ્ધ સાત્વિક સનાતનની શિક્ષણ' માટે એક સનાતન ધર્મ સ્કૂલ પણ સ્થાપી જે આજે 'ઈંટર કૉલેજ' તરીકે વિકસી છે. પાછળથી સુંદર વિચારોના પ્રસરણ માટે એમણે 'નવનીત' નામે એક માસિક પણ પ્રકટ કરવા માંડેલું.

દસ વર્ષની વયે તેઓ પોતાના માતામહ રામેશ્વર દયાલથી ઘણા પ્રભાવિત થએલા. રામેશ્વરજી ત્યારે કાશીનરેશના અંગત મંત્રી હતા અને એક તપસ્વી સાધુ પુરુષ તરીકે ખ્યાત હતા. એમને ગુરુપદે સ્થાપીને સંપૂર્ણાનંદે વીસ વર્ષની વય સુધીમાં હઠયોગની તાલીમ મેળવી લીધેલી. રાત્રે બધા સૂઈ જાય ત્યારે તે ચુપચાપ પોતાનો યોગાભ્યાસ કરતા. પણ આ ગુરુશિષ્યમાં બધી વાતે મેળ હોવા છતાં એક મોટો તફાવત હતો. રામેશ્વર દયાલ બ્રિટિશ રાજના સમર્થક હતા, જ્યારે સંપૂર્ણાનંદ બંગભંગની ચળવળ વખતથી જ અંગ્રેજ શાસનના વિરોધી બની ગએલા. ૧૯૨૧ની અસહકારની ચળવળ સમયે એ બંને વચ્ચેનો આ મતાંતર એટલો ઉગ્ર બન્યો કે એમનું હળવામળવાનું પણ બંધ થઈ ગયું. છતાં સંપૂર્ણાનંદનો એમના પ્રત્યેનો આદર જરા પણ ઘટેલો નહિ. છેક અંત સમય સુધી તેઓએ પોતાની સમક્ષ ગુરુની એક મોટી તસવીર જાળવી રાખી હતી. ઇન્ડિયન પ્રેસની જબલપુર શાખામાંથી પ્રકાશિત થતા 'પ્રેમા' નામના એક સામયિકના 'શાંત રસાંક'નું સંપાદન પણ એમણે આ 'ગુરુદેવ'ને સમર્પિત કર્યું હતું.

એ મહાનુભાવ માતામહે ૪૦મે વર્ષે નોકરી છોડી દઈને છેક ૯૦ વર્ષની વય થતાં સુધી કેવળ વિરક્ત, પરિવારથી અલગ અને સ્વયંપાકી યોગી તરીકે જીવન ગાળેલું. સંપૂર્ણાનંદજી પર એમની આ વિરક્તિનો એટલો બધો પ્રભાવ હતો કે ૨૬ વર્ષની વયે તેઓ પત્ની, પુત્રી ને માત-પિતાને છોડી હિમાલયમાં તપસ્યા કરી દેહપાત કરવા ઘેરથી નાસી ગએલા! એમનો આ નિર્ણય ફેરવવા માટેના કુટુંબીઓના બધા જ પ્રયત્નો સામે અડગ રહેલા સંપૂર્ણાનંદ આ નાનાના આજ્ઞાથી પાછા ગૃહસ્થાશ્રમમાં જોડાઇ ગએલા. અને ઘણાને ખબર નહિ હોય કે એ માતામહ (જેમને એ 'દાદા' કહેતા)ના અવસાન પછી એમના હઠયોગ સંપ્રદાયમાં સંપૂર્ણાનંદજી ગુરુપદે હતા અને એમને પોતાને પણ કેટલાક શિષ્યો હતા. યોગજન્ય વિરક્તિને એમણે મન, વચન ને કર્મથી અપનાવી હતી. પિતા, માતા, ચાર બહેનો, ત્રણ પત્ની, બે પુત્ર, ત્રણ પુત્રી તથા એક નાના ભાઈનાં અવસાન સમયે પણ એમના ચહેરા પર અંતરના વિષાદની છાયા એમણે જણાવા દીધી નહોતી

ઈ. સ. ૧૯૨૧ના અસહકાર આંદોલન સમયે સંપૂર્ણાનંદ એવા સ્થાને અને એવા લોકોની વચ્ચે હતા કે સ્વાભાવિક જ એ આંદોલનમાં કૂદી પડયા. કૉંગ્રેસના સભ્ય તો કાશી આવીને જ બની ગયા હતા; હવે તેના કાર્યકર્તા બન્યા અને એ વર્ષના ડિસેમ્બરમાં પ્રિન્સ ઑવ વેલ્સના આગમન ટાણે અસહકારનો ઝંડો ઊંચો કરતાં કાશીના વડીલ રાજપુરુષ ડૉ. ભગવાનદાસ જ્યારે કેદ પકડાયા ત્યારે લડતનો દોર નવી પેઢીએ ઉપાડી લીધો. કૉંગ્રેસનું સ્વયંસેવક દળ ગેરકાનૂની જાહેર કરાયું હોવાથી સંપૂર્ણાનંદે 'સંસ્કૃત છાત્ર સમિતિ' નામે ૩૦૦ અસહકારી સ્વયંસેવકોના દળની રચના કરી. પણ સરકાર ચેતી ગઈ હતી. એણે આ સમિતિને પણ ગેરકાનૂની ગણીને એના વડા સંપૂર્ણાનંદની ધરપકડ કરી. એક વર્ષની જેલ અને ૧૦૦ રૂપિયાનો દંડ થયો. સંપૂર્ણાનંદે પ્રથમ વાર જેલમાં પગ મૂક્યો. અને એ પછી ઈ. ૧૯૩૦, '૩૨, '૪૧ અને '૪૨માં મળી કુલ ૮૪ માસનો જેલવાસ એમણે ભોગવેલો.

એ કાળે, અને સદાકાળ, રાજકીય કેદીઓ માટે જેલવાસ એક અભ્યાસસત્ર સમાન બની રહેતો. સંપૂર્ણાનંદે પણ એ લાભ લઈને ખૂબ અભ્યાસ કર્યો. પરિણામે એ સમયના ઘણાખરા ગરમ લોહીના ભાવનાશાળી યુવકોની માફક એ પણ સમાજવાદી વિચારધારા પ્રતિ આકર્ષાયા. બહાર આવીને ઉત્તર પ્રદેશની કૉંગ્રેસમાંના સમાજવાદી જૂથના તેઓ એક સ્થાપક બન્યા અને ઈ. ૧૯૩૬માં તેમણે લખેલું હિન્દી પુસ્તક 'સમાજવાદ' એ કાળનું એ વિષયનું ઉદાહરણીય પુસ્તક બની રહ્યું, જે પાંચ પાંચ આવૃત્તિઓ પામીને હિન્દી સાહિત્યના બહુઇચ્છિત 'મંગલાપ્રસાદ પારિતોષિક'નું અધિકારી બન્યું.

૧૯૨૨માં તેઓ જેલમાંથી બહાર આવ્યા ત્યારે રાષ્ટ્રવાદી કાશી વિદ્યાપીઠે તેમની સેવાઓ માગી લીધી, જ્યાં તે તત્ત્વજ્ઞાન અને આંતરરાષ્ટ્રીય બંધારણના પ્રાધ્યાપક બન્યા. પરંતુ એમનું જ્ઞાન એટલું સર્વક્ષેત્રી હતુ કે સાથે અંગ્રેજી ને હિન્દી પણ શીખવતા બલ્કે વિદ્યાર્થીઓ જે કોઈ વિષયના પ્રશ્નો લઈને જતા તે બધા હલ કરી દેતા. એમના આ અગાધ જ્ઞાને આચાર્ય નરેન્દ્રદેવને પ્રભાવિત કરી દીધા અને બંને ગાઢ મિત્રો બની રહ્યા. આ જ વર્ષે તે કૉંગ્રેસની મહાસમિતિમાં ચુંટાયા અને પછી ઉત્તર પ્રદેશની કૉંગ્રેસના મંત્રી બન્યા.

પછીનાં વર્ષો સતત યુદ્ધનાં હતાં. સ્વાતંત્ર્યનું આંદોલન વારંવાર ઊભું થઈને પછડાટો ખાતું હતું. યુવકોમાં લડાયક જુસ્સો ઊભરાતો

લઘુકથા

રોજિંદી વાર્તા

નિરંજન મહેતા

પાંચ અને સાત વરસનાં શીલા અને રમુ તરફ કોઈ પણ કારણસર રતિલાલ વહાલ ન દેખાડતા. પણ બીજી બાજુ તેમને પૂર્ણિમાનો માતૃપ્રેમ અઢળક મળ્યો હતો. જાણે માતાપિતાની ભેગી લાગણી એકમાંથી જ મળતી. દિવસે દિવસે બંને બાળકો પિતાથી દૂર રહેવા માંડયાં. આ બાબત રતિલાલનું ધ્યાન દોરવા છતાં એમ રતિલાલનો સ્વભાવ બદલાય?

સાંજે રતિલાલના આવતાં પહેલાં બંનેને તૈયાર કરી, પાસે બેસાડી વાર્તા કહેવી એ પૂર્ણિમાનો નિત્યક્રમ હતો. આજની વાર્તામાં દારૂની લતે ચડેલા કુટુંબના વડાએ કુટુંબની કરેલી અવદશાનું વર્ણન હતું. પત્ની તથા બાળકોને મારઝૂડ, બાળકોનો તિરસ્કાર, કુટુંબની અવદશા વગેરેનું બયાન અસરકારક ભાષામાં પૂર્ણિમા કરતી હતી. એવામાં વચ્ચે શીલાએ એકદમ પ્રશ્ન કર્યો; 'મા, બાપુજી પણ દારૂ પીતા હશે, નહિ?'

તે જ ઘડીએ ઑફિસેથી આવી પહોંચેલા રતિલાલ એક મિનિટ માટે બારણે જ અટકી ગયા. જોકે તેમના આગમની કોઇને ખબર ન હતી. પ્રશ્ન સાંભળી પૂર્ણિમા પણ સહેજ ચમકી, છતાં શાંતિથી તેણે જવાબ આપ્યો: 'ના બેટા, તારા બાપુ તો સારા છે. એવી બૂરી ટેવ એમને કોઇ પણ નથી. શા માટે એમ પૂછ્યું?'

'હમણાં તેં જે વાર્તા કહી તેમાં બાળકોના બાપુજી દારૂ પી બાળકોને મારે છે; લાડ નથી કરતા. અમારા બાપુ પણ અમને કોઈ દિ બોલાવતા નથી. એટલે થયું કે એ પણ દારૂ પીતા હશે.' નિર્દોષભાવે શીલાએ જવાબ આપ્યો.

પૂર્ણિમા શું બોલે? પણ રતિલાલે એકદમ આવી શીલાને હોંશથી ઊંચકી, ગળે વળગાડીને ચુંબન કર્યું. આ જોઈ પૂર્ણિમાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.



ડૉ. સંપૂર્ણાનંદ કૃત પુસ્તકો→

૧	કર્મવીર ગાંધી	૧૯૧૪	૧૭	ક્રાંતિ ઔર રાજ્ય	૧૯૪૦
૨	મહારાજ છત્રસાલ	૧૯૧૬	૧૮	આર્યો કા આદિ દેશ	૧૯૪૧
૩	ભૌતિક વિજ્ઞાન	૧૯૧૬	૧૯	દર્શન ઔર જીવન	૧૯૪૧
૪	જ્યોતિર્વિનોદ	૧૯૧૬	૨૦	બ્રાહ્મણ, સાવધાન!	૧૯૪૪
૫	ભારતીય સૃષ્ટિક્રમ-વિચાર	૧૯૧૭	૨૧	ચિદ્વિલાસ	૧૯૪૪
૬	ભારત કે દેશી રાષ્ટ્ર	૧૯૧૮	૨૨	ઇન્ડિવિડ્યુઅલ ઍન્ડ સ્ટેઈટ	૧૯૪૪
૭	ચેતસિંહ ઔર કાશી કા વિદ્રોહ	૧૯૧૯	૨૩	ગણેશ	૧૯૪૫
૮	સમ્રાટ અશોક હર્ષવર્ધન	૧૯૨૦	૨૪	ભાષા કી શક્તિ	૧૯૪૫
૯	મહાદજી સિંધિયા	૧૯૨૦	૨૫	પુરુષસૂક્ત	૧૯૪૭
૧૦	ચીન કી રાજ્યક્રાંતિ	૧૯૨૦	૨૬	કૉસ્મૉની ઈન ઇન્ડિયન થૉટ	૧૦૪૯
૧૧	મિશ્ર કી સ્વાધીનતા	૧૯૨૩	૨૭	પૃથ્વી સે સપ્તર્ષિમંડળ	૧૯૫૧
૧૨	સમ્રાટ અશોક	૧૯૨૪	૨૮	હિંદુ વિવાહ મેં કન્યાદાન	૧૯૫૪
૧૩	આન્તરરાષ્ટ્રીય વિધાન	૧૯૨૪	૨૯	હિંદુ દેવપરિવાર કા વિકાસ	૧૯૬૨
૧૪	વ્હેન વી આર ઇન પાવર	૧૯૩૧	૩૦	ગ્રહ-નક્ષત્ર	૧૯૬૪
૧૫	સમાજવાદ	૧૯૩૬	૩૧	યોગદર્શન	૧૯૬૫
૧૬	સામ્યવાદ કા બિગુલ	૧૯૩૬	૩૨	વેદાર્થ પ્રવેશિકા	૧૯૬૭
			૩૩	ભૂલેબિસરે ક્ષણ	

હતો. પણ કૉંગ્રેસ એવી વિશાળ સંસ્થા બની ગઈ હતી કે ક્રાંતિકારી ને જલદ પગલાં માટે એનો પોતાનો બોજ ભારે પડતો હતો. સંપૂર્ણાનંદનો યુવક મિજાજ પણ સમાજવાદ પ્રતિ વધુ ને વધુ ઢળી રહ્યો હતો. માત્ર બહુક્ષેત્રીય અભ્યાસપ્રવૃત્તિ એમને જલદ બનતાં રોકતી હતી.

૧૯૩૫માં નવું બંધારણ આવ્યું. ચૂંટણીઓ થઈ. કેટલાંક રાજ્યો પેઠે ઉત્તર પ્રદેશમાં પણ કૉંગ્રેસે બહુમતી મેળવી. સંપૂર્ણાનંદ પણ ચૂંટાયા ને મિત્રોના આગ્રહને વશ થઈ શિક્ષણપ્રધાનનું પદ સ્વીકાર્યું.

આ પછી સંપૂર્ણાનંદના જીવનને નવો વળાંક મળ્યો. પ્રધાન બન્યા પછી થોડા જ વખતમાં તેઓ સમાજવાદી જૂથથી અલગ થયા. પ્રધાનપદ તો બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં લગી જ ધારણ કર્યું, પરંતુ એ પદે સંપૂર્ણાનંદને પ્રૌઢ બનાવી દીધા. જુવાનીના જોશ અને ક્રાંતિકારી ખયાલોનું સ્થાન હવે ઠરેલ રાજકારણે લીધું.

આઝાદી આવતાં તેઓ પંડિત ગોવિંદવલ્લભ પંતના પ્રધાનમંડળમાં શિક્ષણ, નાણાં અને મજૂર ખાતાના પ્રધાન બન્યા; ૧૯૫૧માં ઉત્તર પ્રદેશનું ગૃહખાતું સંભાળવા માંડ્યું; અને ૧૯૫૫માં પંડિત પંત કેન્દ્રના ગૃહપ્રધાન બનતાં સંપૂર્ણાનંદ પંત પ્રધાન બન્યા. પરંતુ ઉત્તર પ્રદેશ જેવડા મોટા રાજ્યમાં આટલાં બધાં વર્ષો લગી જે પ્રધાનપદ ભોગવે તેના હરીફો પણ જાગે જ. એટલે ઉત્તર પ્રદેશના રાજકારણમાં ખટપટની ગંદકીની બૂ આવતાં જ તે ખુરશીએથી ઊતરી જવા અધીરા બની ગયા અને અંતે ૧૯૬૦માં પંત પ્રધાનપદનું રાજીનામું આપ્યું. છતાં પ્રાદેશિક કૉંગ્રેસ કે પ્રધાનમંડળના વિવાદો દરમ્યાન પોતાના વિરોધીઓ માટે એમણે ક્યારે યે અઘટિત વાત કરી નથી. આથી જ એમને કોઈએ જનક વિદેહી સાથે સરખાવ્યા છે.

રાજકારણમાંથી નિવૃત્ત થઈને તેઓ પોતાના પ્રિય વિષયો સાહિત્ય અને શિક્ષણ તરફ વળવા માગતા હતા; પરંતુ હજુ રાજકારણ તેમને છોડવા તૈયાર ન હતું. ઈ. ૧૯૬૨માં નેહરુજીના આગ્રહને વશ થઇને તેમણે રાજસ્થાનના રાજ્યપાલનું પદ ગ્રહણ કર્યું, જે સ્થાને તેઓ ૧૯૬૭માં તબિયત કથળતાં લગી કામગીરી બજાવતા રહ્યા.

હવે જીવનની સંધ્યા આવી લાગી હતી. તેઓ કાશી પાછા ફર્યા. જાલપાદેવી મહોલ્લામાં એમનું વારસાગત મકાન હજુ એની એ જ બિસમાર હાલતમાં ઊભું હતું. આટલાં વર્ષોના પ્રધાનપદા પછી પણ તેઓ નહોતા નવું મકાન ચણાવી શક્યા કે નહોતા જૂના ઘરને સમરાવી શક્યા. પણ એનો એમને કશો રંજ નહોતો. મિત્રોના આગ્રહથી એમણે કાશી વિદ્યાપીઠના પ્રાંગણમાં જ રહેવાનું શરૂ કર્યું.

છેક ૧૯૬૬થી આર્થ્રાઇટિસનો રોગ લાગુ પડ્યો હતો અને ઘણી મરજી છતાં સાહિત્યસર્જન માટે તે અશક્ત બની ગયા હતા. બહુ પીડા ભોગવી. આખરે ગઈ ૧૦મી જાન્યુઆરીની સવારે ૧૦·૧૦ વાગ્યે અવસાન પામ્યા ત્યારે એમના પુત્ર સર્વદાનંદ, પુત્રવધૂ અને કાશી વિદ્યાપીઠના પ્રા. રાજારામ શાસ્ત્રી મૃત્યુશય્યા પાસે હાજર હતાં.

સતત ત્રીસેક વર્ષ લગી (૧૯૩૬ થી '૬૭) ઓછીવત્તી સત્તા ભોગવનાર સંપૂર્ણાનંદ વિષે કહેવાય છે કે તેઓ વિદ્વાન રાજનેતા હતા, અને તેમના જતાં મનીષી રાજપુરુષોની પેઢી સમાપ્ત થઇ ગઈ છે. રાજકારણમાં એમણે સદા ત્યાગનો જ આદર્શ અપનાવ્યો હતો. લડતનો લલકાર સંભળાતાં જ મેદાનમાં કૂદી પડતા. એ વેળા કુટુંબનો તો કદી વિચાર જ ન કરતા. અનાયાસ પણ કોઇ પ્રત્યે પોતે પક્ષપાત ન કરી બેસે એ માટે તેઓ અત્યંત સાવધ રહેતા અને એથી એમના પરિવારને ઘણું દુઃખ પણ સહન કરવું પડેલું. પોતે રાજકાજ કરતા હોય અને કુટુંબ દરિદ્રતામાં ને રોગમાં પીડાતું હોય તેવા બે રાજપુરુષોનાં દૃષ્ટાંત ઊજળાં છે: એક સ્વ. લાલબહાદુર શાસ્ત્રી અને બીજા ડૉ. સંપૂર્ણાનંદ.

સંપૂર્ણાનંદ રાજકારણમાં ન પડ્યા હોત તો યે સાહિત્યકાર તરીકે તો તેઓ અમર જ રહેત; કદાચ એમ પણ કહી શકાય કે જો એમ બન્યું હોત તો એમની કીર્તિ હજી વધુ પ્રસરી હોત.

હિંદી ભાષાની સેવામાં એ સદા ખડે પગે રહેતા. 'હિંદી એટલે માત્ર દિલ્હીની આસપાસની ખડી બોલી' એવા ગાંધીજીના મંતવ્ય સામે એમણે નીડર વિવાદ ઉપાડેલો. વ્રજ, અવધી, ભોજપુરી વગેરે બોલીઓ પણ હિંદીમાં જ આવી જાય એવો એમનો સ્પષ્ટ મત હતો. વળી, હિંદી-હિન્દુસ્તાની ભાષા નાગરી કે ઉર્દૂ બેમાંથી કોઈ પણ લિપિમાં લખી શકાય એવા ગાંધીજીના મતના પણ તેઓ (અનુ. પૃ. ૧૯૨)

અમેરિકામાં ચન્દ્રવદન મહેતાની અંતરગઠરી [૪૩]

રનિયનિઝમ





પણ બ્રોડવેને આપણે જુદી રીતે જોઇએ : સાહિત્યની દૃષ્ટિએ; અલફાઉ, લોફર, પગે ચાલનારા વટેમાર્ગીથી માંડી ખિસ્સાકાતરૂ, ઠગ-ગઠિયા, ને ગલીકુંચીના ઈજારદાર દાદાઓની દૃષ્ટિએ. ટૂંકમાં હું આપને એક નવા લેખકની કલમનો પરિચય કરાવવા માગું છું. મેં બ્રોડવે એની આંખે જોએલું—એનાં લખાણો મારફત. અને જ્યારે ત્યાંની ધરતી પર પગ મૂકી ઊભો, ત્યારે પાકું જ્ઞાન થયું કે પેલા લેખક મહાશયનો બોલેમોલ સાચો. એના લખાણનો રણકો આખા ધોરી રસ્તા ઉપર વાગતો સંભળાયો.

ચાળીસ-પચાસ આડી લીટીઓ સમાંતરે દોરો; એ; 'સ્ટ્રીટ્સ' ને એમાં, એ લીટીએ થી ચાર પાચ ગણી લાંબી ઊભી પાંચ-સાત લીટીઓ દોરો, તો એ ઍવન્યૂ. એ સ્ટ્રીટો અને ઍવન્યૂઓની બન્ની ચોપાટ તે ન્યૂ યૉર્ક—માનહટ્ટનનો ટાપુ યા દ્વિપકલ્પ. અને એ લીટીઓમાં એક લીટી ઉપરને ડાબે છેડેથી નીચેના જમણા છેડા સુધી ખેંચી કાઢો તો એ આડો કતરાતો, લાંબો, ક્યાંક પ્રમાણમાં અચ્છો પહોળો થતો રસ્તો તે બ્રોડવે. છેક નીચેના છેડા સુધી એ નથી જતો, પણ આવો આછો નકશો આપણે માટે ઠીક છે;—એટલે કે મોટા ભાગના નંબરના મહોલ્લાઓને એ રસ્તો ક્યાંક તો કાપે જ. ઊભી લાંબી ઍવન્યૂઓને પણ ક્યાંક તો મળે જ. એ બ્રોડવે, તે થીએટરોનો અડ્ડો.

પણ અહીં આપણે થીએટરોને હમણાં જરા શીકે ચડાવી રાખીએ અને ટૂંકી વાર્તાના તાણાવાણા પકડીએ. આજે તો ઢગલાબંધ લેખકો ટૂંકી વાર્તાઓ લખે છે. એ છપાય છે. વંચાય છે, ઈનામો પણ જીતી જાય છે. એના સેમિનાર પણ યોજાય છે. ચેકોવ, મૉપાસાં વગેરે નામાંકિત; તુર્ગનેવ ઓછા જાણીતો, પણ કસબી; મોમ તો મહા થી. આ બાજુ યુ. સ્ટેટ્સમાં એમની બેઠકમાં બેસે એવો ઓ હેન્રી આપણે આર.લાને તો પહેલી કોટિના યા ઊંચામાં ઊંચી કોટિના છાતી ઠોકીને કહી શકાશું; અને આ યાદી વિસ્તારવા માંગીએ તો યે બીજાં બે પાંચ નામો એનાં ઉમેરી શકાશે. પણ અટાણે હું આપને ડેમોન રનિયનની ઓળખાણ કરાવવા માગું છું. એક નિષ્ણાત પણ બહુ જાણીતા ન થયા હોય એવા લેખકની ઓળખાણ કરાવવી એ પણ એક સેવાકામ છે. ઘણા થોડાએ આપણે ત્યાં એનુ લખાણ વાચ્યુ હશે.

ઈ. ૧૯૩૫-૩૭ની સાલથી એનાં પુસ્તકો પ્રગટ થવા માંડયાં. ૧૯૫૦-૫૫ની આસપાસ તો બેન્ટ્લી જેવા અંગ્રેજ વિવેચકે, જેમ આપણે શેક્સપીઅરિયન, બાયરૉનિક, ગોવર્ધન શાહી, ગાંધીઝમ શબ્દો યોજીએ છીએ એમ અમેરિકામાં રનિયનિઝમ શબ્દ પ્રચલિત કરી દીધો હતો. સ્ટેટ્સના બંને દરિયાકિનારાનાં વિવિધ પ્રજાજનોની ખાસિયતોનો જાણકાર. છાપાંમાં લખવાથી શરૂ કરી, કિસ્સા-વાર્તાઓ લખવામાં કીર્તિ મેળવી, સારી જેવી દોલત કમાઈ, કૅન્સરના રોગે અવસાન પામતાં, એના વસીયતનામામાંથી એની આખી દોલત કૅન્સરના રોગનિવારણના સંશોધનમાં વાપરવાની એની મુરાદ જાહેર થતાં, ભલભલા એના વાચકોના હૃદયમાંથી કોમળ અને લાગણીભર્યા ઉદ્‌ગાર નીકળ્યા હતા. મને એનું 'ટેઈક ઈટ ઈઝી' પુસ્તક ઘણું ગમે છે, 'મોર ધૅન સમથીંગ' અને 'ફર્ધર મોર' પણ એ જ કોટિનાં છે. જોકે 'ગાઇઝ ઍન્ડ ડૉલ્સ'થી એ જગમશહૂર થયો; એની ફિલ્મ પણ ઘણી વખણાઈ; પણ અહીં એની જીવનરેખા યા એનાં લખાણો ઉપર વિવેચના કરવા કરતાં, એનાં લખાણોમાંની ખાસ ખૂબી વિષે જ હું આપનું ધ્યાન ખેંચું તે ઠીક છે.

મૂળ વાતે શૈલીનો સ્વામી. પોતાની જ અલગારી ભાષા. સામાન્ય વાચકને પહેલા વાચને સમજણ પણ ન પડે. ભાષા તો અમેરિકી અંગ્રેજી, પણ શબ્દો ઉપજાવવામાં, નિપજાવવામાં, સરજવામાં સમાસો ઘડવામાં અને દુનિયાભરની કોઈ ભાષામાં ન હોય એવો નવો જ શબ્દ બનાવી એને ચલણી કરવામાં રનિયન જેવો ઉસ્તાદ આજે મળવો મુશ્કેલ છે. એની સૃષ્ટિમાં મોટે ભાગે ગાઈઝ અને ડૉલ્સ—ગઠિયા અને બબલીઓ! ગઠિયાઓમાં પણ જાતભાત; બૉસ્ટનનો જુદો, બૉસ્ટનના પરાનો જુદો. એમ ન્યૂ યૉર્કના બ્રોડવે ઉપર ફરતા અસંખ્ય હાગીનાઓમાં દરેકે દરેક ભાતભાતના, જુદી અને અવળી ખોપરીના. અને આપ જો બ્રોડવે ઉપર જઈ ઊભા રહો તો, એમાં મોટાભાગના ડૅમોન રનિયનનાં પાત્રો દર પળે જોવા મળે.

એ બધાનો હું અહીં ગુજરાતી ભાષામાં કઈ રીતે પરિચય કરાવું? અંગ્રેજીમાં લખાણ લખાતું હોત તો ફકરાના ફકરા ટાંકી બતાવત; શબ્દોની યાદી આપત. પણ—છતાં પ્રયત્ન કરું છું કૃપા કરી યાદ રાખજો કે હું શબ્દકોશ લઈને નથી બેઠો અને શબ્દકોશ અહીં કામમાં આવે પણ નહિ. 'ટુ ફૂલ એ ગાઈ આફ' એટલે કે ગઠિયાને મારી નાંખવો,—લોહી ફરતું ઠંડું કરી નાખવું, અને ઠેકાણે કરી દેવો, એ રીતે આપણે સમજી શકીએ. 'જૅબ', યા 'બક' એટલે એક ડૉલર; 'ઠસુમ' એટલે બે; ફિનિફ એટલે પાંચની નોટ; એમ દસ સો હજારની નોટ માટે એણે યોજેલા ખાસ શબ્દો; અને ફૂટપાથ ઉપરના મવાલીઓ એવા શબ્દો વાપરે છે તે પણ સહી. ગૂંથણી પણ ઘાટીલી, ચોકઠાશાહી ઉત્તમ વાત તો એ છે કે હું એની એકાદ વાર્તા, એની રીતે, એના શૈલીમાં (એના ગોઠવેલા શબ્દો જેમ મળી જાય તો) આપણા શબ્દો યોજી ગુજરાતીમાં કહું. દરેક વાર્તા એ પોતે જ કહે છે પોતે એટલે કે 'હું' બ્રોડવેના એક મિન્ડી નામના રેસ્ટોરામાં ખાયપીએ; આસપાસમાં ફરતા રામ; ત્યાં કંઈકનું કંઈક બની બેસે 'ટેઈક ઈટ ઈઝી'માંથી હું એ પીસ ઑફ પાઈ' (જમણને અંતે છેલ્લી ખાવાની વાનો) નામની વાર્તા લઉં છું. જોજો રનિયને કેવા અબીલ ગુલાલ ઉડાડ્યા તે. વાર્તાનું નામ છે 'મીઠાઈનો એક ટુકડો.'—યા આપણે ભોજનને અંતે છેલ્લાં બે ગુલાબજાંબુ—કે રસગુલ્લાં કહીશું?—ખાઇએ તે. એનાં પાત્રોનાં નામો વિચિત્ર અટકનાં, પણ એમાં વિચિત્રતા જેવું કશું છે જ નહિ આપણે ત્યાં પણ એવાં નામો પાડવાની પ્રથા સૈકાઓથી છે. વાંચશો એમ સમજાશે જ. ચાલો ત્યારે વાંચો...

એક નિષ્ણાત પણ બહુ જાણીતા નહિ થએલા અમેરિકન વાર્તાકાર **ડૅમોન રનિયન**ની અનોખી શૈલીની નવલિકા એવી જ શૈલીમાં ઉતારનાર

મીઠાઇનો એક ટુકડો

ચન્દ્રવદન મહેતા

આ બન્યું બૉસ્ટન શહેરમાં. બૉસ્ટન મહોલ્લામાં એક ઈમારત ત્યાં એમાં એક રાંધણીના ખૂણો. રેસ્ટોરાં નામ જરા મોટું પડે. સાથે મોટી પાઘડી જેવું લાગે. ગમે તેમ પણ ત્યાં તળેલી મચ્છી સારી મળે. દાખલ થાઓ કે તમારા હોઠ એકબીજાને મીઠી લપડાક મારતા થઈ જાય. એક દિવસે આ દરિયાઈ ખજાનામાંના એક નાનકડો ટુકડો ખાવા વાલકો ઘોડાચોર અને હું દાખલ થઈ ગયા. આ વાલકાને 'ઘોડાચોર'-ની લાંબી લટકાળી અટક કોઈ ઓળખે નહિ. એને બધા ઘોડો જ કહેતા! યા ઘોડિયો—વાલકો ઘોડિયો અને એનું નામ ઘોડાચોર પડ્યું તે એ ઘોડાઓની ચોરી કરે એથી નહિ, પણ આપણા દેશના બંને કિનારા આખા ઉપર એને માટે એવી નામના, કે જો કોઈનો ઘોડો એની નજરે ચડ્યો તો, અને લાગ મળ્યો તો, એ ચોર્યા વિના ન રહે. હું તો માનું છું કે આવો આ વાલકો ઘોડિયો યા વાઘોડિયો ઉમદા જાતનો ઈસમ છે. ટૂંકમાં એને દારૂડો પસરો ચાલે, અને પાસે એ પૈસા ખનખને, તો એ કદી એકલો નહિ ભેગવે. હમણાંહમણાં એના સિતારા એની તરફ નજર રાખીને ખગોળમાં ઘૂમતા, એટલે ગજવું તર. એ થકી કહેવાના મતલબ આટલી કે આજની જ્યાફતનું બિલ ચૂકવવામાં એના જીવડો જરાય આનાકાની નહિ કરે.

હવે બ જુના ટેબલ પર બૉસ્ટનના રહેવાસી હોય એવા લાગતા ચારપાંચ જણા બૉસ્ટનની અદાથી ટલ્લા મારતા બેઠા હતા. એક રાજકારણ પર, બીજો પેલી નતકેરી ઉપર, ત્રીજો બટાટાના કે ટાકબાલા ઉપર મોટેથી પોતાના મતલબી મત પડકારતો. કપડાં સાફ-સૂફ અને ઠસ્સો ઠમઠમે એવો. તરત આપણને જાણ થઈ જાય એવાં કોટ; કારણ બૉસ્ટનમાં હમણાં હમણાં આવી જાતના કોટનો વાવર ઠેર ઠેર જોવા મળે છે.

મેં કંઈ એમની વાતોમાં બહુ ધ્યાન આપ્યું નહિ; કારણ એ લોકો દેશી બીયર ઢીંચતા હતા, અને મોટેથી વાતો કરતા હતા. અને જ્યારે અહીંની આવા ટોળકી આવાં દેશી પીણાં ઉપર હોઠ અજમાવે, અને જીભડી મમળાવે, ત્યારે જાણવું કે એમના કનથી બહુમહુ તો એકાદ ગિલાસ ઉપરના ફીણ-ઊભરાના ઘૂંટડો ચાખવા મળે. પણ વાલકો સળવળિયો. એના કાન સરવા, તે એ—આમ તો એના કોડામાં ધ્યાન આપવાની ગતાગમ બહુ તો હતી જ નહિ. પણ જે કંઈ હતી તે એકઠી કરી—એના ચિત્તના ચાકડો પેલા લોકોની વાતમાં ભેરવ્યો. એના ધ્યાનનું સુકાન ત્યાં ફેરવાયું એટલે પછી મારે પણ એમની જીભના શબ્દઝરા થકી મારા કાન પણ પલાળવા પડ્યા.

એમાંનો એક ભભરે છે: 'અલ્યા ખરાનું કહું છું યુનાઈટેડ સ્ટેટ્સમાં દિવસ કે રાતના કોઈ પણ ટકોરે ખાવાની બાબતમાં એની હામે કોઈ ટક્કર ના ઝીલી શકે એ વાત પર હું દશ હજાર ડૉલરની શરત ક્યારેય પણ મારવા તૈયાર છું.'

આ સાંભળતાં જ વાલકો ઘોડિયાના ઘોડા જેવા કાન ચકરાઈ ઊડે એમ સીધા ટટ્ટાર થઈ ઊભા થઈ ગયા, અને એ પણ ખુરશી છોડી ઊભો થઈ બાજુના ટેબલ આગળ ખસડાયો. અને ઊભાં ઊભાં જ એ એના ટેબલ ઉપર હાથ લાગણી નરમ અવાજે બોલ્યો: 'સજ્જન સાહેબો, ખમા! આ બન્ને તમારી વાતોના વહેણમાં ડખલનું લંગર તો નાખું

છું. ફરીથી માફ માગું છું; પણ આપના પનોતા શહેરમાં કોઈ નામચીન અકરાંતિયો વસે છે, એની જો વાત કરતા હો—'એટલું બોલી એ અટક્યો. પેલા ચારેના કોડા જેવા આંખના ડોળા તો ફાટફાટ થઈ જ રહ્યા છે. મારા મનમાં, એ બદનો બીઅરના ડબલાવાળો હાથ ડબલા સાથે જ, એના કનોરા ઉપર, તબલાની ચાલમાં ચલતીની સમ થાપટ વગાડશે. પણ ઘોડિયો મારો વા'લો અરધું વાક્ય બોલી, નમીનમી હાથની સલામી ભરતો, મીઠું હસતાં હસતાં સૂચવે છે, જાણે કે 'આ તાબેદાર સેવકની પણ એક વાત સાંભળો.' અને આ એના લહેકા જોઈ પેલા ઉમરાવજાદાઓના મનમાં ભગવાને ઈશારા નાખ્યા, કે જે હોય તે, પણ મનેખ સજ્જન છે, પોતા જેવો આબરૂદાર અને વિવેકી લાગે છે, માટે ખમી જવું. અને આવો મનસૂબો જાગતાં, એમાંના એક જણે પરખાવ્યું: 'હા છે, હકીકત છે. એનું શું છે? જોગી જલધરનું નામ તમે સાંભળ્યું છે? ખાવાના બાબતમાં દુનિયાભરમાં એને આટી શકે એવો કોઠબંડો બીજો તો હયાત છે નહિ. હમણાં જ એ એક શરત જીત્યો. એક દુકાન બહાર બાંગારનો કોઈ ઘોબો એની હંગાથે શરત મારવા ઊભો. બહારથી માવાનાં બાર લચબચ ચોસલાં દેખાય. પેલો કહે કે આંખની પાપણો ફરકે એટલામાં એ ખાઈ જાઉં. ત્યાં તો આ જોગો બરાડ્યો: 'અલ્યા બાર નહિ, આખી દુકાનનો માલ હું ખાઈ જાઉં; થઈ જાય!' અને પહેલી ગણતીમાં જ પેલો તો છ ખાઈને ભોંઠો પડી ગયો. અહીં તો જોગ એ બાર ઉપરાંત આસપાસની બીજી વાનીઓ પણ ધમાધમ પેટમાં સેરવવા માંડી. અલ્યા કેટલાની? સો કે પાંચસો-ની શરત જીતી ગયો, ને પેલો બાગોરનો ડફાસિયો ભો છોડી ચાલતો થઈ ગયો. ફરી આ ગામમાં હવે પગ મૂકે એ બીજા.'

ઘોડિયો આ સાંભળી અતિ નમ્રતાથી તાવેલા માખણ જેવા બોલ નીતારતો બોલે છે: 'માન્યું અમે, માન્યું; કબૂલ. મારા કાનનાં નસકોરાં જો સાચા હોય તો મેં દસ હજારની શરતનો આંક સાંભળ્યો.'

'તમારા કાનનાં નસકોરાં સાબૂત? હા, ભલે દસ હજાર! એને આંટે એવો કોઈ માડીજાયો હોય તો દસ હજાર પાકા!'—આમ બીજો બોલ્યો ત્યાં તો પહેલો ફરી વાર રણક્યો: 'હવે દસ હજાર તો એક બોલછટાની ઢબનો જાણીતો અલંકાર છે, શું સમજ્યા? એક કહેવાની ગોઠવણ છે. પણ ટૂંકમાં અમે શરતના મેદાનમાંથી ઉચાળા ભરીએ એમ તો નહિ જ કહેવા દઈએ. એટલે એવો કોઈ જોગાને પડકારે એવો હોય તો અમે મેદાનમાં ઊભવા તૈયાર છીએ. થઈ જાય!'

અને થઈ ગઈ આપણા વાઘોડિયાએ ગજવામાંથી પાકીટ ખોલતાં અને એક નોટ ખંખેરતાં કહ્યું: 'ખમા, મારી પાસે અટાણે દસની નોટ તો હાજર નથી, માફી માગું છું: પણ આ હજારની પડી છે, તે આ ટેબલ પર નોંધી. અને આ હજારની ઉપર પણ આપ નામદારોને હોડ બકવી હોય તો આ તાબેદાર સેવક તૈયાર છે. લ્યો આ નોટ ખડી!' એટલે તો પેલા ચારમાંના એક બાંધવે વીજળીની ઝપાટે ટેબલ-ની નોટ પર હાથનો પંજો પછાડી કહ્યું: 'લાગી શરત! થઈ જાય! લાગી!'

દુનિયાના ઇતિહાસમાં કોઈ કે ટાબાલાના માથામાં આટલી ઝડપથી કોઈ શરત મંડાઈ હોય એવું મારી જાણમાં તો નથી. અને

વાઘોડિયો જ્યારથી આ વાતચીતમાં લપેટાયો ત્યારથી મારા મગજમાં તો ભલો ભગવાનદાસ જ ઊગી નીકળ્યો હતો. એ ભલો ભગવાનદાસ જો ખાવાનાની બેઠકમાં અડ્ડો જમાવે તો હું મારી પોતીકી તો બધી જ, જે હોય તે, પણ દુનિયાભરની દોલત હોડમાં મૂકી દઉં – પણ દુનિયાની તો ન મૂકું; કારણ, હું જીતું તો પછી મને જીતમાં ન ળે અલ્લાયો! એટલે અરધી તો ટેબલ પર ઝીંકી દઉં. કહેવાનો મતલબ કે ભલો ખાવા બેઠો તો એનાથી ભૂંડો બીજો કોઈ ન મળે એ પગાનો માનવી તો એને ન જ પહોંચે, પણ ચોપગાંમાં યે કદાચ હાથી સામે આવે તો જરા ખમચું, બાકી બીજાં ચોપગાં હોય તો યે હું પીછેહઠ ન કરું જો.

બસ, શરત બંધાણી. બીજી કશી રકઝક થઈ નહિ. જગ્યા કઈ એ ઉપર જરા વાગચાટ વિસ્તરી. બૉસ્ટન કે ન્યૂ યૉર્ક? પણ બૉસ્ટનના રહીશોને કોઈ પણ બહાનું મળે તો ન્યૂ યૉર્ક આવવા તક શોધે જ, એટલે ન્યૂ યૉર્કમાં જંગ જમાવવા માટે કંઈ બહુ કષ્ટ વેઠાયું નહિ. ચાર અઠવાડિયાં બાદનો દિવસ નક્કી થયો. અરે આવતી કાલે ગોઠવાયું હોત તો પણ ભલા ભગુડાની મને તો સો ટકા ખાતરી. જ્યારે કહો ત્યારે ખાવા માટે તૈયાર. ભૂખ્યો હોય ત્યારે તો ખાય, પણ પેટ ભરીને ખાધું હોય ત્યાર બાદ પણ તરત એને ભાણું દેખાડો તો યે ઝાપટવામાં તૈયાર! એની બીજી ખાસિયતોની અત્યારે આપણે ચર્ચા નથી કરતા.

જેવા અમે અમારે મુકામ ન્યૂ યૉર્ક પહોંચ્યા કે બ્રોડવેના મિન્ડીના રેસ્ટોરાંના માલિકને કાને આ વાત નાખી. તરત એ તો ફૂલીને ફાળકો થઈ ગયો. જાણે એને ઘેર એનાં પોતીનાં લગન! પહેલાં તો રસોઈમાં શું શું બની શકે એની યાદી જ બનાવવા એ બેઠો. પણ વાઘોડિયાને પહેલો રસ તો રકમ ઊભી કરવાનો હતો. રેસ્ટોરાંની જમવાની બેઠકો ખુરશીઓ, બાજુનાં સ્ટૂલ, ખૂણેખૂણાનાં બેઠકો ચપોચપ વેચાઈ ગઈ બે હરીફો માટેની જગ્યા મુકરર થઈ ગઈ. બીજા પણ અમારા જેવા, જેમને આ બાબતમાં રસ તે, એકના દસને ભાવે, કોઈ કંજુસ એકના પાંચને ભાવે નામ નોંધાવતા ચાલ્યા. મિન્ડીના માલિકને બેવડો તડાકો! પહેલે પગલે એક તો મોટી જાહેરાત, બીજી રીતે ઘરાકીમાં તેજી. ટૂંકમાં સરકાર કોઈ નવી લોન કાઢે તો કેમ પળના પાંચમા ભાગમાં આખી ભરાઈ જાય છે, તેમ અહીં મિન્ડીની બેઠકોનું વધારે પડતું વેચાણ થયું; અને પછી તો શેરની જેમ એકેક બેઠકના બેથી દસ ગણા ભાવ બોલાવા માંડ્યા.

પણ મિન્ડીનો મૅનેજર શું કહે છે? 'આ તો બરાબર; પણ ભલા ભગવાનનાં આજ એક મહિનાથી અહીં દર્શન જ થતાં નથી. કોણ જાણે ક્યાં ગુમ થઈ ગયો છે!' અને એની વાતમાં બીજા બિત્રણ જણાએ માથું ખજવાળી ટાપશી પૂરી, એટલે તો વાઘોડિયો ભર્યા ગ્લાસમાંથી ઘૂંટડો પણ પીધા વિના લાગલો જ દોડ્યો અને મને પણ બાવડે પકડી ખેંચતો ગયો. જ્યાં ભલો રહેતો ત્યાં અમે ઊપડ્યા ત્યાંથી જ્યાં એ ખસ્યો જાણ્યો તે સરનામે પહોંચ્યા. ત્યાંથી ચિઠ્ઠી ફડાવી નવે સરનામે ગયા. એમ ટાંટિયાની કઢી કરી છેવટે અમે એક મિસ સળખમનું બારણું શોધવામાં પડ્યા. એ હતો પાંચ માળનો અઢીઊતર દાદરનો મહેલો! અને નાકમાં દમ તાણી પાંચમે મજલે પહોંચતાં તો અમે બંને એક વાર તો તાણ્યા દમને છૂટો કરવા પાંચમા દાદરના છેલ્લે પગથિયે બેઠા પડ્યા. જરા પગને કળતર વળતાં સળખમનું પાટિયું શોધી બારણું ખખડાવ્યું. એક ઊંચી જુવાન નારીએ બારણું ખોલ્યું, એટલે અમે ભલા ભગવાનદાસ વિષે ભાળ કાઢી; તો એણે અમને તરત ઘરમાં દાખલ કરી દીવાનખાનામાં આગળ વધવા સૂચના કરી. આ બાઈ એટલી સુકલકડી કે બે ત્રણ વાર એને જુઓ ત્યારે જ એને કાયા જેવું કૈંક છે એની જાણ થાય! દીવાનખાનામાં પણ એવી જ બાગી આગળ ખુરશી પર બેઠેલી વ્યક્તિએ અમને ધીમેથી 'આવો' એમ કહ્યું અને અમે ભલો ભગવાન પધારે એની રાહ જોતા ઊભા. ત્યાં તો પેલી બાઈ બોલી: આ 'બેઠા છે તે જ ભલા ભગવાન!' અમે તો ચારે ડોળા ફાડી એના ઉપર નજર નાખી ત્યારે માંડ માંડ એનું મોઢાનું ચોકઠું અમારા મગજમાં ઉપસવા માંડ્યું, અને એણે ધુમાવ્યું કે 'હું જ ભલો; બેસો.'

અમને જે આઘાત લાગ્યા તેનાં તે શી રામાયણ માંડું! શરીર અરધું થઈ ગએલું; આંખો ડોઠામાં ઊંડે ઊતરી ગએલી. અને જરી દમ ખાઈ ભલાએ ભરમ ભાંગ્યો: 'આ મારી વફાદાર દોસ્ત. અમે થોડા મહિના બાદ પરણવાના. હજી મારે બીજા વીસ રતલ આ કાયામાંથી ઊણા કરવાના. એ પત્યું કે અમારાં બેનાં લગન'.

'અલ્યા ભલા! તો પછી પતવામાં બાકી શું રહેશે? માંદગીને બિછાને તો તું પડ્યો જ—'

'અરે રામરામ કરો! અત્યારે જેવી મારી તબિયત છે એવી જનમ મંડાયો ત્યારથી કદી ન હતી. એટલી તંદુરસ્ત, કે હાડકે ય રોગ નહિ.'

'પણ અહીં તો હાડકું જ છે!' તો ભલો કહે: 'હું કંઈ ઉપવાસ નથી કરતો. પણ આ મારી ભવિષ્યની પરણેતરે ઘણું શીખવાડ્યું છે. ખાઉધરાપણું એ પાપ છે; અકરાંતિયા થઈને પેટ ફુગાવવું એ માંદગી છે. આ જુઓ, વાઘો, ભીંતે પાટિયાં ચોડ્યાં છે તે. નેવું રતલ તો મેં સોરી નાખ્યા. હવે બીજા વીસ ત્રીસ ઉતારી નાખીશ કે તદ્દન તંદુરસ્ત! હું એના પ્રેમમાં છું અને એ કોઈ જિંદગીમાં પણ જાડા માણસને પરણનાર નથી એવું એનું જનમજનમનું વ્રત છે, એટલે હવે મારે પતળા થયે જ છૂટકો. ટૂંકમાં મારો ખાવાનાનો સવાલ આ બાઈએ હાથ ધર્યો છે, અને હલ કર્યો છે'.

પછી અમે અમારી ગોઠવણ કહી. વાઘોડિયાની હજારની નોટ હોડમાં, અને મિન્ડી રેસ્ટોરાંના જમણ ખુરશી ઉપર ફુગાવાનો ભાવ. ઉપરાંત વાઘોડિયાના લાગતાવળગતાઓના સરેરાશ એકથી આઠના ભાવની શરતના જાહેરાત હજારોની રકમનો સવાલ. એટ. સામે બૉસ્ટનનો ડંકો અને આ બાજુ બ્રોડવેની આબરૂ. બધું રીતસરનું ઘાટમાં ગોઠવીને કહ્યું અને એને ગળે વાત પણ ઊતરી. ખાનારો જબ્બર તે તરત જીભ સળકી અને મોંમાં કલ્પાનાના સ્વાદ ફરફરવા લાગ્યા. પણ એની મહોરદારે તે જ ઘડીએ મોં બતાવ્યું અને એનો જીવ ડહોળાયો.

'ના ભાઈ ના; એ ન બને. હું પાકે ભાણે જમું તો મારું લગન ખતરામાં પડે અને આ મારી ધર્મપત્ની થતા અટકી પડે. ન બને બિરાદર! ખાવાની વાત ન ખપે; બીજી સેવા ચાકરી હોત તો ફરમાવો.' એટલે શ્રીદેવીએ વાતનો તાણો પકડ્યો. ચાર મકાન દૂર સંભળાય એવા જોશીલા અવાજે એમણે ત્યાંથી રસ્તો પકડવાની વાત અમને, જે કંઈ સ્હેજસાજ બતાવી શકાય એટલી વિવેકની નજીવી છાંટ સાથે, સંભળાવી દીધી. ઉપરાંત ઉપવાસના ગુણ-ફાયદા ઉપર ભાષણ. ખાઉધરાપણા ઉપર તેજીલી ટીકા અને અમે ધોળા મૂળા જેવા પાંચે દાદરા હેઠળ! ત્યાં આખેઆખ મેળવી અમે વાત પતી ગઈ એમ મૂગો સંવાદ ગોઠવી દીધો.

બે પાંચ દિવસ નિરાશાના પસાર કર્યા બાદ શું બને છે! આપણો વાઘોડિયો એક સાંજરે પ્લૅઝન્ટ બાગમાં ચિત્તશૂન્ય-યા કોઈ શૂન્યમનસ્ક કહે છે તેવો-એકલો આંટા મારે છે, ત્યાં એને એક એનો જૂનો ગોઠિયો ભટકાય છે. એ એને એના સાથે ફરતા મિ. બર્મેલની ઓળખાણ કરાવે છે, અને એ મિ. બર્મેલ એક માસિકના સંચાલક કહો કે અધિપતિ કે તંત્રી છે. એ ચોપાનિયું વધારે ખાવાના ગેરફાયદા ઉપર

જ લેખો પ્રગટ કરે છે. એના હાથમાં એ ચોપાનિયું પણ છે, અને એમાં મિસ સળખમનો, મેદ ઘટાડવા ઉપરની રચનાત્મક ક્રિયાઓ ઉપરનો લેખ છે, અને એનો વાપાણી જેવો પાતળો ફોટો પણ છે. અને બાંકડે બેઠાં વાતેવાત નીકળે એમ વાત નીકળતાં, વાઘોડિયાની નાસીપાસી તો આંધળો પણ પારખી શકે એવી, એના મગજમાં બીજી વાત હોય કેવી? એટલે આપણી શરતની વાત નીકળતાં વાઘોડિયા, આ મિ. બમેલને પોતાની ઓળખાણનો લાભ આપવા વિનંતી કરે છે કે મિસ સળખમને સમજાવો અને ભલા ભગવાનને શરતમાં ઊતરવાની રજા અપાવો.

બેત્રણ દિવસ આમ દબાણ ચાલ્યું; ઓળખાણ ઉપર ઓળખાણની કૂંચીઓ અજમાવવામાં આવી, પરિણામે મિસ સળખમ એકનાં બે તો ન જ થયાં; પણ થોડાં પલળ્યાં—એટલાં કે ભલા ભગવાનનું તો નામ જ નહિ દેવાનું. પણ મિસ સળખમ પોતાની એક બહેનપણી નામે મિસ વાયોલાને ઓળખે છે, અને એની જીભડીની સ્વાદશક્તિ અને ખાવાની તરી તાકાત બાબતમાં તારીફ ઘણી સાંભળી છે, એને દબાણ કરીને પૂછી જોવા સૂચવ્યું. અલબત્ત! આ ભલામણ સાથે એના ખાઉધરાપણા માટે એને દશવીસ ગાળો પણ ચોપડી દીધી! પણ એ તો છે જ એવી,—કદી ન સુધરે એવી; એટલે એને પૂછવું સારું.'

મારો પોતીકો વિચાર તો શરતમાંથી હટી જવાનો હતો; પણ વાઘોડિયાની હજાર ડૉલરની નોટ અંટમાં પડી હતી, એટલે તેણે વાયોલાની ભાળ કાઢી, અને બેત્રણ દિવસ રહી એકાએક એ એને લઈ મિન્ડીના ભટિયારખાનામાં દાખલ થઈ ગયો. આ બાઈ માણસના દરવાજામાં પ્રવેશ સાથે જ બેત્રણ ટેબલ ખસેડવાં પડ્યાં—એવી દેખાવમાં ધરખમ ભારેખમ; વળી હસમુખી. બે ખુરશીની જગ્યા રોક્યા વિના બેસી જ ન શકે એટલે અમે સોફા ખેંચ્યો, અને વેંતવારમાં અમારી ખાતરી થઈ ગઈ કે વાયોલારાણી પેલા બૉસ્ટનના હુફલથી ગાંજી તો જાય એવી નથી. વાઘોડિયો તો એનું ફૉર્મ કસવા અહીં લાવ્યો હતો, એટલે જે તૈયાર હતું એમાંથી ભરી તાસકો, ને હાજર કરવા કરી દીધું શરૂ. અને બીજી આવે તે પહેલાં તો આ બાનુ પહેલી સફાચટ કરી નાખવા લાગ્યાં. એ જોઈને અમે ખુશ થયા, મિન્ડીનો માલિક પણ હરખાયો અને બીજા બેત્રણ વાઘોડિયાએ બોલ વેલા તેઓ પણ ખૂણામાં બેઠાબેઠા આ તાલ જોઈ એકના આઠના ભાવ સુધી રકમ લગાડવામાં પીછેહઠ ન કરવાની સૂચના આપતા સંભળાયા. ત્યારે મારા બદનમાં દમ ફરી રોજની જેમ આસાનીથી ફરકવા મંડ્યો.

આ બાજુ પેલો હુફલ શરતના દસપંદર દિવસ આગળથી ન્યૂ યૉર્ક આવ્યો, ને એની સાથે પોતાના ત્રણ ગઠિયા પણ લેતો આવ્યો, અને ન્યૂ યૉર્કનાં હવાપાણીની તારવણી કરવામાં રોકાયો. એક દિવસ બંને બાજુના ગોઠવણદાસો કારવાઈની ભાંજગડમાં ગોઠવાયા. છેવટની વિગતો વિચારાઈ. નિયમો નક્કી થયા. એમાં દરેક ખાનાર એકો સલાહકાર રાખી શકે એમ ઠર્યું. એ કેટલો આઘે કે પાસે બેસી શકે એ નક્કી થતાં, ખાવાનાની વાનગીઓ પણ નક્કી થઈ. અને તે, બધાંના દેખતાં તાજવે તોળી સરખે ભાગે વહેંચી આપવામાં આવે એમ ઠરાવ્યું, એમાંથી પહેલી કઈ ખાવી તે માટે સિક્કો ઉછાળવામાં જે જીતે તે પહેલી વાનગીનું નામ દઈ શકે; પછી બીજી વાનીમાં સામો પક્ષ નામ દઈ શકે. એવા એવા મચ્છી, મરઘાં, બતક, પૂરી, સલાડ, કેક, મીઠાઈ પુલાવ, એમ જાતજાતની વિગતો કાગળો ઉપર નક્કી કરી સહી દસ્કત કરવામાં આવ્યા. હરીફોને પીવા માટે છૂટ: જેને જે પીવું હોય તે પીએ ગમે તેટલું પીએ, સોડાવૉટર કે નીતર્યું વૉટર, કે દારૂ ગાળવાના ભઠ્ઠામાંનું, જેને જે ભાવે તે પ્રકારનું પીણું પી શકે.

અને માનશો? આપણી વાયોલાનો સલાહકાર ભલો ભગવાન! કારણ? પેલા તંત્રીએ આ હરીફાઈમાં સારી જેવી રકમ લગાડેલી; અને મિસ સળખમની સાથે દોસ્તી, એટલે એનો એમાં ભાગ! અને હવે મિસ સળખમને પણ એની દોસ્ત વાયોલા જીતે એમાં રસ; એટલે એણે જ ભલા ભગવાનને મિસ વાયોલાની પડખે બેસવા રજા આપી. અને સળખમ અને ભલાનાં લગ્ન વચ્ચે હવે ફક્ત છ રતલનું છેટું હતું, એટલે કે ભલાએ હવે બીજા છ જ રતલ ઘટાડવાના રહેતાં, એ તો હવે આઠ દસ દિવસની વાત; એટલે મિસ સળખમને હવે કશો વાંધો હતો નહિ, આમ બધો ઘાટ આપોઆપ ગોઠવાઈ ગયો.

ત્યારે ડી-ડે ઊગ્યો. મિન્ડીના માલિકે પણ રેસ્ટોરાંની શકલ બદલી નાખી હતી. હું તો જોઈ શકું છું કે એણે આજને માટે નવો જ સૂટ વેચાતો લીધો હતો, અને તાજો જ પહેર્યો હતો. બૉસ્ટનથી સવારની ટ્રેઈનમાં પચાસ કોઠમડા ન્યૂ યૉર્કમાં ગબડી પડ્યા હતા. સામાસામે બે ટેબલ; એની પાછળ બે ફૂટ છેટે સલાહકારની ખુરશી; અને આસપાસ બંને બાજુ તમાશબીન. આપણો વાઘોડિયો અહુકદહુક અહીંતહીં સરભરા-ઈન્તેજાર. એણે નવા ડૉલરનો સિક્કો ઉછાળ્યો. હુફલે 'છાપ' લલકારી અને છાપ જ નીવડી! એ જીત્યો અને ભોંય પડ્યો સિક્કો તરત મેં અદાથી ઉઠાવી લીધો. (કારણ વાઘોડિયાએ તે મારી પાસેથી છેલ્લી ઘડીએ માગી લીધો હતો.) મઘમઘતી, જીભ સળકાવે એવી બાર વાનીઓ તૈયાર હતી, એમાંથી હુફલે હવે પહેલી પસંદ કરવાની હતી.

પહેલે તડાકે ઝાપટવા એણે ચાર રતલ અખરોટ, ચાર રતલ મીઠાવાળા કાજુ અને બે રતલ પાકા ઑલિવનું મિશ્રણ પોકાર્યું, અને તરત એ પ્રમાણે તોળાઈ બંનેના ટેબલ પર આરોગાવા ગોઠવાયું. આ પહેલે કોળિયે જ અમારી છાવણીમાં તો પેટમાં ફાળ પડી. ભાંગ્યા અખરોટ અને કાજુના સૂકા મેવા ઉપર ઑલિવનું પેટના સંચામાં સીંચાતું તેલ! કોઈ જાલિમ ખાઉધરો હોવો જોઈએ! પેટના હવનમાં એ હોમાયું, એટલે વાયોલાની વારી આવતાં એણે બે ગૅલન પીસેલી બદામનો સૂપ માગ્યો. તે તો જોતજોતાંમાં ગટગટાવાયો; એટલે બૉસ્ટનના મહારથીએ બે ડઝન બાફેલાં ઈંડાં મગાવ્યાં. કોઈ ઉપર મીઠું તો કોઈ પર મરી ભભરાવી તે પેટમાં સેરવાયાં, એટલે વાયોલા અને સલાહકારે બે ક્ષણની ગુફતેગો કરી ચિકન મંગાવ્યાં. આમ જે ચાલ્યું તે વારા ફરતી શાક-સલાડ, વટાણા-બટાકા, આસપારેગસ અને બબ્બે હૅમ્બુર્ગર સુધી એક પછી એક સામગ્રી પેટમાં સીંચાઈ ગઈ.

અહીં બંને હરીફ જરા શ્વાસ ખાવા થોભ્યાં, પણ લાગલાગટ બે મિનિટથી વધારે તો દાંતને રાહત આપવાની નહોતી, એટલે ત્રાંસા બેઠેલા ત્રણ જણે એક-બે-અને ત્રીજી ટકોરી ફટકારે તે પહેલાં તો વાયોલાએ પુડિંગમાં મીઠાઈનો ચોસલો મંગાવ્યો. ખાસ્સો બે ફીટ લાંબો, ફૂંકી દેતાં ત્રણ ઈંચ જાડો, અને ઉપર સફેદ ખાંડનું અરધોએક ઈંચનું પ્લાસ્ટર! એના બરાબર એકેક ફૂટના બે સરખા ભાગ કરવામાં આવ્યા. જજોએ મોંમાં પાણી સાથે બધું બરાબર છે કહેતાં બંનેના ટેબલ ઉપર બેઉ ભાગ ગોઠવવામાં આવ્યા અને જેવો જો હુફલે એક ટુકડો ખાધો કે એની ગતમાં ફેરફાર જણાયો! મોં ઉપર અણગમો તરતો દેખાયો, અને અમારા સૌનાં મનમાં થયું કે આ ટુકડો છેવટનો ઘડોલાડવો પુકારશે ત્યાં તો અમારાં વાયોલા બાઈએ ઈશારત કરી સલાહકાર ભલા ભગવાનને જરા નજીક બોલાવી, કાનમાં કંઈ કહ્યું. આમ થતાં હવા બગડી. જે કાગને ડોળે અને તાળવે ચોંટેલી જીભે શાંતિથી હરીફાઈ ચાલી રહી હતી એમાં ચાર બૉસ્ટનિયા ઊભા થઈ 'ફાઉલ'-એટલે કે 'દગો'-એટલે કે 'ભૂલ'-એટલે કે 'ખોટું'-એટલે કે

'કાયદાલેખ'ની એકેશ્વાસે જાહેરાત હાંકી!

અહીં વાત અટકી અને હેવાએવા વાંધો ત્રણે જજ સમક્ષ નોંધાયો, કે આ મ સલાહકારને વચગાળે પૂછી શકાય? સલાહકાર પોતે તો સલાહ આપી શકે, પણ હરીફ સામે થઈને પૂછી શકે?–આ કજિયાનું મૂળ. તો એક જજે ઊભા થઈ પોકાર્યું 'અચ્છા થોભો. અમે ત્રણે જજો કશો ચુકાદો ચૂકવીએ તે પહેલાં બાઈ વાયોલાએ ભલાને શું પૂછ્યું, શી વાત કરી તે જાહેર કરો. એ જાણીને અમે ચુકાદો આપીશું' દસેક જણા ત્યાં બોલ્યા: 'બરાબર'; 'કહો'; 'જાહેર કરો'. એટલે અમારા હરીફનો લાયક સલાહકાર ભલો ભગવાન ઊભો થઈ, જરા નમી, ચોખવટ કરે છે: 'સાહેબો! નામદાર સાહેબો! બાઈ વાયોલાએ મને તો એટલું જ પૂછ્યું કે આ અડધિયું મીઠાઈનું આટલું અમથું ટુકડું મને આપો છો, એને બદલે આખો જ ટુકડો મને આપવામાં આવે અને બીજો તૈયાર હોય તો હરીફને આપવામાં આવે એમ મંગાય ખરું? એવી માગણી કરી શકાય ખરી? હું બંને સફાચટ કરવા તૈયાર છું!'

આ સાંભળતાં જ હુકલે છરીકાંટા ભોંય પર ફેંકી દીધા ને બોલ્યો: 'ભાઈઓ! હું હાર્યો. હજી તો આ ઢગલો આ બાઈ શરૂ કરે તે પહેલાં બીજો માગે છે, ત્યાં મને તો હવે મોંમાં–શું કહે છે એને?–વમળ આવવા માંડે છે! ના, એને નહિ પોંકાય. હું હાર્યો! આ તો રાક્ષસી માયા છે, અને હવે હું એક કણી પણ ખાઉં તો મારું મોત ભરખે! હું હાર્યો!'

આ ભાષણ પત્યું કે તરત ભલા ભગવાને વાયોલાબાઈનો હાથ પકડી, ઊંચો કરી, ત્રણવાર હિપ હિપ હુર્રે બોલાવી દીધી. અને ઉશ્કેરાટમાં ફરી બોલવું શરૂ કરે છે ત્યાં તો એ જમીન પર ઢગલો થઈને પડ્યો. એ એટલો બધો ઉશ્કેરાઈ ગયો હતો; અને પેલી બાજુ જો હુકલ મોંમાં ઊલટી અને પેટમાં આંકડીના ખેલમાં વલોવાઈ ભોંય પડયો હતો! કહે છે કે બંનેને ઑસ્પિટલમાં ખસેડયા ત્યારે ડાકટર લોક છક થઈ ગયા: એકને ભૂખમરાને લઈને સ્ટ્રેચર પર નાખવો પડેલો, બીજો ખાઉધરો હોવાના કારણે લાવવો પડેલો!

બધું પતી ગયું અમારા રોકેલા પૈસા તો પાછા આવ્યા અને ઉપરથી કમાયા તે જુદું એ બધો હિસાબ પતતાં બીજે દિવસે અમે વાયોલાને બપોરે ફરી મિન્ડીના રેસ્ટોરાંમાં જમવા બોલાવી ત્યારે અમે પૂછીએ છીએ કે, 'તેં ભલા ભગવાનને કાનમાં શું કહેલું તે કહે.' તો વાયોલા પહેલાં તો ભલા ભગવાનનાં ભારોભાર વખાણ કરવા લાગી, એની ચમત્કારિક બુદ્ધિને અંજલી આપી; અને પછી કહે છે: 'મેં તો કહ્યું કે હવે એક પણ કોળિયો મોંમાં જાય એમ નથી. આપણે હાર કબૂલ કરી દો!' ત્યાં તો બધો ગગડો થયો ત્યારે ભલાએ જે વાત ફેરવીને પરખાવ્યું કે મને તો ડબલ ખાવાનાનો ભોગ જોઇએ છે! અને એનું પરિણામ તમે જાણો છો! એટલા જ માટે ભલા ભગવાનનાં હું જેટલાં વખાણ કરું એટલાં ઓછાં છે. એ ઉપરાંત વાયોલા વળી ઉમેરે છે કે જ્યારે આજે આપણે વાત કરવા બેઠાં છીએ ત્યારે એક કબૂલાત પણ મારે કરવી જોઈએ. ખરું પૂછો તો હું તો આ હરીફાઈની તારીખ જ ભૂલી ગએલી. અને મુકાબલાના એક કલાક અગાઉ મેં તો મારું રોજિંદુ ખાવાનું ખાઈ લીધું હતું, એટલે જરા છેવટના ભાગમાં હું અકળાઈ ગઈ હતી, પણ ભલાએ જરૂર ભલી કરી—રંગ રાખી લીધો!

હવે આ હરીફાઈ અંગે એક અગત્યની વાત. મહિનામાસ બાદ એક દિવસ મને પેલા સુકાંટા જેવાં મિસ સળખમ રસ્તે ભટકાયાં. ત્યારે એમની તબિયતમાં તો મને સારો જેવો સુધારો એટલે કે વજનમાં વધારો જણાયો. અને મેં એને અભિનંદન પણ આપ્યાં. અને પછી લગ્નનું પૂછવા જાઉં છું તે પહેલાં તો એ બાઈ કહે છે: 'ના રે, પેલા ઉપવાસ કરવાના અને અમુક જ વસ્તુ ખાવાના ધખારા તો મેં ક્યારના છોડી દીધા છે. પુરુષોને વજન ઘટાડવાં ગમતાં નથી, અને સાચા પુરુષને વાપાણી કે બાફેલાં શાકના સૂપ-રસા પર જીવવું ફાવતું નથી. એમને તો માલમલીદા જોઈએ. એ વાત મને અમારા છાપાના તંત્રી મિ. બગેલે બરાબર સમજાવી. એટલે હવે હું તો એની સાથે કલબમાં નાચવા જાઉં છું. અને પાકો ખોરાક ના લઉં તો મારાથી જમીન પર ઊભાં જ કેમ રહેવાય? એટલે મેં તો એ બધા વિચારો છોડી ખાવું પીવું શરૂ કરી દીધું છે અને મિ. બગેલ સાથે મોજથી હરુંફરું છું.'

'પણ ત્યારે અમારા ભલા ભગવાનને તમે સાંકળે બાંધી, ઓરડીમાં પૂરી, એની ઉપર ખોરાકબંધીની દેખભાળ રાખતાં હતાં તેનું શું? એ પણ કંઈ હમણાં દેખાતો જ નથી, એનું શું?'

તો બાઈ ઉશ્કેરાઈને કહે છે: 'બોલશો નહિ એની વાત! એ પામર, દુષ્ટ, હરામખોર, બેવફા! જેવો એને ઑસ્પિટલમાંથી છૂટો કરવામાં આવ્યો કે તરત જ એ પેલી મારી સખી વાયોલાને ત્યાં ઊપડયો, અને એની સાથે ભાગી ગયો! મારે ત્યાં એણે એક ચિઠ્ઠી મોકલાવી કે વાયોલા અને એ બેની તો બે હૃદયના એક મેળની વાત છે, અને બંનેના હોઠામાં એક જ વિચાર ગુંજતો રહે છે, અને હવે પરણીને રેસ્ટોરાં કાઢવાના વિચારમાં છે! બનવાજોગ છે કે બંને હવે સાત સાત ઘોડા જેટલું ખાતાં હોય!'

આ સાંભળી મને એની દયા આવતાં મેં એને મિન્ડીના રેસ્ટોરાંમાં એકાદ સૅન્ડવિચ ખાવા નોતરી. તો એ કહે: 'ચાલો. સૅન્ડવિચ શા માટે? આપણે બંને એકેકું ચિકન જ લઈએ, અને પછી જે તૈયાર હોય તે ખાઈએ!'

હિંદી પત્રમિત્રો

(1) Devendra C. Rawal, 26 Motan Building, Bunder Road, P. B. No. 5438, Karachi-2 (West Pakistan)–22, Stamps, Photography, F. D. C., Music Travelling. (2) Mukesh J. Wadera, 48, Swami Narayan Temple Estate, Opp. Karachi Municipal Corp., Bunder Rd., Karachi-1 (West Pakistan). (3) Sureshchandra J. Mehta, 21 Digvijaya Plot, Jamnagar (Saurashtra)–19, Stamps, View-cards, Music. (4) Mehta Jitendra Manilal, C/o Kapol Boarding, Jafarabad Rd., New Deri of Hanumanji, Rajula City, (Saur.)–16, Stamps, Cricket. (5) Acharya Jashwantlal Ratilal, Shiyani, Via Limbdi Dist. Surendranagar, —Stamps, F. D. C. (6) Desai Mansi L., Desaiwada, Post Kheradu, Dist. Mehsana–23, Coins, View-cards. (7) Hasmukh Shantilal Sheth, C/o Mehta Panachand Thakarshi, Jain Vidyarthi Bhuvan, Near Arts & Science College, Surendranagar (Saur.)–19, Reading & Writing, F. D. C., Stamps (8) Doshi Kumarpal Kantilal, C/o J. K. Shah, Anand Nagar, Bl. No. 2, Rm. No. 16, Santacruz (East), Bombay-55—20, Reading, Chess (9) Ramesh Parekh, 'Nirmal', C/o Shri H. R. Parekh, Mulchand Marwadi's Chawl, No. D/1. Rm. 6, S. V. Road, Opp. Telephone Exchange, Malad–West, Bombay-64–17, Stamps.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર મ. રાવળનું આત્મકથાનક-૮૫

૪૨૧ ધંધાદારી પ્રવૃત્તિ

વડોદરાથી આવ્યા પછી મેં મુંબાઈમાં જ મારું ભાવિ વિસ્તારવામાં ધ્યાન આપવા માંડ્યું ને જે કામ મળે તે લેવું એવો નિશ્ચય કર્યો. મારા મિત્રો મારા ક્ષેત્રની શક્યતાઓ વિષે બહુ ઓછું જાણતા, પણ મને તો ખાતરી જ હતી કે હું સ્વતંત્રરીતે મારો નિભાવ કરી શકીશ. મારી અગાઉના આર્ટના સારા સારા વિદ્યાર્થીઓ ડ્રૉઇંગ ટીચર કે આર્ટ માસ્તરના વર્ગો ભરી સરકારી નોકરીઓમાં જોડાઈ ગયા હતા. તેમના ગ્રેઈડ માસિક રૂ. ૪૦ કે ૬૦ના અનુક્રમે હતા. જ્યારે હું ઘરમાં જ કામ કરી માસિક રૂ. ૯૦ સુધી મેળવી શકતો હતો. તે સાથે જાહેર જીવનમાં પણ જોડાતો હતો. મેં 'ગુજરાતી' સાપ્તાહિકમાં 'ચિત્રો અને ચિત્રો કરવાનો હુન્નર' નામનો લાંબો લેખ ત્રણ હપ્તા સુધી આપ્યો હતો. આ વર્ષના માર્ચ માસના મુંબાઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં પણ મેં પાંચ ચિત્રો મૂકેલાં, પણ તેમાંનું કોઈ નોંધપાત્ર ગણાયું નહિ. તે વખતે તા. ૧૬-૩-૧૯૧૮ને રોજ, કર્વે આશ્રમમાં ચિત્રશિક્ષક નીમાએલા મારા મુ. મિત્ર શ્રી બચુભાઈ મૂલાણીને મેં લખ્યું: "તમે 'ગુજરાતી'માં ચિત્ર વિષેના મારા લેખો વાંચો છો તે જાણી આનંદ થયો...મેં આ વેળા પ્રદર્શનમાં પાંચ ચિત્રો મોકલ્યાં હતાં તેમાંથી ચાર સ્વીકારાયાં. પરીક્ષકમંડળે તો યુરોપીઅન ધોરણ—અને તે પણ બહુ ઉચ્ચ કોટિનું નહિ એવું—પકડીને એક વિચિત્ર સ્કેચ માટે સુવર્ણચાંદ આપ્યો છે. તે હિંદુસ્તાનની કળા માટે જરા યે હિતકર નથી એમ મારું માનવું થયું છે. ઊલટું તેથી આપણા દેશના શ્રીમાનો ઈંગ્લંડની ઊતરતા પ્રકારની કળાનો ઘરમાં આદર કરતા થયા છે. બીજી તરફ હિંદી ચિત્રકારોએ પણ આ વખતે કોઈ નામચીન ચિત્રો મૂક્યાં નથી.'

૪૨૨ મુકુલ દે

એવામાં એક વાર સ્વામી આનંદ કાંદાવાડીમાં ભેગા થઈ ગયા, એમણે વાત કરી કે મુકુલ દે નામે એક જુવાન બંગાળી ચિત્રકાર, અવનીન્દ્રનાથ ટાગોરનો શિષ્ય અને પરિવારજન, અજન્ટા જઈને મુંબાઈમાં આવેલ છે ને ઈંગ્લંડ પહોંચવાને નાણાં ભેગાં કરે છે. તેને જીવંત પાત્રો પરથી સુંદર તસવીરરેખા ઉતારતાં આવડે છે અને શ્રીમાનોને ત્યાં જઈ તેમને સામે બેસાડી આલેખો કરી આપે છે. એકાદ કલાકમાં તે આ કામ પૂરું કરે છે અને તેના પ્રવાસ માટે સહાયની રકમ મેળવે છે. આ મુકુલ દેએ બંગાળના પ્રસિદ્ધ પુરુષોનાં આકદસ રેખાચિત્રો કરેલાં જેનો છપાએલો સંપુટ મેં જોએલો તેની રેખામાં સ્પર્શિલતા અને સજીવતા હતાં, પણ એક કલાક જેટલો લાંબો સમય આપનારા મુંબાઈના શ્રીમંતો અને ધીમતો મને પણ જો અનુકૂળ થાય તો હું પણ એવું કામ કરી શકું ખરો, એવી મારી શ્રદ્ધા હતી. સ્વામી આનંદે તેને લઈને સાન્ટાક્રુઝ મારે ત્યાં આવવાનું ઠરાવ્યું.

તેના આવવાના દિવસે મેં રામરાવ, દેવલાલીકર અને પાવનજીને પણ નિમંત્ર્યા. મારી મઢૂલી પર બપોર પછી નાનકડું સ્વાગતમંડળ ભેગું થઈ ગયું. સ્વામી મુકુલને લઈને આવ્યા. મુકુલે એકલ પડે અજંટામાં બે માસ રહી મોટી નકલો કરી હતી અને તેમાંની એકબે મુંબાઈમાં વેચી સારા પૈસા એકઠા કર્યા હતા. એ ઉપરાંત પણ તેની પાસે બીજી નકલો હતી તે લઈ ઇંગ્લંડમાં તેનાં નાણાં ઊભાં કરવા તેણે વિચાર્યું હતું. એ કાળે લોકો અજંટાનું નામ માત્ર જાણતા. ગ્રિફિથ્સના બે મોટા ચિત્રગ્રંથો ઈ. ૧૮૯૨માં લંડનમાં પ્રસિદ્ધ થએલા તે પણ કોઈક જ અભ્યાસી વિરલાઓએ જોએલા; બાકી ચાલુ દુનિયામાં તો યુરોપિયન શૈલીઓની જ બોલબાલા હતી, અને મુંબઈના ચિત્રકારો તો અજંટા નજીકમાં હોવા છતાં તેનાં સુશોભનચિત્રોથી વધુ જાણ ધરાવતા નહોતા, એટલું જ નહિ પણ એ તો પ્રાચીન નમૂનાઓ છે એમ કહી તેની અવગણના કરતા હતા.

મુકુલે જ્યારે મારા સ્કેચ તથા રામરાવનું કામ જોયું ત્યારે મુક્તપણે પ્રશંસા કરી અને ખૂબ સદ્ભાવ બતાવ્યો. અમે તેની પાસેથી તેની અજંટાવાસની કહાણી સાંભળી. ત્યાંનાં ચિત્રો ઉતારવા તેણે નિઝામ સરકારની અનુમતિ મેળવેલી, તે આપતાં નિઝામ સરકારે શરત કરેલી કે તેની સર્વ નકલો ખાતાના અધિકારીને બતાવવી અને તેમને ગમે તે અરધી સંખ્યાની નકલો રાજ્યને સુપ્રત કરી દેવી. પણ આ સાહસિક બંગાળીએ એક અંધારી સવારે કોઈની રજા લીધા વિના પોતાના અસબાબ સાથે બધી જ નકલો લઈ નિઝામની હદ વટાવી દીધી! પાછળથી તેના પર ઘણા યે હુકમો નીકળ્યા હશે, પણ કંઈ ન થયું.

આ પછી મુકુલ ઇંગ્લંડ પહોંચી ગયા. ભારત સરકારે દિલ્હીનાં સુશોભનચિત્રો માટે તાલીમ આપવા ચાર ભારતીય ચિત્રકારોની પસંદગી કરવાનું લંડન રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સના પ્રિન્સિપાલ રૉથેન્સ્ટાઈનને સોંપેલું. ભારતમાં તેની જાહેરખબર થતાં પહેલાં તો ત્રણચાર બંગાળી જુવાનો અરજીઓ અને પ્રમાણપત્રો લઈને રૉથેન્સ્ટાઈનની ઑફિસે પહોંચી ગએલા. તેમાં અપવાદરૂપ શ્રી લાલકાકા પણ હતા. રૉથેન્સ્ટાઈન લખી ગયા છે કે આમાં તે ભોળવાઈ ગએલા અને એ વિદ્યાર્થીઓને પસંદ કરી લીધેલા. અને ભારતના ખર્ચે તેમને વર્ષભરના વર્ગમાં લીધા પણ મુકુલ દે કંઈ બેસી રહ્યા નહિ. પોતાની અજંટાનકલોના તેમણે સારા પૈસા પેદા કર્યા અને કોઈ એક પ્રકાશન કંપની દ્વારા અજંટા અને બાઘ ગુફાઓ ઉપર અજબ વર્ણનોવાળું મોંઘી કિંમતનું પુસ્તક પ્રકટ કર્યું આમ પોતાનો પ્રભાવ વિસ્તારતા રહી સમય આવતાં તે કલકત્તા સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ થઈ ગયા, જ્યાં તે નિવૃત્તમર્યાદાની મુદત પૂરી થતાં સુધી ટક્યા. પ્રસિદ્ધ પુરુષોની પોતે કરેલી ૧૦૦ જેટલી તસવીરોનો ઍચિંગ છાપમાં એક મોટો સંપુટ છપાવ્યો, જેની બાંધી સંખ્યાની પ્રતો દરેક રૂ. ૩૦૦ કે વધારે કિંમતે વેચાઈ. એ રીતે આ વ્યક્તિની કારકિર્દી બની રહી. તેને સહાય અને આશ્રય આપનારાઓમાં મુંબાઈના ખટાઉ કુટુંબના શ્રીમંતો તેમજ સર પ્રભાશંકર પટ્ટણી, લલ્લુભાઈ શામળદાસ વગેરે હતા. એ કાળે ગુજરાતના શ્રીમંતોની ઉદારતાએ મહારાષ્ટ્ર બંગાળ તથા હિંદના બીજા પ્રાંતોમાં બહારની સંસ્થાઓ અને વ્યક્તિઓને જેવો આશ્રય આપેલો તેવો ગુજરાતના કોઈ યુવાનને મળ્યાનો દાખલો વિરલ હશે.

૪૨૩ ચિત્રકાર હરિશંકર જોષી

આ જ અરસામાં મારા પડોશી સંબંધી અંબારામ માસ્તરને ત્યાં એક મહેમાન આવ્યા એ ભાઈનો ભેટો તેમના એક ટ્યૂશન માસ્તર મિત્રને ત્યાં થએલો. એમનું નામ ઘણું કરીને વિઠ્ઠલદાસ હતું. આધેડ વયના એ ગૃહસ્થનું એક વખત અમરેલીમાં પોતાનું છાપખાનું હતું અને માસિક ચારસો રૂપિયા કમાતા એમ તેમનું કહેવું હતું. પણ કોઠું આર્થિક સ્થિતિ ન મળી પડી અને પોતાને બીમારી લાગુ થઈ એટલે બધું જતું કરી મુંબાઈમાં દવા કરાવવા આવ્યા હતા અને કંઈક ધંધો શોધતા હતા. તેમાં તસવીરોના ઑર્ડર મેળવી, પોસાતા ભાવે ચિત્રકારો પાસે

તસવીર તૈયાર કરાવી, પોતાના ભાવથી વેચી ઉપરના નફાની આવક કરતા હતા. અંબારામ માસ્તરે મારી વાત કરી, એટલે પોતે ઘણું કામ લાવી શકે એમ છે એવી આશાજનક વાતો કરી મારું કામ જોવા આવ્યા. પણ એ તો મને ઉપદેશ આપવા લાગ્યા કે ઘરાકને જેવું કામ ગમે તેવું કામ કરવું જોઇએ. તમારે નમૂનો જોવો હોય તો આવજો મારી રૂમ ઉપર, મેં એક ઘરાકનું કામ તૈયાર કર્યું છે અને આર્ટિસ્ટ દેશમાંથી નવો જ આવ્યો છે તેથી હું બીજે દિવસે ભૂલેશ્વરની કોઈ ચાલમાં પેલા ટ્યૂશન માસ્તરને ત્યાં મારા સંબંધી અંબારામ માસ્તરને લઇને ગયો.

તે વખતે તેમણે પહેલો જ ઑર્ડર મેળવેલો અને તેનો ચિત્રકાર પણ બાજુની ઓરડીમાં મહેમાન હતો. કામ સ્વચ્છ હતું અને નકલ યાંત્રિક ચોકસાઈભરી હતી; પણ તસવીર માટે મારો આદર્શ જુદો હતો. હું ભાવ, મુદ્રા અને લક્ષણ પર ધ્યાન આપતો જ્યારે ચિત્રકારે ફોટોગ્રાફનું હૂબહૂ સામ્ય પકડી રાખ્યું હતું બજારમાં પણ એવા જ કામની માગ હતી મેં તો એવું કામ કરવા મારી અશક્તિ જણાવી દીધી, પણ એ જુવાન ચિત્રકાર મારા મનમાં રહી ગયો. વિઠ્ઠલદાસ તે પછી વધુ બીમાર થતા ગયા અને ચિત્રકારને પૈસા પૂરા આપી શક્યા નહિ તેમ દવાદારૂનો ખર્ચ પણ કરી શક્યા નહિ, એટલે લાચાર અને અશક્ત હાલતમાં દેશમાં પાછા ગયા અને થોડે વખતે તેમનું અવસાન થઈ ગયું. પરંતુ ચિત્રકારે મુંબઈમાં પગ ઠેરવ્યો અને થોડા વખત પછી મારા સ્નેહી મુ. બચુભાઈ મૂલાણીને તેમનો પરિચય થયો ત્યારે મને ભોઇવાડામાં મોટા વૈષ્ણવ મંદિરની પાછળની નીચી ચાલીમાં તેમની ઓરડી પર લઈ ગયા એ વખતે તે ઘણા ભાવથી અમને મળ્યા.

એમનું નામ હરિશંકર જોષી. ફૂટડા, ઊંચા, જુવાન, પરિશ્રમી, નવું જાણવા-જોવાની વૃત્તિવાળા તેમજ સારા ચિત્રકારની કદર કરી શકતા, બીજાનાં સારાં કામ જોઈ જોઈ તે આગળ વધેલા. પોતાની તસવીરોમાં તે રંગ ઊઘડતા, મીઠા અને સ્વચ્છ રાખતા અને વસ્ત્રો તથા અલંકારોમાં ચાલુ ઢબની વિગતો અને આકાર સાચવી શકતા. પણ આ બધા સાથે તે બહુ કરકસરિયા લાગ્યા.

એમની ઓરડીનું ભાડું પાંચ જ રૂપિયા હતું. પાછળની ખંચાળીમાં પડતી બેઠી બારીમાંથી અજવાળું મળતું તેના આધારે જમીન પર બેસીને ચિત્રો કરતા, જેમાં લાઈફ સાઈઝની (પૂરા કદની) તસવીરો પણ હોય! એમની બારીની સામે છ ફૂટને અંતરે ગોંસાઈજી મહારાજના મકાનની બારી હતી. તેઓ રોજ ત્યાં આવી ઊભા રહે અને ચિત્રકામ થતું જુએ. તેમાંથી તેમની સાથે એમનો પરિચય થયો. મહારાજ માટે તેમણે રાધાકૃષ્ણનું ચિત્ર કર્યું, તે પછી મહારાજના શ્રીમંત અનુયાયીઓ તરફથી તેમને ઘણું કામ મળવા લાગ્યું.

રોજના દસ રૂપિયા પાડવા જોઈએ એવો તે આગ્રહ રાખતા. નાટક, સિનેમા, સાહિત્ય કશાનો શૉખ નહિ. હજામને પણ કહે કે બે મિનિટમાં પતાવી દે, મને વધુ ખોટી કર નહિ! તેમનો સિદ્ધાંત એવો કે રોકડા પૈસા આપે તેનું જ કામ કરવું. તેમનો હાથ તસવીરોમાં ખૂબ સુધરી ગયો. સફાઈદાર કામ થાય અને ખૂબ કામ મળે. ચિત્રકારો ને ફોટોગ્રાફરો પણ કામ આપે. પોતાની કિંમત મળી જાય પછી બીજાઓ પોતાના ઘરાક પાસેથી ગમે તે રકમ મેળવે તેની એ પરવા કરે નહિ. તે કહેતા કે હું જાતે સીધું કામ લઉં છું તેમાં મને જશ મળતો નથી; બીજા દ્વારા કરું છું તે સારી રીતે પસાર થઈ જાય છે!

થોડા વખત પછી પ્રિન્સેસ સ્ટ્રીટ પર ભરૂચા બિલ્ડિંગના ખૂણા પર '૩૫' નામથી એક પંજાબીએ ફોટોગ્રાફીનો સરસ સ્ટૂડિયો બનાવ્યો અને તેમાં હરિશંકર પાસે કરાવેલી ઘણી તસવીરો ગોઠવી તેથી ઘરાકી વધી એટલે તેણે હરિશંકર જોડે માસિક ચારસો રૂપિયાનું કામ આપવા સાથે એવો કરાર કર્યો કે તેણે બીજા કોઈનું કામ લેવું નહિ. હરિશંકરે સામે એવી શરત કરી કે તેનું કામ નહિ આવે ત્યારે તે બીજું કામ લેશે. કરાર છતાં ઘરખર્ચ માટે હરિશંકર ખાનગી કામ કરે અને માસિક બચત બૅંકમાં મૂકે. હૈદરાબાદના શાહી ફોટોગ્રાફર રાજા દીનદયાળ માટે હરિશંકરે ઘણી મોટી તસવીરો કરી. તેના હરિશંકરને તો માત્ર ૩૦૦ કે ૫૦૦ રૂપિયા મળતા; અને પંજાબી વેપારી નવાબો અને રાજાઓ પાસેથી હજારો મેળવતા તેની ઈર્ષ્યા હરિશંકર કરતા નહિ.

તે પછી હરિશંકરે લગ્ન કર્યું. કારીગરોને ઘેર બેસાડી જરીની સાડીઓ તૈયાર કરાવતા અને સોના-હીરાનાં ઘરેણાં પણ ખરીદતા; પણ કામમાંથી એમણે કદી આરામ લીધો નહિ. છેવટે તબિયત એવી બગડી કે દેશમાં જઈ કાયમનો ખાટલો નાખ્યો ને અવસાન પામ્યા. પોતાના પુત્ર નટવરલાલને તેમણે ધંધામાં સારી રીતે પ્રવીણ કરેલા. જેમણે પિતાની ઘરાકી સાચવી લીધી.

હરિશંકરે રૉયલ એશિયાટિક સોસાએટી માટે ભગવાનલાલ ઇંદ્રજીની મોટી તસવીર કરી છે તે તેના નામનું સ્મરણ રાખે એવી છે. મારા પ્રતિ તેમની ચાહના અને આદર છેવટ સુધી મેં અનુભવ્યાં હતાં.

૪૨૪ કુટુંબનાં સુખદુઃખ

દરમિયાન મારા પિતાશ્રીને વડોદરાથી અમદાવાદના હેડ પોસ્ટમાસ્તર તરીકે બદલીનો હુકમ મળ્યો તેઓ થોડી રજા લઈ ભાવનગર ગયા ને અમદાવાદની જગ્યા પર આવતાં મારાં બહેનને તેમના સાસરે વીરમગામ મૂકતા આવ્યા. અમદાવાદના ભદ્રકાળીના મંદિરની બાજુમાં આવેલા મહાલય ઢબના આઝમખાંના મહેલના મકાનના નીચેના ભાગે ત્યારે પોસ્ટ ઑફિસ હતી (આજે જ્યાં ગુજરાત રાજ્યનાં પ્રકાશનો વેચાય છે) અને ઉપરનો આખો માળ પોસ્ટ માસ્તરના નિવાસ માટે હતો. આવી સગવડભરી સ્થિતિ પ્રાપ્ત થતાં તેમણે ડૉ. અંકલેશ્વરિયા પાસે મારાં માતુશ્રીના આંખના મોતિયા ઉતરાવ્યા ત્યાં સમાચાર આવ્યા કે મારાં બહેનનું જીવન ખૂબ ઘાતકી સ્વભાવના મનુષ્યના પનારે પડ્યું હતું. માબાપ વિનાનો યુવક ઓરમાન ભાઈ-બહેનના આશ્રયે વિકાસ પામેલો નહિ ને હલકી સોબતે મિજાજ બગાડેલો. પણ મારાં માને તો આવું સાસરું છોડાવી પાસે રાખતાં ખાનદાની લાજતી હતી, એટલે મોત થવાનું હોય તો યે તેને સાસરે જ રાખવાનો તેમનો આગ્રહ હતો. પણ જમાઈ એ જમ બની બહેનને સતાવી શરીર પર પ્રહારો કર્યા, ને અમારા એક હિતસ્વીએ તેને પોતાને ઘેર લઈ જઈ પાટાપીંડી કરી, અમદાવાદ તાર કર્યો એ બનાવે માતપિતાને કેટલી વેદના ઉપજાવી હશે. મોતિયાનો પાટો છતાં મારાં માતુશ્રી તેને અમદાવાદ લઈ આવ્યાં. આ બીનાનો પત્ર મને મળ્યો ત્યારે મારું મગજ સમાજની કુલીનતાના દંભ ઉપર ઊકળી ઊઠ્યું (ચાલુ)

ઉમર ખય્યામની રૂબાઈઆત · અનુવાદ: 'શૂન્ય' પાલનપુરી

જગતસાહિત્યમાં આગવું સ્થાન ધરાવતી, ૧૧મી સદીના એ ઈરાની કવિની રૂબાઇઓના, શ્રી 'શૂન્ય' પાલનપુરીએ મૂળ ફારસી પરથી કરેલા અનુવાદનો થોડો આસ્વાદ ફેબ્રુઆરી અંકમાં આપ્યો હતો. સાકી અને શરાબનાં એનાં મસ્ત કવનોની પાછળ જીવનની પાર જતો ઇશ્કે હકીકી પ્રતીત થાય છે. એની થોડી વધુ કંડિકાઓ'

સાંભળી એક દિ' સુરાલય દ્વાર પર એવી પુકાર,
'જાગ ઓ પાગલ શરાબી, ક્યારની થઈ છે સવાર;'
એ પ્રથમ કે પાત્ર ખૂટી જાય આવરદા તણું,
પ્રેમથી પ્યાલાં ભરીને લૂટીએ જીવન-બહાર.

પાથરી કેવી ઉષાએ રંગ-લીલા વિશ્વ પર!
સૂર્યનાં ઘેઘૂર લોચનમાં સુરાની છે અસર;
ગુપ્તતા જેવું ન કૈં રાખ્યું નકીબે તો પછી,
પી ઉઘાડે છોગ તું યે કોઈની પરવા વગર!

જો સુરા પીવી જ હો તો શાનની સાથે પીઓ,
કાં પ્રિયા, કાં યાર બુદ્ધિમાનની સાથે પીઓ;
ખૂબ પી ચકચૂર થઈ જગનો તમાશો ના બનો,
કમ પીઓ, છાની પીઓ, પણ ભાનની સાથે પીઓ.

કોણ? કોની સાથ? ક્યારે? કેટલી મદિરા પીએ?
ચાર પ્રશ્નોનો જે ઉત્તર મેળવી મદિરા પીએ,
–આમ તો જોકે નશાની છે મનાઈ ધર્મમાં–
હક છે એવા જ્ઞાનીઓને, છૂટથી મદિરા પીએ!

મોત આવે એ પ્રથમ પીવા ચહું છું એટલી,
મઘમઘે મારી રજેરજ એ મધુર ખુશ્બૂ થકી;
પ્યાસનો માર્યો મદિરાભક્ત કો આવી ચડે,
મસ્ત થઈ ઝૂમી ઊઠે મારી કબરની મ્હેકથી!

તુજથી ઓ ધર્મી! છીએ હર વાતમાં બાહોશતર,
છે નશામાં પણ વધુ અમને જમાનાની ખબર;
તું પીએ છે લોહી માનવનું, અમે અંગૂરનું,
છે ભયંકર કોણ જગમાં? તું જ ખુદ ઇન્સાફ કર!

ના કહો અમને મુસલમાં, ઈશ્કના કાફર છીએ,
તન ભલે કમજોર છે, પણ મનના જોરાવર છીએ;
ભર બજારે વેચતા ફરતા નથી ઈમાનને,
દિલનાં મોંઘાં રત્ન કેરા શાહ સોદાગર છીએ.

ઓ શિખામણ આપનારા! એટલો ઉપકાર કર,
ઈશ્વરી ઇન્સાફ પર મૂગો રહી ઇતબાર કર;
વક્રદ્રષ્ટા! રાહ જે લીધો અમે સીધો જ છે,
ખોડ તારી આંખમાં છે; જા, પ્રથમ ઉપચાર કર!

જાગ મારા પ્રાણ! લે આવી ઉષા, કલ્લોલ કર,
છેડ વીણા, પી સુરા, ઉદ્યાનમાં ઉલ્લાસ ભર;
જેટલાં ફૂલો ખીલ્યાં એ સર્વ કરમાઇ જશે,
જેટલાં પર્ણો ખર્યાં પાછાં ન ફરશે વૃક્ષ પર.

ઓ પ્રિયા! પરિકરના જેવું આ જીવન છે આપણું:
બે જુદાં શિર છે પરંતુ એક તન છે આપણું;
વર્તુલો રચવા લગીની છે જુદાઈની વ્યથા,
કાર્ય પૂરું થઈ જતાં સ્થાયી મિલન છે આપણું.

સૌ કહે છે એશ કરવાની મઝા તો હૂરથી,
હું કહું છું કોઈ રીતે ના વધે અંગૂરથી;
રોકડું જે કૈં મળે લઈ લે, ન કર સોદો ઉધાર,
ડુંગરો રળિયામણા લાગે છે કેવળ દૂરથી.

લેખ વિધિએ લખ્યા મારા મને પૂછ્યા વગર,
કર્મની લીલા રચી રાખી મને ખુદ બેખબર;
આજ પણ ચાલે છે ક્યાં મારું મનસ્વી દોરમાં?
હું કયામતમાં હિસાબ આપું કયા આધાર પર?

દિલના જખ્મોને જગત આગળ કદી ખોલું નહિ,
પ્રેમનાં એ રત્ન મોંઘાં પથ્થરે તોલું નહિ;
એમ લાગે તુજ વિના પણ અન્ય સાંભળનાર છે,
તો મરી જાઉં, પરતુ શબ્દ પણ બોલું નહિ.

હોય તુજ આયુ સદી કે બે સદી અથવા હજાર,
એક દિવસ તો જવું પડશે તજી સૌ કારભાર;
તું ભિખારી હો કે રાજા, ફેર કૈં પડશે નહિ,
અંતમાં તો બેઉનો સરખો જ બોલાશે બજાર.

ભાન સ્થિતપ્રજ્ઞોને કેવું રૂપ કે કદરૂપનું?
જ્ઞાનીઓને સ્વર્ગ હો કે નર્ક, સરખું છે બધું.
ત્યાગીઓને ભેદ શો કિનખાબ કે કંતાનનો?
પ્રેમીઓના શિર તળે શું ઇંટ કે શું ઓશિકું?

સત્ય કેરું વૃક્ષ જગમાં કોઈને પણ ના ફળ્યું,
માર્ગ અપનાવ્યો ન સાચો એટલે કૈં ના વળ્યું;
ડાળીએ મથતા રહ્યા સૌ, થડ ન ઝાલ્યું કોઈએ,
એ જ કારણ ફળ અને યત્નોનું અંતર ના ટળ્યું.

આ સકળ બ્રહ્માંડને સમજી લો એક ફાનસ વિરાટ,
પૃથ્વી એનો રમ્ય ગોળો, સૂર્ય એની દિવ્ય વાટ;
આપણે સૌ તેજ-છાયાથી વિભૂષિત ચિત્ર સમ,
ઘૂમતા લઈને અગમ ભાવિનો અંતરમાં ઉચાટ.

જ્ઞાનની મદિરા જ ઓ સાકી અમારી શાન છે,
પાપ છે અનુપાન એનું જ્યાં ફક્ત અજ્ઞાન છે;
ધૂળ છે અવતાર માનવનો નથી જો જ્ઞાન કૈં,
વાસ્તવમાં જન્મનો હેતુ, જ કેવળ-જ્ઞાન છે.

રતનબાનો ગરબો

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

ઈ. ૧૯૨૩માં ગાંધીજીના સાપ્તાહિક 'નવજીવન'ના સંપાદનવિભાગમાં (અમે સાથે) હતા ત્યારે જાણીતા કવિ શ્રી ત્રિભુવન વ્યાસે રચેલો આ ગરબો ૧૩મી એપ્રિલ ૧૯૨૩ના 'નવજીવન'ના પહેલા પાને છપાયો એવો જ કવિની કીર્તિદા બનીને સ્વાતંત્ર્ય-લડતના સૈનિકોમાં જ નહિ પણ લોકજીભે રમતો થઈ ગયો. જલિયાંવાલા બાગના હત્યાકાંડનો ભોગ બનેલા એક નાગરિકની પત્નીની ધીટતાની ઘટનાને ગુજરાતી સાહિત્યમાં દીર્ઘજીવી કરનાર આ ગરબો. એ હત્યાકાંડની અર્ધશતાબ્દીના પ્રસંગે એ સમયના ઉદ્રેકની આજની પેઢીને ઝાંખી કરાવવા ફરી પ્રસિદ્ધ કરીએ છીએ. (તંત્રી)

અંગરેજી રાજ તો આવ્યું, આવીને ફાવ્યું—રતનબા!
જુક્તિથી મુલક જીત્યા, ને સૈકા વીત્યા—રતનબા!
મરદોનાં હથિયાર લીધાં, ને બાયલા કીધા—રતનબા!
પંચની પંચાત ભાંગી, ને કોરટો જાગી—રતનબા!
દેશનાં રસકસ લૂંટ્યાં, ખાવાનાં ખૂટ્યાં—રતનબા!
ઘરના ધંધા ભાંગ્યા, ને પરદેશી જાગ્યા—રતનબા!

દેશનાં નીપજ પાણી, ને જાય કોક તાણી—રતનબા!
ગોરાને વાત સૌ ફાવી, ને અંધી આવી—રતનબા!
કાયદા અવળા કીધા, ને દેશપાર દીધા—રતનબા!
ભૂખ ને દુઃખ બે સાથે જ, પડિયાં માથે—રતનબા!
ત્યાં તો ગોરામાં લાગી, ને તોપું દાગી—રતનબા!
મહાભારત મંડાણાં, તે વસમાં ટાણાં—રતનબા!

સરકારે હિંદને જાચ્યું, ને હિંદ તો રાચ્યું—રતનબા!
બાંધી પેટને પાટા, ને આપ્યા લાટા—રતનબા!
અહીંથી જુવાનિયા લીધા, તે આડા દીધા—રતનબા!
જેમ તેમ કરતાં જીત્યા, તે દિવસો વીત્યા—રતનબા!
પાછી બુદ્ધિ બદલાણી, ને સોટી તાણી—રતનબા!
કાયદા કાળા કીના, તે ઈનામ દીધાં—રતનબા!

સાધીને સ્વારથ પક્કો, ને દીધો ધક્કો—રતનબા!
ગુણ પર ફેરવ્યાં પાણી, ને આંખ વળી તાણી—રતનબા!
ન્યાયનો રસ્તો ભૂલ્યા, ને કેફમાં ફૂલ્યા—રતનબા!
કોઈનું સાંભળ્યું ન કહેવું, એ કેમ કરી રહેવું?—રતનબા!
દેશ ખળભળવા લાગ્યો ને રણકો વાગ્યો—રતનબા!
જૂનો જોગી એક જાગ્યો ને ડંકો વાગ્યો—રતનબા!

તપસ્વીએ વ્રત લીધાં, ને કોઈને દીધાં—રતનબા!
સરકારે મરજાદ તોડી, ને ગોળિયું છોડી—રતનબા!
ગાંધી તે જોવા ચાલ્યા, વળે ના વાળ્યા—રતનબા!
સરકારે પકડ્યા જોરે, જે દેશને દોરે—રતનબા!
લોકો થયા ત્યાં ગાંડા, ને તોફાન માંડ્યાં—રતનબા!
રીસમાં કોઈને માર્યા, ને બંગલા બાળ્યા—રતનબા!

ત્યાં તો ગાંધીને છોડ્યા, તે આવ્યા દોડ્યા—રતનબા!
બૂરો ધંધો આ કીધો, એ ઠપકો દીધો—રતનબા!
સરકારને હવે ફાવ્યું, ને બહાનું આવ્યું—રતનબા!
જુલમની ચાબૂક કાઢી, વાપરવા માંડી—રતનબા!
ધાક બેસાડવા સારુ, અંતરમાં ધાર્યું—રતનબા!
અમૃતસરની બજારે, ને સાદ કોક મારે—રતનબા!

જલિયાંવાલા બાગે, સૌ આવજો સાંજે—રતનબા!
દેશના દુઃખની કહાણી—ની સુણવા વાણી—રતનબા!
સભા જાણી સૌ ચાલ્યાં, રહ્યાં નવ ઝાલ્યાં—રતનબા!
બાળ બુઢ્ઢાં સૌ સંગે, મળ્યાં ઉમંગે—રતનબા!
એવામાં ડાયર આવ્યો, ને ફોજ એક લાવ્યો—રતનબા!
બધ જગ્યામાં બેઠાં. લોકોને દીઠાં—રતનબા!

ચાલવાની સાંકડી શેરી—તે લીધી ઘેરી—રતનબા!
શાન્તિ જરા ય નવ તૂટી, પણ ગોળિયું છૂટી—રતનબા!
સહુ ગભરાવા લાગ્યા, ને જેમતેમ ભાગ્યા—રતનબા!
ભાગતાં ગોળિયું વાગી, ને જિંદગી ત્યાગી—રતનબા!
હાથ હથિયારવિણ ખાલી, ને ખૂનરેજી ચાલી—રતનબા!
બાળ બુઢ્ઢાં નવ મૂક્યાં, નિશાન નવ ચૂક્યાં—રતનબા!

ડાયરે જે જે ચીંધ્યા, તે ગોળીએ વીંધ્યા—રતનબા!
લોહીના કીચડ જામ્યા, ને દેવ ત્રાસ પામ્યા—રતનબા!
બંદૂકો ફૂટી ફૂટી,—ને ગોળિયું ખૂટી—રતનબા!
ત્યારે એ ડાયર ખસ્યો, ને મનમાં હસ્યો—રતનબા!
અમૃત નગરી આખી—માં ફોજું રાખી—રતનબા!
રાતે જે રસ્તે જાતાં, તે ગોળિયુ ખાતાં—રતનબા!

સતી પતિ નવ ભાળે, તો ધીર કેમ ધારે?—રતનબા!
પતિને ખોળવા ચાલી, તું બીકને બાળી—રતનબા!
અંધારી આંખ સામી, શી મેઘલી જામી—રતનબા!
સૂનકાર કાંઈ નવ સૂઝે, કાયર તો ધ્રૂજે—રતનબા!
ફોજવાળો કોઈ જોશે, તો ગોળીએ દેશે—રતનબા!
તેં તો મરણને છાંડ્યું, ને ચાલવા માંડ્યું—રતનબા!

એક-બેને વીનવ્યા વાટે, તે આવવા સાથે—રતનબા!
મરદો એ નીવડ્યા ખાલી, તું એકલી ચાલી—રતનબા!
જલિયાંવાલે આવી, તું મરદાઈ લાવી—રતનબા!
પગમાં લોહીના ગારા, ને મડદાં ભાળ્યાં—રતનબા!
તારું વજ્જરનું હૈયું, તે કેમ કરી થયું?—રતનબા!
ઘાયલની બૂમો આવે, તે તને બોલાવે—રતનબા!

ગઈ ત્યાં તું ભડ જેવી, દયાની દેવી—રતનબા!
કૈંકના હાથપગ સીધા, કરી તેં દીધા—રતનબા!
કેકને દિલાસા દીધા, ને સુખિયા કીધા—રતનબા!
કોઈના ઘા પર પાટા, તેં બાંધ્યા માતા—રતનબા!
મડદાંઓ બહુ ઉથામી, પતિને પામી—રતનબા!
પતિએ જીવન ખોયું, તેં નજરે જોયું—રતનબા!

હિયે દાવાનળ જાગ્યો, તે કારમો લાગ્યો—રતનબા!
હૈયું કઠણ તેં કીધું ને શબ તે લીધું—રતનબા!
ખોળામાં માથું મૂકી, ને ઉપર ઝૂકી—રતનબા!
આંખે ચોધારાં આંસુ—નું ભર ચોમાસું—રતનબા!
જેને આ વસમે ટાણે, વીતી તે જાણે—રતનબા!
વેરણ રાત ત્યાં ગાળી, કરી રખવાળી—રતનબા!

બીજાં બધાંનાં સગાં, સવારે પૂગ્યાં—રતનબા!
સાચી વીરાંગના સતી, થઈ તું છતી—રતનબા!
જુલમના દિવસો ય જાશે, ને શાન્તિ થાશે—રતનબા!
સાધુ સતી દુભાણાં, ત્યાં પાપનાં થાણાં—રતનબા!
પાપે પાપીનું જાશે, ને વારું થાશે—રતનબા!
સતીના ગુણ જે ગાશે, તે નિર્મળ થાશે—રતનબા!

ગુજરાતનો ભવ્ય ભૂતકાળ

ગુજરાતની સંસ્કાર-સમૃદ્ધિની અંતરથી આરાધના કરનાર ભૂમિપુત્રોમાં ડૉ. હરિભાઈ ગોદાનીનું નામ ગુજરાતી સાહિત્ય તેમ જ પ્રજાના હૃદયમાં સ્થાન પામવા લાગ્યું છે. આજથી એક પેઢી પહેલાં ધંધે ડૉક્ટર અને અમદાવાદ મ્યુનિસિપાલિટીના કૉર્પોરેટર તેમજ લોકસેવક ડૉ. હરિપ્રસાદ જેટલા દેશભક્ત હતા તેટલા જ કલાશિલ્પના આશક હતા. તેમણે અમદાવાદની પોળો અને ગલીકૂંચીઓનાકચરાકાઢ્યાતેસાથે અમદાવાદનાં સ્થાપત્ય શિલ્પનાં સ્તવન પણ કર્યાં હતાં. તેમના ભારત ભ્રમણમાં પણ તેઓ અહોનિશ કલાસંગીતના પ્રસંગોમાં ભાવુકતાથી ભર્યા રહેતા એતો ફકીરીમાં અમીરી માણતા. નિ:સ્વાર્થપણે કલા અને કલાકાર્યોમાં, પ્રદર્શનોમાં, જલસામાં અગ્ર ભાગ લેતા અને રાજ્યમાં કે મ્યુનિસિપાલિટીમાં કલાના પાર્ષદ બની રહેતા. આજે ડૉ. હરિભાઈ ગોદાનીએ જાણે તેમની પરંપરા સજીવન કરી છે. તેઓ ધંધે ડૉક્ટર છે, મ્યુનિસિપલ કૉર્પોરેટર પણ હતા, અને આજે મ્યુનિસિપાલિટીના સંસ્કારકેન્દ્રમાં કે બીજે જ્યાં સંસ્કૃતિ કે કલાની સેવા માટે તેમને આહ્વાન થયાં ત્યાં સદા તત્પર રહે છે.

તેમણે પોતાની પ્રત્યેક રજાનો નિવૃત્તિસમય પ્રાચીન સ્થળોની શોધમાં દર રજાએ સોદોઢસો માઈલનું નિજ મોટરનું પેટ્રોલ બાળી ગુજાર્યો છે, ને લોકજીવનમાં રસાસ્વાદ પ્રાપ્ત કરી મનોહર શિલ્પનિર્માણો શોધીને ગુજરાતની પ્રાચીન ભવ્યતાઓ તરફ આકર્ષણ ઉપજાવ્યું છે. આ ગ્રંથ એવા લેખોનો સંગ્રહ છે.

એમની વર્ણનશૈલી આડંબરરહિત, પ્રસન્નતાભર્યા પ્રવાહે વાસ્તવિકતાને સાકાર કરતી વહે છે. પ્રસ્તાવનામાં 'નવચેતન'ના તંત્રીશ્રી ચાંપશીભાઈ લખે છે તેમ તેઓ 'અમદાવાદથી પચાસ સો માઈલ દૂર હોય એવાં સ્થળોએ રવિવારે વહેલી સવારે પોતાની મોટરમાં નીકળી જઈ સંશોધનકાર્ય કરી સાંજે પાછા ફરે છે. મુલાકાતવાળા ગામનાં મંદિરો કે વાવ વિષે લોકોને પૂછી, દંતકથાઓ પ્રચલિત હોય કે લેખો હોય તેની નોંધ કરે છે. સરી જતા ઇતિહાસની સૂક્ષ્મતાભરી આંકણી કરે છે અને સરળ ભાષામાં પોતાના લીધેલા ફોટોગ્રાફ્સ સાથે રજૂ કરે છે.' પોણાત્રણસો જેટલાં પાનાં તથા બંને બાજુ ચિત્રોવાળી ૧૬ ચિત્રપટ્ટીઓવાળું આ પુસ્તક પ્રત્યેક શાળા, ગૃહ કે પુસ્તકાલયમાં ખૂબ જ આવકાર પામશે. લેખકને નમ્ર સૂચના છે કે લીટીઓથી ભરચક પાનાંમાં પારિગ્રાફો પાડતા રહે તેમજ અંદર વર્ણવાતાં સ્થળોનાં મથાળાં ભારે અક્ષરોથી બાંધે. વાંચનારને આવા વિસામાની જરૂર લાગે છે. આવું આકર્ષક અને રસપદ પુસ્તક આપનાર પ્રકાશક, ને ઉદાર દાતા ગંગાદાસભાઈને ધન્યવાદ. (ઉરનદ પ્રકાશન તરફથી પ્રકાશક ગંગાદાસ પ્રા. મહેતા; મુખ્ય વિક્રેતા એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ મુંબઈ ૨ રૂ. ૧૦)–ર. મ. રા.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉનરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



સ્વ. જમશેદજી ન. મહેતા

ભાગલા પૂર્વેના હિંદુસ્તાનના એક ઉત્તમ નગર કરાચીના નિર્માતા. ગુણવાન દયાવાન અને પ્રભુપરાયણ પારસી સજ્જન. જન્મ: ૭મી જાન્યુઆરી ૧૮૮૬. યુવાન વયે વ્યાપાર અંગે તાલીમ લેતાં મુંબાઈમાં અકસ્માત સાંભળેલા ઍની બેસંટના એક વ્યાખ્યાન પછી તેઓએ વ્યવસાય ઉપરાંતનું બાકીનું સમગ્ર જીવન લોકસેવા પાછળ જ વાપર્યું. આજીવન અપરિણીત રહી એમણે પોતાના પ્રેમની ધારા સમગ્ર માનવજાત માટે કોઈ પણ ભેદભાવ વિના વહેતી કરી. કરાચી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં બે દાયકા સુધી તેઓ સભ્ય રહેલા ને નવ વર્ષ સુધી મેયર. ધારાસભામાં પણ તેઓ ચૂંટાએલા. પણ પોતાના પૈસા, અધિકાર, વગ અને વૃત્તિઓ બધું જ એમણે લોકોના ભલા માટે ખર્ચ્યું. અહિંસાના ચુસ્ત હિમાયતી. ગાંધીજીએ એમને 'સાચા દેશભક્ત' કહી બિરદાવેલા. અવસાન: ૧લી ઑગસ્ટ ૧૯૫૨.

૧ કોઇના કથનની આપના જીવન પર કાયમની અસર ખરી?

હા જી, ત્રણના. મરતી માતાએ કહેલું: 'ફિકર ન કરવી, ધીરજ રાખવી. ચાલવા દેવું; હું તમારી સંભાળ રાખીશ.' (અને ખરેખર એક વાર ચાલતી ઘોડાગાડીમાં મને 'કૂદી પડ' એવું સૂચન મળ્યું, હું કૂદી પડ્યો ને એ પછી ગાડીને ખરેખર અકસ્માત નડેલો.) પિતાએ કહેલું: 'બધું આપણું જ ધાર્યું ન થાય. ઇશ્વરે આપણને કંઈ પરવાનો આપ્યો નથી.' એક બુઝર્ગે અમે રિકને બે સત્યો દાખવેલાં: 'સારું કામ કરો ને પીઠ પર બે લાત ખાવા તૈયાર રહો.' ને 'ખુલાસા ન કરવા, કેમકે તમારા મિત્રોને એની જરૂર નથી અને વિરોધીઓ એ માનવાના નથી.'

૨ કરાચીના આપ આદ્ય વિધાતા ગણાઓ છો એતો ખરું જ ને?

ના જી, એમ ન કહો. મને પ્લેટોના આદર્શ નગરનો વિચાર ખૂબ જ ગમે છે. આદર્શ શહેર હોય તો આદર્શ નાગરિકો બને. સુધરાઈ એ સેવાનું ધામ બનવું જોઈએ. 'ટીમ સ્પિરિટ' વિના સુધરાઈ નકામી.

૩ આ મોટી ઉમરે થાક નથી લાગતો?

રસ છે ત્યાં થાક નથી. આનંદથી સ્વીકાર કરી કોઈ પણ કામમાં તન્મય થઈ જઈએ પછી થાક શાનો?

૪ આપને અહિંસા પ્રિય છે. એને વિષેની આપની શી વ્યાખ્યા છે?

મન, વચન કે કર્મથી કોઈ પણ વખતે, જાણ્યે કે અજાણ્યે કંઈ પણ હિંસા ન કરવી તે. વિચારમાં અતુલ બળ છે, એટલે અનિચ્છિત કે હિંસક એકે વિચાર મનમાં પણ આવવા ન દેવો જોઇએ.

૫ આપનો પ્રિય સદ્‌ગુણ કયો અને આપનો ખાસ શોખ કયો?

પ્રેમ અને વાચન.

૬ જીવનનાં દર્દ ને દુઃખનું ઉત્તમ નિવારણ આપ શું સૂચવો?

ધીરજ રાખો. દુઃખ કે સુખ એની મેળે ચાલ્યાં જશે.

૭ આપનો જીવનસંદેશ?

સર્વત્ર અને સર્વમાં જગદંબા (મધર મિન્સિપલ)નાં દર્શન કરવાં.

Jamshed Nusserwanjee

નામ પરથી વિશેષણ કરતાં

હમણાં એક કવિની અટક (ગામ ઉપરથી પડેલી) 'બોરસદવી' વાંચવામાં આવી. વસ્તુતઃ તે 'બોરસદી' જોઈએ. 'દિલ્હી' અને 'બરેલી' શબ્દો ઈકારાન્ત હોઈ તેને વિશેષણરૂપ આપવા માટે 'ના' પ્રત્યય સૂચક બીજો 'ઈ' તેમાં ઉમેરાઈ ન શકે એટલે, છેલ્લે અકારાન્ત કરીને 'વી' લગાડાય છે: 'દિલ્હી'–'દેહલી' ઉપરથી 'દહેલવી', 'બરેલી' પરથી 'બરેલવી' વગેરે. પણ બોરસદ જેવા અકારાન્ત શબ્દ માટે એવી જરૂર ન હોય, એમાં તો 'બોરસદી' જ થાય.

નવી પરિચય પુસ્તિકાઓ

પરિચય ટ્રસ્ટ ૧૯/૨૧ હમામ સ્ટ્રીટ મુંબાઈ ૧

આઇન્સ્ટાઇન (વિજ્ઞાનનો રાજા), ગગન વિહારી મહેતાની પ્રાસાદિક કલમે લખાએલો સુંદર પરિચય. **આંખનો મોતિયો** અને એના ઉપચાર વિષેની વિગતવાર સાચી સમજણ આપતી પુસ્તિકા; લેખક: ડૉ. શિરીષ જે. ભટ્ટ **ભારતેન્દુ હરિશ્ચન્દ્ર**: આધુનિક હિન્દી ભાષાના એ પિતામહના અરવિન્દકુમાર દેસાઈએ લખેલો વિગતસભર પરિચય. **લોકસભામાં એક દિવસ**: ભારતની સંસદનાં વર્ષોનાં અનુભવી શ્રીમતી તારકેશ્વરી સિંહાએ લખેલો લોકસભાની કાર્યવહીનો માહિતીપ્રદ રોચક પરિચય. **અન્ય ગ્રહોની યાત્રા** વિષે ઘણી રસપ્રદ સમજણ આપતી પુસ્તિકા; લેખક: વિજયગુપ્ત મૌર્ય. **કામ, થાક અને આરામ** વિષેની સાચી સમજણ આપી જીવનની આ અનિવાર્ય બાબતો પરત્વે યોગ્ય અભિગમ કેળવવામાં માર્ગદર્શક પુસ્તિકા; લેખક મહેરવાન ભમગરા. **લોકશાહી સમાજવાદ**: આપણા નાયબ વડા પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ જેવી અધિકારી વ્યક્તિએ એક ખૂબ અગત્યના અને સર્વસ્પર્શી વિષયની આપેલી વિશદ સમજણ; **આપણી ગરીબી કેમ ટળે?** એના ઉપાયો સૂચવતી શ્રી નરોત્તમ શાહ લિખિત પુસ્તિકા; **લિમિટેડ કંપની શું છે** એ સામાન્ય માણસને પણ સરળતાથી સમજાવતી પુસ્તિકા; **લોહીની કથા**: માનવશરીરમાં રહેલા લોહીના રચનાના પરિચય, તેના રોગો, એની જાત અને રક્તદાન અંગે સમજણ આપતી માહિતીપ્રદ પુસ્તિકા. લેખક: ડૉ. હરેન ચોકસી **ફૂટબૉલ** દુનિયાની સૌથી વધુ લોકપ્રિય રમતના વિગતે પરિચય રમતગમતની કૉલમોના લેખક સુરેશ સરૈયાની કલમે; **ઉદ્યોગોનું સંચાલન કોણ કરે?** એની સમજ આપણા (કેન્દ્રના) એક વેળાના વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાનની કલમે; **ભારતનું બંધારણ** ટૂંકામાં ને વિવિધ પાસાંથી સમજાવતી શ્રી નગીનદાસ સંઘવીની પુસ્તિકા; **ઉપનિષદો** જેવા વિષયનો પરિચય અને સમજણ રામપ્રસાદ પ્રે. બક્ષીની કલમે. દરેક પુસ્તિકાની કિં. ૦–૫૦ પૈસા. વાર્ષિક (૨૪ પુસ્તિકા) લવાજમ રૂ. ૧૦.

આર. આર. શેઠની કંપની

મુંબાઈ-૨ * અમદાવાદ-૧

> **આસ્વાદ**
>
> (નિરંજન ભગત કૃત 'છંદોલય'નો)
>
> • મિશ્ર •
>
> શી લાઘવે સભર સર્વ કૃતિ નિહાળું!
> ને શા દિસે અભિનવીન પ્રતીક કાવ્યે!
> આલેખને સુભગ તુષ્ટિપ્રદૈકતા દીઠી
> બાનીતણી અભિનવીન છટા અનોખી!
>
> સામાન્ય ના કશું ય, સર્વ અભૂતપૂર્વ,
> શબ્દાવલિ સુભગ નવ્ય સુભવ્ય ભાગ્યું,
> પ્રાચુર્ય કેવું અભિવ્યક્તિ-પરંપરાનું!
> શું સર્જકત્વ પ્રતિ પાદ વિશિષ્ટ ભર્યું!
>
> કેવું મુલાયમ ઉરે નવનીત જેવું!
> શી તાજગી સભરતા પ્રતિ પંક્તિપંક્તિ!
> વૈવિધ્ય ભાવની સુભવ્ય નિરૂપણામાં
> કેવું ક્ષમત્વ રુચિકર પુનરાવૃત્તિનું!
>
> શી ચિત્રણા લલિત! વેદનશીલતા શી!
> જે માનવી મનુજ બીય પ્રભેદ આંકે.
> છાયું કશું રમણીયત્વ નિખિલતામાં
> વિસ્તારી રૂહે હૃદયરિદ્ધિ દગો અર્ચેમે.
>
> ઉલ્લાસ જીવનતણો પમરે જીવંત કો!
> સન્નિષ્ઠતા કવિતની પ્રતિ કો અનન્ય!
> તદ્રૂપતા કથયિતવ્યથી કો અલૌકિક!
> સૌભાવસ્પંદન વસ્યું પ્રિયપાત્ર, ગેહે.
>
> ના ભાવના ઈતર સ્પર્શતી તંત્રી નેહે
> રાજેન્દ્રની ઊતરી શું મર્યાદ રેખ?
> ના ઈશ્વરાભિમુખના નજરે પડત,
> રે! આટલું જરીક કૈંક ઉધાર બાજુ.
>
> 'વિવિત્સુ'

રામાયણ દર્શન (પૃ ૧૧૪), **મહાભારત દર્શન** (પૃ ૧૨૪) અને **ગીતાદર્શન** (પૃ. ૧૧૪): ભારતની આ ત્રણ મહાન સાહિત્ય કૃતિઓના સંદેશને સરળ ભાષામાં સમજાવતા જાણીતા વિચારક ઈશ્વર પેટલીકરનાં વિવેચનો. કિં. અનુક્રમે: ૨-૭૫, ૩-૦૦ અને ૩-૨૫

ટેકરીઓ પર વસંત બેઠી છે: સંવેદનશીલ માનવીના મનોવ્યાપારોને રસપૂર્વક સમજવા-આલેખવા મથતા વિભૂત શાહની ઊંડાણ અને સુસારતા ભરી નવલિકાઓનો સંગ્રહ. પૃ ૧૭૫ પાકું પૂઠું રૂ ૮-૦૦.

અંતરની ઓળખ: વિ. સ. ખાંડેકરની એક નવલકથાનો ગોપાલરાવ વિદ્વાંસે કરેલો અનુવાદ; પૃ ૧૩૬, પાકું પૂઠું કિં રૂ ૬.

મનોરંજન ગ્રંથમાળા: ઢીલામાઈ પોચાભાઈ, ગરબા સમ્રાટ, ઊડણ ખટારો, ગોરમોટાળો, જાદુગર દિ(ગુ)લાલ, કે. ટિંગુ, કે. પિંગુ અને તેની માયાજાળ, ઊથલોપુથલો હસો હસો ભાઈ હસો, મનમોજી, મુન્નાજી, ધરકી મુરઘી, ડિટેક્ટિવ બિરબલ હરિશ નાયકે લખેલી દરેક ૫૨ પૃષ્ઠની, કાચા પૂઠાંની, સચિત્ર પુસ્તિકાઓ કિં દરેકના ૧–૨૫. બારે પુસ્તિકાના સેટના રૂ ૧૫–૦૦.

રૂપકથામાળા: (ગુચ્છ-૨) જાદુગરનો કાળ, રૂપેરી દાબડી, નસીબ આડું પાંદડું, સુવર્ણકેશી, સુખલાલ સારસી, અજબ બિલાડી, સોનેરી સાબર, જાદુઈ વીંટી, મેડકકુમાર અને ગધેડાનો વેશ, બાલભોગ્ય વાર્તાઓની દસ પુસ્તિકાઓ. લેખક: ધનંજય શાહ; પૂરા સેટના રૂા. ૧૦.

નીતિકથામાળા: મૂળજીભાઈનો મૂળો, ભલાઈનો બદલો, સોનેરી શિખામણ, ખજાનાની શોધ, નગુણો સાપ, ઈશ્વરની આશિષ, સોનાના કોયલા, ચતુરાઈની જીત, દેવપુરીના ડાકુ, મૂર્તિચોર, છૂપો ખજાનો અને ભેદી ખુરશી. ધનંજય શાહલિખિત બાલરોચક પુસ્તિકાઓ. પૂરા સેટના રૂા. ૮–૦૦.

નવાં પુસ્તકો

પગલીનો પાડનાર: ઘરમાં ખરેખર પગલી પાડનો બન્યા પછીનાં અટકચાળાં ને આગવાં કરતૂતોને રજૂ કરતાં, જાણીતા ચિત્રકાર 'ચંદ્ર'નાં કાર્ટૂનોનો મનોરંજક સંગ્રહ. પ્રકાશક: સેતુ પ્રકાશન, ૧૪ આદર્શ સોસાઍટી, નવરંગપુરા અમદાવાદ-૯. કાચું પૂઠું. ૨-૫૦.

સાધનાની નોંધપોથી: શ્રી માતાજી સાથેના વાર્તાલાપોમાંથી તારવેલાં ચિંતનો, અનુભૂતિઓ ને અવલોકનોનો એક માર્ગદર્શક સંગ્રહ. અનુવાદક: 'સુન્દરમ્'. પ્રકાશક: શ્રી અરવિંદ સોસાઍટી, પોંડિચેરી, પૃ. ૧૩૦, કાચું પૂઠું, રૂા. ૩-૦૦.

અંબાવ: સેન્સસ ઑવ ઈંડિયાના કાર્યક્ષેત્ર નીચે ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ગામ અંબાવની મોજણી, જેમાં ગામની રચનાથી માંડી, તેનું હવામાન, વસ્તી, જાતિઓ, ઢોર, વ્યવસાયો, આવક-જાવક, રહેવાસો, રીતરસમો વગેરે બધાં ક્ષેત્રોની વિગતો સાથેનો, ગુજરાત રાજ્યના સેન્સસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી આર. કે. ત્રિવેદીના હાથ તળે તૈયાર થએલો સચિત્ર અહેવાલ. પ્ર૦ મૅનેજર ઑવ પબ્લિકેશન્સ. દિલ્હી. પૃ ૭૭ રૂ. ૩-૭૦.

રામમનોહર લોહિયા: એક આજીવન બંડખોર અને અનોખા સમાજવાદીનું જીવનચરિત્ર. લે૦ બી જે. કાપડી, પ્રકાશક: સંનિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧ પૃ ૪૪, કાચું પૂઠું, ૨ ૦૦.



પોતાના સમર્થ વક્તૃત્વની જલદ તાકાત અને પ્રોજ્જ્વલ તેજસ્વિતાથી હિંદનો રાષ્ટ્રીય અવાજ રજૂ કરનાર નગદ દેશભક્ત ને પાર્લામેન્ટરી રાજકારણના સમર્થ નેતા એસ. સત્યમૂર્તિને આજની પેઢી ભાગ્યે જ જાણતી હશે. ઉત્કટ દેશભક્તિથી ભરેલી એમની વાણીના પડછંદથી ધારાસભા સદા ધમધમતી રહેતી; એમના પ્રશ્નોની ઝડીએ સેક્રેટેરિયેટને રાતદિવસ ચિંતાતુર રાખતી; એમની સણસણતી ટીકાએ અને વેધક ઉપહાસો સામે અંગ્રેજ સરકારના સભ્યો મોં ખોલતાં થથરતા; ને છતાં પાર્લામેન્ટરી રસમના એ ચુસ્ત પુરસ્કર્તાએ કૉંગ્રેસની હાકલના એકેએક ઉગ્ર કાર્યક્રમ પર પોતાની જાત હોમી દીધી હતી. હેદ્દાસ્વીકાર માટેના એ અણનમ લડવૈયાએ, જીવનભરની તપશ્ચર્યા પછી જ્યારે મદ્રાસનું વડું પ્રધાનપદ હાથમાં આવ્યું ત્યારે રાજગોપાલાચાર્ય માટે જતું કરી દીધું! એમનું આખું જીવન આત્મભોગનું જીવન હતું. ગરીબીમાં જ એ વીત્યું ને ગરીબીમાં જ એ ખતમ થયું.

પચ્ચીસ વર્ષ પહેલાં



એપ્રિલ-મે ૧૯૪૪, અંક ૨૪૪-૨૪૫

આજથી પચ્ચીસ વર્ષ પર એમના અવસાન વખતે આવેલા ચરિત્રમાંથી થોડો આસ્વાદ:

મદ્રાસ પ્રાંતના પુદુકોટા રાજ્યમાં, તિરૂમયમ નામના ગામમાં મધ્યમ વર્ગના એક બ્રાહ્મણ કુટુંબમાં ઈ. સ. ૧૮૮૭ના ઑગસ્ટની ૧૯મીએ તેમનો જન્મ થએલો. પ્રાથમિક શિક્ષણ પુદુકોટામાં મેળવ્યા પછી ત્રિનયન અને કાયદાનું શિક્ષણ મદ્રાસની કૉલેજોમાં મેળવીને ત્યાં જ વકાલત શરૂ કરી પરંતુ એ સાહસિક નરને કાયદા કરતાં રાજકારણે વધુ આકર્ષ્યા, અને એ ક્ષેત્રમાં પોતાના સામર્થ્ય વડે માર્ગ મેળવતા અંતે રાષ્ટ્રના એક અગ્રગણ્ય નેતાની પંક્તિએ તે પહોંચ્યા.

ગોખલેજીના રાજકારણના અસ્ત ને ગાંધીજીના રાજકારણના ઉદયકાળે એ બન્નેના રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ થવાથી બંનેના ઉત્તમાંશોનો એમણે સમન્વય સાધ્યો હતો. એમનાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને વક્તૃત્વ કૉંગ્રેસની હરોળમાં બિનહરીફ બની રહ્યાં હતાં. જેટલા શ્રેષ્ઠ વક્તા એટલા જ ચુનંદા કાર્યકર્તા એ હતા, જે બન્ને ગુણ રાજકારણમાં જવલ્લે જેવા મળે છે. એમની માત્ર ૩૨ની જ વયે (ઈ. ૧૯૧૯માં) કૉંગ્રેસે એમને પોતાના ડેપ્યુટેશનના એક સભ્ય તરીકે ચૂંટીને ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડની મુલાકાતે મોકલેલા. ત્યાં પણ તેમણે શ્રોતાઓને એવા તો મંત્રમુગ્ધ કરવા માંડેલા કે કર્નલ જોશીઆ વેજવૂડ જેવા પણ એ વખતે કહી બેઠેલા કે 'સત્યમૂર્તિ ખુદ લૉઈડ જ્યૉર્જને પણ ટપી જાય તેમ છે.'

એમના પ્રબળ વ્યક્તિત્વ સાથે વાણીનું ઓજસ અને ઉત્કટ દેશદાઝ એમને પ્રથમ પંક્તિએ રાખી રહેતાં. રાજકારણમાં પાર્લામેન્ટરી પ્રવૃત્તિના એ પુરસ્કર્તા હતા અને એને લઈને જ દેશબંધુ દાસ અને મોતીલાલ નેહરુના નેતૃત્વ નીચે ઊભી થએલી સ્વરાજ્ય પાર્ટીની ટિકિટ પર મદ્રાસ કાઉન્સિલમાં ચૂંટાઈને તે વિરોધ પક્ષના નેતા બનેલા.

કૉંગ્રેસના અનિવાર્ય સલાહકારોમાંના એ એક હતા. મદ્રાસ કૉર્પોરેશનના તે મેયર પણ ચૂંટાએલા. અને એ એકલા રાજકીય નેતા જ નહોતા સાહિત્ય અને શિક્ષણના એ વિદ્વાન જ્ઞાતા અને મદ્રાસ યુનિવર્સિટીની સર્વ પ્રવૃત્તિના ધરી રૂપ હતા; કલા અને સંગીતના રસિક મીમાંસક, સંસ્કૃતિ તથા નાગરિક જીવનના મહાન પુરસ્કર્તા હતા. યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલ ને સિન્ડિકેટના સભ્ય હોવા ઉપરાંત હિંદી સંગીતના અભ્યાસક્રમના બોર્ડના અધ્યક્ષ તથા ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટના એ પ્રમુખ હતા. છેલ્લાં વીસ વર્ષથી તો એમની રાહબરી વિનાની મદ્રાસ યુનિવર્સિટીની કોઈ પણ પ્રવૃત્તિની કલ્પના પણ આવવી મુશ્કેલ હતી. રાજકારણમાં એ ન પડ્યા હોત તો કલા, સંસ્કૃતિ અને નાગરિક જીવનના વિકાસમાં એમનો હિસ્સો કદાચ અવિસ્મરણીય બની રહેત, એટલી નાતબર એમની આત્મસમૃદ્ધિ હતી. કૉંગ્રેસની એકેએક હાકલ વખતે એમણે મેદાને પડીને કારાવાસ સ્વીકારેલો. કૉંગ્રેસના ગમે તેટલા ઉગ્ર કાર્યક્રમને ઉપાડી લેવામાં એ પોતાની જાતને હોમી દેવામાં તેણે કદી પાછીપાની કરી ન હતી.

કૉંગ્રેસ તરફથી કશા હોદ્દાની અપેક્ષા ન રાખતાં તેના હોદ્દેદારોની પાલખી ઊંચકનાર તરીકે જ એમણે ગૌરવ માન્યું હતું. દેશમાં પાર્લામેન્ટરી રાજકારણ ખેડનારો જે નેતાવર્ગ થઈ ગયો છે એ વર્ગમાં સૌથી અંતિમ નેતા તરીકે સત્યમૂર્તિને ગણી શકાય. જોકે છેવટે તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ જ એકમાત્ર ધ્યેય સત્યમૂર્તિને સ્પષ્ટ થયા વિનાનું નહોતું રહ્યું. ક્રિપ્સ યોજનાની નિષ્ફળતાથી એમના પાર્લામેન્ટરી માનસમાં ક્રાન્તિકર પલટો થઈ ગયો હતો અને અંગ્રેજોએ હિંદ છોડી જવાની ગાંધીજીની માગણીના એ જબરા સમર્થક બની રહ્યા હતા. એ માટે જ એમને ૮મી ઑગસ્ટ ૧૯૪૨ની મહાસમિતિની બેઠક પછી મુંબઈથી મદ્રાસ જતાં રસ્તામાં જ ગિરફ્તાર કરી લેવામાં આવેલા. એ પહેલાં ૧૯૪૦-ના કારાવાસ દરમિયાન જ એમને હૃદયરોગ લાગુ પડી ચૂકેલો, જે આ ગિરફ્તારી પછી અત્યંત વધી ગયો. છેક છેલે તખ્તક સરકારે તેમને છોડ્યા, પણ હિંદને સ્વતંત્ર જેવા ઈચ્છનાર એ પુરુષવરના દેહે તેને દગો આપ્યો અને મુક્ત હિંદી તરીકેનું જીવન જીવવાની તક મળે તે પહેલાં જ પોતાની પત્ની બાલસુંદરમ્મલ તથા એકની એક પુત્રી લક્ષ્મીને છોડીને એમણે શાશ્વત જીવનમાં પ્રવેશ કર્યો. એમનું જીવન સતત પરિશ્રમથી સીંચાએલું રહેતું. એમની નાનકડી જિંદગીમાં એમણે જાણે એક સૈકાભરની જીવનશક્તિનો વ્યય કરી દીધો. સ્વભાવે નિખાલસ, વિશ્વાસુ, ચતુર અને ગંભીર એ આદમી પાસે જે જલદ તાકાત હતી તેનો એમણે દેશની સેવામાં ઉપયોગ કર્યો.

ડૉક્ટર: જલદી ડૉક્ટરને બોલાવી લાવ; તારી શેઠાણી બીમાર થઈ ગઈ છે.

નોકર: પણ આપ પોતે જ ડૉક્ટર છો ને!

ડૉક્ટર: અરે મૂરખ, પણ મારી ફી કેટલી બધી છે, ખબર છે?

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૯ • સ્વિટ્ઝર્લૅન્ડનો સૌન્દર્યરાશિ

હવે પછીનો કાર્યક્રમ દેવુએ મારે માટે ગોઠવી રાખ્યો હતો. આવી લાંબી મુસાફરી પછી રખડવાનું તો હોય જ નહિ, પણ ખાવાનું તો હોય જ. સારામાં સારું ખાવાનું તો ઘરનું જ ગણાય એટલે તેમણે તેમની એક ખાસ મિત્ર–પિરેતને ત્યાં ભોજન તૈયાર કરાવ્યું હતું.

'એને સારું રાંધતાં આવડતું હશે?'—મને વસવસો થયો.

'જો જો તો ખરા; એના હાથનું ખાઈખાઈને તો તગડો થયો છું.'

તરત જ ચાલ્યા. પહેલાં મારી હોટેલમાં— સાફસુફ થઈ જવા; પછી દેવુને ત્યાં, કંઈ ટપાલ આવી હોય તો જોવા; ને પછી પિરેતને ત્યાં.

આખે રસ્તે દેવુએ એ પિરેત વિષે મારું કુતૂહલ ઉશ્કેર્યા કર્યું.

તેનું એમ કરવું કેટલું વાજબી હતું એ તો એને જોઈ ત્યારે જ સમજાઈ ગયું. સરસ છોકરી હતી. કમનીય અને કોમળ. હસતા ચહેરા-વાળા આવકારમાં ઉમંગ ભર્યો હતો. દેવુએ મારા વિષે શું કહ્યું હશે કોણ જાણે, પણ મને મોટા ભાઇ તરીકે માન આપતી હતી હિંદ જોવા ઉતેજાર હતી. પણ અત્યારે તો હિંદીને જોઈને સંતોષ માનતી હતી.

રસોઈને મને ગમે એવો છેલ્લો લસરકો મારવામાં એણે દેવુની મદદ લીધી. એમને એમ કરતાં જોવાં એ પણ આનંદ હતો. જે સમજ-પૂર્વક તેઓ કામ આટોપતાં હતાં. ને વચ્ચેવચ્ચે ટોળ ટીકા કરી લેતાં હતાં એ જોતાં હૈયું એક જાતનો ઊંડો સંતોષ અનુભવતું હતું.

બધું તૈયાર થઈ ગયું. 'ચાલો' કહી તેણે ટેબલ ઉપર જમણ બિ-છાવી દીધું. એક ઓરડાનું તેનું એ ઘર સુંદર તો હતું જ, પણ એ પછી હાસ્યના ધ્વનિથી ભરાઈ એ મધુર પણ લાગવા માંડ્યું. આખા દિ-વસનો થાક તો આ બે જુવાનિયાને જોયાં ત્યાં જ ઊતરી ગયો હતો. પણ હવે તો એક પરમ તૃપ્તિનો અનુભવ પણ થવા માંડ્યો જાણે મારા જ ઘરમાં મારાં પુત્રપુત્રી સામે બેઠો હોઉં એવું લાગવા માંડ્યું.

જમ્યા પછીની વાતો પણ એવી જ આનંદપ્રદ હતી. છોકરી ઠરેલ હતી, છીછરી નહોતી. આપણી જ કોઇ છોકરીને પરદેશી પોષાક પહેરાવી દીધો હોય એવી એ લાગતી હતી. ને છતાં એ પરદેશી જ હતી. એની ખાતરી કંઈક વિચિત્રરીતે થઈ ગઈ. બેત્રણ કલાક આનંદ પ્રમોદમાં ગાળ્યા પછી, લગભગ રાત્રે દસેક વાગ્યે દેવુએ સૂચવ્યું કે ફાવે તેમ હોય તો થોડી લટાર મારીએ. મને ફાવે તેમ જ હતું, કેમ કે હવે હું તાજોમાજો બની ગયો હતો. મેં કહ્યું: 'મારીએ લટાર.'

ચારે બાજુ શાંતિ હતી. જીનીવાના જે ભાગમાં અમે લટાર મા-રતાં હતાં તે ભાગ જંપી ગયો હતો. મોટામોટા સ્ટોરોની અંદર બત્તી ઝળકી રહી હતી અને શો વિન્ડોમાં પુરાએલી તેની સામગ્રી ચિત્તા-કર્ષણ કરી રહી હતી. પણ રસ્તે અવરજવર નહિવત્ હતી. મોટીમોટી દુકાનો, મોટા એવા રસ્તો અને આલીશાં મકાનો. ફુવારા ફાઉન્ટન આગળ આંટા મારતાં હૈ કે હોઈએ એવું લાગે. મેં દેવુંને એમ કહ્યું પણ ખરું.

તરત જ એ સ્થિર બની ગયા અને મારો હાથ પકડી લીધો. મને કહે: 'ગુલાબદાસ ભાઈ, આબેહૂબ એવું છે, નહિ?' 'આબેહૂબ ' મેં કહ્યું.

'તો કૃપા કરીને તમે આ પિરેતને એ કહોને. મને તમે કહ્યું તે જ. ગુજરાતી એ નહિ સમજી હોય.'

'કેમ, પણ...?' હું પૂછવા જતો હતો ત્યાં તેણે ફરીથી કહ્યું: 'તમે કહો તો ખરા ' 'પિરેત!' મેં તેને બોલાવી.

અમારી વાતચીત ન સમજતી હોવાથી તે આજુબાજુ જોતી હતી.



મૅટરહૉર્નની ગોદમાં ઝરમાત ગામ

સંબોધન થતાં મારી સામે જોયું. 'હું આ દેવુને કહેતો હતો...'

'શું?' તેણે પૂછ્યું. 'કે આ બધું સુંદર છે.'

'છે જ.' તેણે સંતોષથી કહ્યું.

'અમારા મુંબઇમાં ફ્લોરા ફાઉન્ટન પાસે જેવું છે તેવું જ બરોબર આ છે, એમ કહેતો હતો.'

'આવું છે મુંબાઈમાં?' તેણે સાશ્ચર્ય પૂછ્યું.

ને દેવુ ગર્જી ઊઠ્યો—હવે અંગ્રેજીમાં: 'ગુલાબદાસભાઇ, હું એને વારેવારે આવુંઆવું કહું છું ને એ માનતી જ નથી. એને એ માન્યામાં જ નથી આવતું કે હિંદુસ્તાનનાં શહેરોના અમુક ભાગ આવા હોઈ શકે.'

'ખરેખર?' મેં આશ્ચર્યથી પિરેત સામે જોયું.

તે જરા મૂંઝાઇ એ મૂંઝવણભર્યા મુખ સહિત ઠપકો દેતી હોય એ રીતે તેણે દેવુ સામે જોયું પછી અચકાઈને કહ્યું: 'મને એમ, કે એ મને બનાવતો હશે. હિંદુસ્તાનમાં તો ગરીબી બહુ છે, ને...ને આ પશ્ચિમ...ને એ પૂર્વ...ને...' એ લોચા વાળવા લાગી.

પણ તેથી અમારા આનંદમાં કંઈ ઓટ ન આવી. મોડી રાતે છૂટાં પડ્યાં ત્યારે અમે ત્રણે પોતપોતાની રીતે અત્યંત ખુશ હતાં.

બીજે દિવસે સવારે દેવુ જોડે જઈને થોડી ખરીદી કરી. મેં જોયું કે આપણી માફક ત્યાંના વેપારીઓ પણ ગ્રાહકની સગવડ ખાતર તેમને મનપસંદ રકમનાં બિલ બનાવી આપવામાં નાખુશ ન હતા. એથી થોડુંક હસવું પણ આવ્યું ને થોડું આપણા માણસો વિરુદ્ધનું ઝનુન પણ ઓછું થયું. એ વિષે રસ્તે જતાં થોડી વાતચીત પણ દેવુ સાથે થઈ. વાતનું તો આપણે જાણીએ જ છીએ. એકમાંથી બીજે ક્યારે સરી જાય તેની ખબરે ન પડે. વેપારી વિષેની વાતચીતમાંથી માણસોની ઉદારતા વિષે વાત નીકળી. તે વિષેનો એક અનુભવ દેવુએ સરસ કહ્યો.

જેમ રાજકપૂર જોડે, તેમ દિલીપકુમાર જોડે પણ દેવુએ જીવનમાં થોડો સમય ગાળ્યો હતો. એ તો તેના ઉપર એટલા ખુશ હતા કે પોતે ત્યાં રહ્યા ત્યાં સુધીનો બધો હિસાબ-વહીવટ દેવુને સોંપી દીધો હતો— પૈસાનું પાકિટ પણ. તેમાં પરચૂરણ પણ હતું અને પાંચસો પાઉન્ડ

પણું હતા. બંને એક હોટેલમાં ગયા. સાથે બીજા બેએક મિત્રો પણ ખરા. ખૂબ ખાધુંપીધું અને મઝા કરી હસતારમતા ઊઠયા અને ટૅક્સી કરી ઘર ભેગા થયા. ટૅક્સીમાં દેલુના ચહેરા પરથી લોહી ઊડી ગયું! તેને એચિંતો ખયાલ આવ્યો કે પેલા પાંચસો પાઉન્ડ જેમાં હતા તે પાકિટ પોતા પાસે નહોતું. ખિસ્સાં ફંફોળ્યાં, આજુ બાજુ જોયું, ક્યાંય કશું ન મળે. બોલાય પણ શું? ઊતર્યા ત્યારે દિલીપકુમારે જોયું કે દેલુ મૂંઝાએલા હતા. કારણ પૂછ્યું. દેલુ ગેંગેંફેંફેં થઇ ગયો. વિશેષ સમભાવપૂર્વક પૂછ્યું દેલુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'શું થયું છે એવું, દેલુ?' હવે વિશેષ સમભાવપૂર્વક પ્રશ્ન આવ્યો.

'પૈસાવાળુ પાકિટ ક્યાંક પડી ગયું લાગે છે.'

'ઓ—હો! એમાં શું? બડો લોભી, ભાઈ.'

'મારા નહોતા, તમારા હતા.'

'એટલે તો કહું છું ના, કે બડો લોભી! પૈસા પડી ગયા એમાં તું શું કરે? કેટલા હતા?' 'પાંચસો પાઉન્ડ.' દેલુથી માંડ બોલાયું.

'સિર્ફ ઉસ મેં રોતા હૈ? ચલો ભૈયા, કુછ ડ્રિન્ક્સ લો; વહ બાત ભૂલ જાઓ.' પણ કેમ ભૂલાય એ વાત? દેલુ તો ફરી ટૅક્સીમાં બેસી ગયા. પેલી હોટેલ પાસે પહોંચ્યા. પાકિટ ત્યાં રૂચવાએલું પડ્યું હતું—ને એમાં પડ્યા હતા પેલા પાંચસો યે પાઉન્ડ.

'એવું છે, ગુલાબદાસભાઇ. ઉદારતાનો ઇજારો એકલા પશ્ચિમનો જ નથી. આપણા માણસો પણ કેવા બેપરવા થઇ શકે છે!'

'ને કેવા લાગણીવાળા!' મેં કહ્યું.

'હા. એ ખરું હો. એમની એ લાગણી હું જિંદગીભર નહિ ભૂલું.'

'હું દિલીપકુમારની લાગણીની વાત નથી કરતો.' 'તો?'

'તમારી લાગણીની વાત કરું છું આ બે દિવસમાં તમે જે પ્રેમ બતાવ્યો છે તે હું કદિ યે નહિ ભૂલું.'

'અરે, અરે, ગુલાબદાસભાઇ!' કહી દેલુ હસવા ગયા, પણ ન હસી શકાયું એ જોઇ શક્યો. અમારે છૂટા પડવાની ઘડી આવી પહોંચી હતી. બોટ ને ટ્રેઈનના રસ્તે મારે ઝરમાત જવા ઊપડી જવાનું હતું. ત્યાંથી મૅટરહૉર્નના ઉચ્ચોચ્ચ શિખરનાં દર્શન કરવાં હતાં. ઘણા પ્રવાસીઓ ત્યાં જતા. હું પણ જતો હતો એટલે દેલુથી છૂટા પડવાનું હતું.

બોટ પાસે પહોંચ્યા ત્યાં સુધી કોઇ કશું ન બોલ્યું. આ અડીખમ અને હૅપી ગો-લકી લાગતા જુવાનના પોચા અને પ્રેમાળ હૃદયનાં દર્શને હું મુગ્ધ થયો હતો. એનાથી છૂટું પડવું ગમતું નહોતું. ને મારાથી છૂટા પડતાં એને તો ફરી એનાં બા, ભાઈઓ, કાકા, મિત્રો, ગામથી છૂટા પડવા જેવું લાગતું હતું. મારી દ્વારા અને મારામાં એ આટલા બે દિવસ બધાંની સાથે રહ્યા હતા. હવે ફરી પાછા—એકલા! પરિચિત ખરી, અન્ય મિત્રો ખરા, આ સુંદર સ્વિટ્ઝર્લૅન્ડ દેશ ખરો; પણ ભારત, તેમાં યે મુંબઇ, તેમાં યે વિલેપાર્લે ને તેમાંનાં સ્વજનો—હવે ફરી પાછું એમાંનું તો કોઈ નહિ ને? વર્ષો સુધી—વર્ષો સુધી.

ભારે હૈયે અમે હાથ મિલાવ્યા. બૉં વૉયાજ કહીને મને તેમણે બોટ પર ધકેલ્યો. નાની એવી સુંદર બોટ હતી. સગવડોથી ભરી ભરી હતી. સરસ લાગતાં સ્ત્રીપુરુષોથી પણ, પણ એ બધું તો મેં એ ઊપડી ને કાંઠા ઉપરથી દેલુ દેખાતા બંધ થયા એ પછી જ જોયું ત્યાં સુધી તો એમના ઊંચા થએલા હાથ સામે હાથ જ ઊંચો કર્યા કર્યો, અને તેમના સ્મિત કરવાનો પ્રયત્ન કરવા મથી રહેલા હોઠની સામે સ્મિત કરવાનો પ્રયત્ન કર્યા કર્યો.

જેમજેમ બોટ કાંઠાથી દૂર ધકેલાતી ગઈ તેમતેમ કાંઠા ઉપરનું દૃશ્ય ઝાંખું થતું ગયું. પણ સામે પક્ષે સરોવરનું અને એના કિનારાની પેલી બાજુના પહાડોનું, વૃક્ષોનું, હિમરાશિનું અનન્ય દર્શન સચોટ થતું ગયું. આવાં ચોગઠામાં આસમાની જલ, અને જાણે કોઈ ચિત્રના જ આપણે પણ એક ભાગ બની રહ્યા હોઈએ એવો ચારે બાજુ ઊભરાતો અને વીંટળાતો સૌન્દર્યરાશિ ભાગ્યે જ જોવા મળે. સ્વિટ્ઝર્લૅન્ડને પૃથ્વી પરનું સ્વર્ગ કેમ કહે છે તે સહેલાઈથી સમજી જવાય એવું હતું. કાશ્મીર નહિ એ સ્વર્ગ? એ પણ ખરું, આ પણ ખરું. બંનેનાં સૌન્દર્યો જુદા પ્રકારનાં અને બંને અદ્ભુત. પણ અહીંની માવજત, ટેકનૉલૉજીનાં સાધનોને લીધે મળતી સર્વ પ્રકારની સહુલિયત, નાચતાં ગાતાં હસતાં એ બધું માણી શકવાની વિશિષ્ટ પ્રકારની આયોજના—એ બધું આપણે ત્યાં તો 'વહ દિન કહાં સે...'

વચ્ચે એક કિનારે બોટ ઊભી રહી. લોસાં (Lausanne) હતું. થોડા ઉતારુઓ ઊતર્યા. થોડા નવા ચડ્યા. બોટ ફરીથી ચાલવા લાગી. થોડું ખાધું, થોડું પીધું. થોડી વાતોચીતો કરી. ત્યાં મારે જવાનું સ્થળ મૉન્ત્રો (Montrau) પણ નજીક આવવા લાગ્યું.

જીનીવા, લૉસાં, મૉન્ત્રો—જગતના સૌન્દર્યપ્રદેશનાં આ બધાં નામો માત્ર નામો રહેવાને બદલે ચક્ષુગમ્ય સ્થળોને રૂપે પ્રત્યક્ષ થતાં ગયાં તેનો આનંદ ઓર હતો. તેના નશાથી ચકચૂર બનીને મૉન્ત્રોને કાંઠે ઊતર્યો. હાથમાં મારી બને બૅગ અને ખભે એ વરકોટ તથા એક એરબૅગ લટકાવી રૂઆબભેર બહાર નીકળ્યો. બીજા ઉતારુઓ પણ એમ જ નીકળતા હતા. રેલવે સ્ટેશન કાંઠાથી નજદીક હતું ત્યાં પહોંચ્યો. થોડી વારમાં જ ત્યાંથી ઝરમાત માટે ઊપડનારી મારી ટ્રેન બીજા પ્લૅટફૉર્મ પર ઊભી હતી. ત્યાં જવાનો દાદર ચડવા લાગ્યો. પણ ચાર ડગલાં ચડ્યો ત્યાં મારો રૂઆબ ઊતરી ગયો. વજન લાગવા માંડ્યું. શરીર હાંફવા લાગ્યું. પગ ઢીલા પડવા લાગ્યા. બીજા બધા દોડ્યા જતા હતા તેમની સામે ઈર્ષ્યાભરી આંખે જોઈ રહ્યો. શ્વાસ ખાવા આઠમે પગથિયે ઊભો રહ્યો. ફરી ચાલવા માંડ્યો. પણ ચરણ ચાલે નહિ! બાકળા બની આજુબાજુ જોયું. ત્યાં પાછળથી એક મીઠો અવાજ આવ્યો: 'લાવો તમને મદદ કરું.' અને કોઈએ મારી મોટી બૅગ મારા હાથમાંથી પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કરવા લાગ્યું.

પાછળ ફરી જોયું. સાઠેક વર્ષનાં એક સન્નારી હતાં. હસતાં હતાં. મારી બૅગને ટેકો આપી રહ્યાં હતાં. આંખ મળતાં તેમણે ફરીથી કહ્યું: 'મને સોંપી દો. તમને આરામ મળશે.'

'હોય કાંઈ?' મેં કહ્યું. એટલી બધી શરમ લાગતી હતી! 'આભાર તમારો; પણ એ તો હું ઊંચકી લઈશ.'

'નથી ઊંચકાતી તો પછી જોર શા માટે કરો છો?' પછી હસીને: 'કશો ઉપકાર નહિ ચડી જાય, હો.'

'પણ તમે? સ્ત્રી, ને મારા કરતાં ઉંમરે પણ...'

'પણ મને સામાન ઊંચકવાની ટેવ છે; તમને નથી. લાવો.' કહી એટલા પ્રેમપૂર્વક મારા હાથમાંથી એ બૅગ લઈ લીધી કે હું ઉપકારવશ નેત્રે તેમની સામે જોઇ રહેવા સિવાય બીજું કશું ય કરી શક્યો નહિ.

'ચાલો જલદી, નહિતર ગાડી ચૂકશો. ક્યાં જવું છે? ઝરમાત?'

'તમને શી રીતે ખબર પડી ગઇ?'

'તમે ટૂરિસ્ટ છો, અને ટૂરિસ્ટો અહીંથી ઝરમાત જ જાય છે.'

'સરસ છે?'

'મૅટરહૉર્ન અદ્ભુત છે. લો, આ તમારી ગાડી. તમારી સફર સફળ થજો.' કહી મીઠું હસી તેમણે મારી બૅગ એક ડબ્બામાં ચડાવી દીધી.

મેં કહેલું 'થૅન્ક યુ' તેમણે સાંભળ્યું કે નહિ એ પણ ખબર પડી નહિ. 'હવે હું દોડું; નહિતર મોડી પડીશ.' કહીને એ ત્યાંથી દોડ્યાં જ.

તેમનો એ ઉપકાર વાગોળતો વાગોળતો ગાડીમાં મુસાફરી કરવા લાગ્યો એ પ્રદેશનાં નાનાં ગામડાં રમણીય હતાં. બધે લીલુછમ હતું. ઢોરો તંદુરસ્ત હતાં. રેલવે સરસ હતી. મુસાફરી પ્રસન્નતા અર્પતી હતી.

સાંજે ઝરમાત આવ્યું. નાનું ગામડું. માથેરાન જેવડું માંડ હશે. અમેરિકન એક્સપ્રેસના કાર્ડમાંથી શોધીને મારી હોટેલનું સરનામું કોઈકને બતાવ્યું. શોધતો શોધતો ચાલ્યો. દૂર હતું. ફરી થાક્યો પણ અહીં મજૂર પણ નહોતા ને મદદરૂપ થાય તેવું કોઈ અન્ય મનુષ્ય પણ નહોતું. માંડમાંડ પહોંચ્યો. મારું કાર્ડ હોટેલ ચલાવનાર બાઈને બતાવ્યું. સ્ટેશન પર કોઈને ન મોકલવા બદલ તેણે દિલગીરી બતાવી. આખી હોટેલ ચિક્કાર હતી, પણ તેણે માંડ છેક ઉપરનો ઓરડો ખાલી કરાવ્યો. હજાર જાતની માફી માગતાં તેની નાની બેનને ઓરડો બતાવવા મોકલી. સભર હતી છોકરી. ગભરાતી પણ હતી. અંગ્રેજી બહુ થોડું સમજતી હતી. માંડમાંડ મને ઓરડામાં ગોઠવ્યો અને પછી નાઠી. બીજે દિવસે જરૂર સારો ઓરડો આપશે એનો કોલ આપતી ગઈ.

થાક્યો હતો અને એમાં આવું થયું. અર્ધો ઉત્સાહ મરી ગયો. એના ભારમાં નીચે ગયો. પેલી બાઈને મારે ખાવા શું શું જોઈશે એ માંડ સમજાવ્યું. પછી જરા ગામમાં લટાર મારવા નીકળી પડ્યો.

નાના એવા એ ગામમાં પણ દુકાનો ભપકાદાર હતી. ઘણું બધું ત્યાં મળતું હતું એ જોઈ શકાયું. પોસ્ટ-ઑફિસ આગળ અને બીજી બેએક જગ્યાએ—અમારી હોટેલ પાસે પણ ખરી—એક છાપેલી સૂચના ચોંટાડેલી જોઈ. ગામના વહીવટદાર તરફથી એ હતી. આવનારા પ્રવાસીઓને ઉદ્દેશીને લખાએલી હતી. કહેતી હતી: 'તમે મોટા માણસો છો. અમારું ગામ નાનું છે. અમારા ગામમાં તમે આવો છો એ તમારો ઉપકાર છે. પણ તમે ભણેલા છો, અમે અભણ. તમે સુધરેલા છો, અમે ગામડિયા. અમારી સ્ત્રીઓ પણ એવી જ. ભોળી અને અભણ. પણ અમને અમારી રીતરસમ ગમે છે. કૃપા કરી એવું વર્તન ન કરતા જેથી એને આંચકો આવે. કૃપા કરીને એવો પોશાક ન પહેરતા જેથી અમારી સ્ત્રીઓ ફટકી જાય. તમારો ઉપકાર અમે કદિ નહિ ભૂલીએ. અહીં ભલે પધાર્યા. અમે તમારું સ્વાગત કરીએ છીએ. અમારા પર્વતની શોભા તમારી સામે ધરીએ છીએ. પણ કૃપા કરીને...'

પેલી નાની બેન કેમ ગભરાએલી લાગતી હતી એ સમજાઈ ગયું. સૌ પોતાની વિશેષતા જાળવવા મથે જ છે એ પણ સમજાયું.

ત્યાંની પર્વતીય હવા નીચે થાક તો થોડી વારમાં જ અદૃશ્ય થઈ ગયો. લોકોના ફૂલગુલાબી ચહેરાઓએ આવી ગએલી ચીડને લૂંસી નાખી. પેલી ગામડિયા જેવી સ્ત્રી જમાડતી વખતે ગામઠી સ્ત્રીઓ જેવી જ પ્રેમાળ નીકળી. વારંવાર આવીને મને પૂછી જાય અને જોઈએ તે પોતે પીરસી જાય. મઝા આવવા ગઈ. રાતે ઘસઘસાટ ઊંઘ પણ.

સવારે વહેલો ઊઠ્યો. મૅટરહૉર્નના શિખરનાં દર્શન કરવાં હતાં ને? એ નાનકડી રેલવેમાં બેસી ઝરમાતથી ગોર્નેગ્રાટ જવાનું હતું. નાહીધોઈને જલદી જલદી તૈયાર થઈ ગયો. પણ દિવસ સારો ઊગ્યો હોય એમ નહોતું લાગતું. થોડો થોડો વરસાદ વરસતો હતો. આકાશ ઘેરાએલું હતું. આમાં પર્વતનું શિખર ક્યાં દેખાવાનું? પણ આજનો એક દિવસ જ હાથમાં હતો. કાલ સવારે તો ઈન્ટરલીકન જવાનું હતું.

ચાલતો ચાલતો ટ્રેનના મથક સુધી પહોંચ્યો. ત્યાં તો લોકોનાં ટોળાં આવી પહોંચ્યાં. બધાંનાં મનમાં ભીતિ એક જ હતી: મૅટરહૉર્ન નહિ દેખાય. છતાં બધાં જ જતાં હતાં. મારો વારો છેક સાડા દસની ટ્રેનમાં આવ્યો. ત્યાં સુધીમાં આકાશ થોડું સ્વચ્છ બની ગયું હતું. ગાડી ધીમે ધીમે ઉપર ચડતી હતી. પહેલગામથી ચંદનવાડી જતાં રસ્તે જે સુંદર ખીણો અને પહાડી ધોધનાં દર્શન થતાં રહે છે એવાં જ દર્શન આખે રસ્તે થતાં રહ્યાં. મન પ્રસન્ન થઈ ગયું.

એવા પ્રફુલ્લિત ચિત્ત સહિત ગોર્નેગ્રાટ રેલવે સ્ટેશનની બહાર નીકળ્યો. અમે હતાં ત્યાં આકાશ ચોખ્ખું હતું અને થોડો થોડો સૂરજ પણ દેખાતો હતો, પણ દૂર ઊભેલા મૅટરહૉર્નનાં શિખર ધુમ્મસમાં ઢંકાઈ ગયાં હતાં. ભવ્યતાની ઝાંખી થતી હતી, સૌન્દર્યનાં દર્શન નહોતાં થતાં. નહિ હોય એ ભાગ્ય! મન મનાવી બીજી બાજુ જોયું. ત્યાં ઊભેલાં મોન્ટેરોસાનાં શિખરનાં લબકઝબક દર્શન થયાં. એ બાજુનાં શિખરો ઉપર ઝાકળ અને તડકો સંતાકૂકડી રમતાં હતાં. પળેપળે અદ્‌ભુત ચિત્રાવલી ઉપસી આવતી હતી. આ સંતાકૂકડી એ ભવ્યતાને કોઈ અજબ રોનક અર્પતી હતી. મૅટરહૉર્ન ન જોવા મળ્યો તો કાંઈ નહિ, મેં ફોટા તો જોયો હતો ને? પણ આવો છાયાભર્યો તડકો જો ન હોત અહીં, તો સૌન્દર્યનો આ અનોખો આવિર્ભાવ જોવા ક્યાં મળત? મનમાં અફસોસની માત્રા સુધ્ધાં રહી નહિ.

ઝરમાતમાં હોટેલ પર પાછો ફર્યો ત્યારે થાક વર્તાતો નહોતો. સ્થળની સ્ફૂર્તિદાયક તાજગીનો અનુભવ એક દિવસમાં જ થવા લાગ્યો. પેલી હોટેલવાળી બાઈ પણ ખુશ હતી: 'તમને માફક આવે એવો કમરો તમારે માટે તૈયાર રાખ્યો છે, હોં.'

'પણ સવારે તો મારે જવાનું છે.'

'એક રાતનો આરામ તો મળશે ને?' એ આશ્વાસનને ચિત્તમાં ભરીને ખાલી પડેલા એક ટેબલ પર ગોઠવાઈ ગયો. બાજુમાં એક પડછંદકાય માણસ બેઠો હતો. વૃદ્ધ નહિ, પણ પીઢ લાગે. મોટી મૂછો એના એ વિરાટ કાયાને શોભાવે. બે પળ પછી મારી સામે જોઈને હસ્યો. હું પણ હસ્યો. કશુંક બોલ્યો. હું સમજ્યો નહિ. ફરી કશુંક બોલ્યો. મેં અંગ્રેજીમાં કહ્યું: 'મને જર્મન આવડતું નથી.'

'હું બોલું છું એ જર્મન છે એટલું સમજવા પૂરતું તો આવડે છે જ.' એણે સ્મિત કરીને એના ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં કહ્યું.

ને અમે મિત્રો બની ગયા. ખાતો ખાતો એ વાતો કરવા લાગ્યો. ભાષા કઢંગી હતી, પણ વાતો રસિક હતી. લડાઈમાં એ જર્મનીના બોમ્બ સ્કવૉડ્રનમાં હતો. ઈંગ્લન્ડ ઉપર હલ્લો કરતો. ખૂબ તારાજી કરી હતી. ડર્યો નહોતો પોતે એ વખતે. એનું અભિમાન હતું પણ એની યાદ ગમતી નહોતી. આંખ નીચે સળગતું નગર જોવું ગમતું નહોતું.: 'War no gut (good).' એણે આખરે કહ્યું. એ ટાણે એની આંખમાં વિષાદ ઉભરાઈ આવ્યો. 'મૅટરહૉર્ન?' મેં પૂછ્યું. 'વન્ડરફુલ'! તે ઉત્સાહમાં આવી ગયો તેની આંખ ચમકી ઊઠી. તેજ અને છાયાની સંતાકૂકડી કંઈ પર્વતોનાં શિખરો ઉપર જ રમાતી નથી હોતી!

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા-૨૦

અસ્થિભંગ

ખોપરી, જડબું, બાવડું, હાંસડી કે પાંસળી ભાંગે ત્યારે

અસ્થિભંગની સારવારના સામાન્ય નિયમો આપણે જોયા. હવે ખાસ પ્રસંગે કેમ વર્તવું તે વિચારીએ.

ખોપરીનું હાડકું ભાંગવું

ઊંચેથી પડવાથી કે સખત વાગવાથી ખોપરીનું હાડકું ભાંગે છે. ઘણી વાર માથામાં ઘા દેખાતો ન હોય તોયે અંદર હાડકું ભાંગેલું હોઈ શકે છે. જો ભાંગેલા હાડકાના ટુકડા મગજમાં પેસી ગયા હોય તો તે 'ડિપ્રેસ્ડ ફ્રૅક્ચર' કહેવાય છે. કેટલીક વાર ખોપરી ન પણ તૂટે છતાં અંદર મગજને ઈજા થાય છે. આને 'કન્કશન' કહે છે. બંને કિસ્સામાં રોગી બેભાન પણ થઈ જાય છે. ખોપરી (સ્કલ)નું ફ્રૅક્ચર જોઈ શકાતું નથી કે હાથ વતી પણ માલૂમ પડતું નથી. ફક્ત એક્સ-રે દ્વારા જ તેની જાણ થાય છે. એટલે પડવાથી કે વાગવાથી થએલી માથાની સખત ઈજા ખોપરીનું શક્ય ફ્રૅક્ચર લેખીને જ સારવાર કરવી.

બન્ને કે એક કાનમાંથી, મોંમાંથી, નાકમાંથી અને આંખમાં લોહી આવે તો મગજના તળ ભાગનું હાડકું ભાંગ્યાની એ ચોક્કસ નિશાનીઓ છે. આંખની કીકી જોવી. જો તે નાની બની હોય તો તે મગજમાં દબાણ થવાની કે લોહી પડવાની નિશાની છે.

આવા રોગીને સુવાડી રાખવો. જો તેનો ચહેરો રતુમડો બની ગયો હોય તો તેના માથા તળે ઓશીકું મૂકી તેને થોડું ઊંચું રાખવું. જો ચહેરો ફિક્કો પડી ગયો હોય તો ઓશીકું મૂકવાની જરૂર નથી. રોગીને ઊભો થવા કે ચાલવા દેવો નહિ. શરીરની ગરમી જાળવવા ધાબળા ઓઢાડવા. માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં કે બરફ મૂકવો. કોઈ પણ ઉત્તેજક દવા પાવી નહિ, કેમ કે આમ કરવાથી મગજમાં વધારે લોહી વહે છે. જો માથામાં ઘા પડેલો દેખાય તો તેના પર ડ્રેસિંગ મૂકવું.

જડબાનું હાડકું ભાંગવું

બોલતી અને ખાતી વેળા નીચલું જડબું જ હાલેચાલે છે. ઉપલું જડબું ખોપરીના હાડકા સાથે સ્થિર છે. નીચલું જડબું ભાંગે ત્યારે તે લબડી પડે છે અને લોહી મિશ્રિત થૂંક ટપકે છે. કેટલાક દાંત ઢીલા પડે છે કે પડી જાય છે. બોલી શકાતું નથી કે પાણી પીવામાં મુશ્કેલી પડે છે. આવે વખતે ઉપરના દાંત સાથે નીચલા દાંત એકઠા મળે એવી રીતે નીચલું જડબું હળવેથી ઊંચકીને, તેને એમ ને એમ ગોઠવી રાખવા પાટો બાંધવો. પાટાનો એક છેડો માથા સુધી રાખી બીજો છેડો નીચે લઈ જઈ, ઊંચો લાવી, માથા આગળ આંટો મારી માથા ફરતો ગોળ વીંટી કપાળના છેડે ગાંઠ મારવી. (જુઓ આકૃતિ ૧)

ઉપરના હાથનો અસ્થિભંગ

ખભાથી કોણી સુધીનો હાથ 'ઉપલો હાથ' કે ભુજ (આર્મ) છે. આ ભાગના હાડકાનું નામ હુમરસ છે. તે ભાંગતાં વેદના સોજો ને બેડોળતા આવે છે. રોગી હાથ હલાવી શકતો નથી.

સારવાર: કોણીએથી હાથ વાળી હથેલી છાતી ભણી રહે એવી રીતે હાથને બને એટલી કુદરતી સ્થિતિમાં ગોઠવવો. જો બની શકે તો ખભા ઉપર અને કોણી નીચે આવે એવી સ્પ્લિન્ટ ગોઠવવી. આના બદલે ગડ વાળેલું છાપું કે લાકડી પણ ચાલે. સ્પ્લિન્ટ કે બીજા કોઈ આધારને સ્થિર રાખવા માટે ભાંગેલ હાડકાના સ્થાન ઉપર અને નીચે એમ બે પાટા બાંધવા. (આકૃતિ ૨) સ્પ્લિન્ટ હોય કે ન હોય તોપણ હથેળીને ઝોળી (સ્લિંગ)માં આરામભરી રીતે ગોઠવવી. પછી ત્રિકોણાકાર પાટા વતી હાથને શરીર સાથે બાંધી દેવો. ત્રિકોણાકાર પાટાને બદલે લાંબું કપડું પણ ચાલે. આ પાટો ભાંગેલા હાથ ઉપર અધવચ્ચે મૂકી એનો એક છેડો બરડા ઉપર અને બીજો છેડો છાતી ઉપરથી લઇ બીજા હાથની અંદર લઈ જઈ પડખા ઉપર ગાંઠ મારવી.

બાળકોમાં ઉપલા હાથના અસ્થિભંગમાં મોટાભાગે હુમરસ હાડકાનો નીચલો છેડો ભાંગતાં કોણીનો સાંધો સંડોવાય છે. કોણીમાં સોજો આવે છે અને ઘણી વેદના હોય છે. વેદના અને સોજાને લીધે કેટલીક વાર કોણી વળાતી ન હોવાથી ઝોળીમાં હાથ રાખી શકાતો નથી. ત્યારે હાથને આસાયેશ રહે એ સ્થિતિમાં ટેકવી રાખવો.

કોણીનો અસ્થિભંગ

કોણી ઉપર વેદના અને સોજો હોય છે. હાથ હલાવી શકાતો નથી. જો હાથ સીધો હોય તો હાથની અંદરની બાજુએથી, બગલથી માંડી કાંડા સુધીની લાંબી એવી સ્પ્લિન્ટ મૂકી ત્રણ પાટા બાંધવા; એક કોણી ઉપર, બીજો તેની નીચે અને ત્રીજો કાંડા આગળ. (આ. ૩)

જો કોણી વળેલી હોય તો હાથ કદી સીધો ન કરવો. હાથને ત્રિકોણાકાર ઝોળીમાં ગોઠવવો. પછી ઉપલા હાથને શરીર સાથે બાંધી દેવો. ઇજા પામેલા હાથ ઉપરથી પાટો લઈ બીજા હાથની અંદરની બાજુએ પડખા ઉપર ગાંઠ મારવી.

નીચલો હાથ અને કાંડું

કોણીથી કાંડા સુધીનો ભાગ નીચલો હાથ અગ્રભુજા (ફૉર આર્મ) છે. એમાં બે હાડકાં છે. આમાંનાં એક કે બંને ભાંગે છે કાંડાની રચનાનાં નાનાં હાડકાંમાંથી ભાંગે એ કાંડાનો અસ્થિભંગ છે.

હાથનું એક હાડકું ભાંગ્યું હોય તો રોગી હાથ હલાવી શકે છે. જો બન્ને હાડકાં ભાગ્યાં હોય તો હાથનું હલનચલન અશક્ય બને છે. લક્ષણોમાં વેદના, સોજો અને બેડોળતા હોય છે. એક હાડકું ભાંગ્યું હોય તો બીજું હાડકું સ્પ્લિન્ટની ગરજ સારે છે. કાંડાના ફ્રૅક્ચર વખતે ઊંધા પડેલા ચમચા જેવો હાથ ને કાંડાનો દેખાવ બને છે.

કોણીએથી હાથ વાળીને છાતી ભણી હથેલી આવે એવી રીતે ગોઠવવો. કોણીથી આંગળીઓ સુધીલ બી બે સ્પ્લિન્ટ હાથની અંદરની અને બહારની બાજુએ મૂકવી ને તેના ઉપર બે પાટા બાંધવા. એક કોણી નીચે અને બીજો કાંડા આગળ. પછી હાથ ત્રિકોણાકાર કોણી કરતાં આંગળાં ઊંચાં રહે એવી રીતે ઝોળીમાં ગોઠવવો. (આ. ૪)


હાંસડી (ક્લેવિકલ) ભાંગવી

નાનાં બાળકો પડવાથી ખસુસ આ હાડકાના અસ્થિભંગ થાય છે. લટકતા હાથ રાખી રોગી બેઠો કે ઊભો હોય તે વખતે ઇજા પામેલો ખભો બીજા ખભા કરતાં નીચો અને આગળપડતો લબડતો દેખાય છે. હાંસડી ઉપર ધીમેથી આંગળી ફેરવતાં હાંસડીના ભાંગેલા છેડા માલૂમ પડે છે. વેદના અને સોજાની નિશાનીઓ હોય છે. ખભાથી હાલ હલાવતાં વેદના થાય છે.

કપડાની ગડ વાળી ઈજાવાળા ખભાની બગલમાં ગોઠવવી જેથી શરીરથી કોણી આઘી રહે. ભાંગેલી હાંસડીવાળો હાથ ત્રિકોણાકાર ઝોળીમાં મૂકવો અને હાથને શરીર સાથે બાંધી દેવો. (આ. ૫)

આંગળીનો અસ્થિભંગ

ભાંગીને વાંકી વળેલી આંગળીને તાણી સીધી કરવી. હથેલી સુધીની સ્પ્લિન્ટ ગોઠવી પાતળો પાટો બાંધવો. હાથને ઝોળીમાં રાખવો. છૂંદાવાથી આંગળીનો સંયુક્ત અસ્થિભંગ થયો હોય તો ડ્રેસિંગ મુકાયા બાદ સ્પ્લિન્ટ મૂકી પાટો બાંધવો. (આ. ૭)



પાંસળી ભાંગવી

જોસથી છાતી ભીંસાવાથી, સીધા ઘાથી કે બંદૂકની ગોળી વાગવાથી પાંસળી તૂટે છે. આવે વખતે તીવ્ર વેદના થાય છે અને ઊંડો શ્વાસ લેતાં એ વધારે તીવ્ર બને છે ભાંગેલી પાંસળી ઉપર હાથ મૂકતાં ભાંગેલા હાડકાનો અવાજ સંભળાય છે પાસળીનો ભાંગેલો છેડો ફેફસામાં ઘૂસ્યો હોય તો રોગીને ગળફા વાટે ફીણવાળું લોહી આવે છે. કલેજી કે બરોળમાં ઈજા થાય તો શરીરમાં લોહીસ્રાવ થવાથી રોગી ઠંડો પડે છે, નાડી ઝડપી બને છે, ઉપરછલ્લા શ્વાસોચ્છ્વાસ શરૂ થાય છે.

ફેફસામાં કે બીજા અવયવોમાં ઈજા વખતે દાક્તરને બોલાવવા. ને જો રોગીને ત્યાં લઈ જવાનો હોય તો વાહન આવતાં અગાઉ રોગીને ઈજા બાજુએ ઢળતો સુવાડવો. આમ થવા માટે ઈજાની સામી બાજુએ ઓશીકાં, ગડવાળાં કપડાં કે ગડ વાળેલો ધાબળો ગોઠવવાં. જો શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય તો રોગીના ખભા ને છાતી ઊંચાં રાખવાં કે જેથી તે ઓછી મુશ્કેલીએ શ્વાસ લઈ શકે.

ઘા છાતીમાં દેખાતો હોય તો તે પર ડ્રેસિંગ મૂકી પાટો બાંધવો. રોગીને અરધી બેઠેલી સ્થિતિમાં ઇજા વાળા ભાગ ભણી ઢળતો રાખવો. દવાખાને લઈ જતા વાહનમાં પણ એને આ સ્થિતિમાં જ રાખવો. એકલી પાંસળી ભાંગી હોય તો હાડકા ઉપર અધવચ્ચેથી પાટો ગોઠવી પાટાના બે છેડા સામા પડખે લઈ જઈ ગાંઠ મારવી. ગાંઠ નીચે ગડ વાળેલું કપડું મૂકવું. રોગીને ઉચ્છ્વાસ કાઢવા કહેવું અને આમ કરતાં તેને બેચેની ન લાગે એટલો સખત પાટો બાંધવો. આ પ્રમાણે બીજા બે પાટા મૂળ પાટાની ઉપર નીચે અને એની ઉપર આવે એવા બાંધવા. જો પાટા ન હોય તો છાતી ઉપર કપડું કે ટુવાલ બાંધવો કે જેથી શ્વાસોચ્છ્વાસનું હલનચલન અંકુશમાં રહે. (આ. ૬) (ચાલુ)

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૨૫મું અધિવેશન ડિસેમ્બર ૧૯૬૯માં યોજાશે. જે સભ્યો પરિષદની મધ્યસ્થ સમિતિમાં ઊભા રહેવા માગતા હોય તેમણે તરીખ ૩૦-૬-૧૯૬૯ સુધીમાં પરિષદના સભ્ય થઈ જવું આવશ્યક છે. એ મુદ્દત સુધીમાં થએલા સભ્યો જ મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં અને જરૂર પડ્યે પ્રમુખશ્રીના ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર ધરાવશે લવાજમ રૂ. ૭/- ભરવાનું સ્થળ: પરિષદ કાર્યાલયમાં C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯

હિંદમાંની બ્રિટિશ હકૂમતની ઘોરની પહેલી કોદાળી જ્યાં પડી જલિયાંવાલા

પહેલા મહાયુદ્ધ દરમ્યાન સરકારને કરેલી સહાયને લીધે ઓછામાં ઓછું 'હોમરૂલ' તો મળશે જ એવી ભારતની આશા સામે બ્રિટિશ હકૂમતે એક બાજુ 'મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ' સુધારા આપવાની સાથોસાથ બીજી બાજુ બ્રિટનના જસ્ટિસ રૉલેટના પ્રમુખપદે નીમેલી સમિતિના અહેવાલ પરથી, સરકારને નાપસંદ કે શકમંદ વ્યક્તિની ધરપકડ કરવાની તથા કામ ચલાવ્યા વિના કેદમાં રાખવા વગેરેની ભારે સત્તા પોલીસને આપતો 'રૉલેટ ઍક્ટ' ઘડ્યો 'ના વકીલ, ના દલીલ, ના અપીલ' વાળા એ 'કાળા કાયદા' સામે દેશભરમાં જે આંદોલન આરંભાયું તેમાં એક નવો જ સૂર સંભળાયો.

એ સૂર હતો ગાંધીજીનો. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતોથી હિંદમાં પરિચિત બની ચૂકેલા તે હવે હિંદ આવી સાબરમતી આશ્રમમાં વસ્યા હતા. યુદ્ધ માટે રંગરૂટોની ભરતી કરવામાં એમણે અહીં સરકારને સારી મદદ પણ કરેલી. ૧૯૧૭માં ચંપારણના વિદેશી બગીચાવાળાઓના ત્રાસમાંથી ત્યાંના ગરીબ દુઃખી દલિત કિસાનોને મુક્ત કરાવવામાં એમણે સફળતા મેળવેલી; ને પછી ખેડા જિલ્લાના ખેડૂતોની વહારે પણ ચડ્યા હતા. ૧૯૧૯માં ખૂબ બીમાર પડી ગયા પછી તે હજી ઊઠ્યા જ હતા, ત્યાં દેશભરમાં 'રૉલેટ બિલ' સામે ઘોષ ઊઠ્યો અને એમાં એમણે પોતાનો અવાજ પુરાવ્યો. પણ એ અવાજ બીજાથી નિરાળો હતો: નમ્ર અને મૃદુ. છતાં એમાં પોલાદી નક્કરતા હતી. અન્યાયને વશ ન થવાનો એમાં નગદ રણકો હતો.

ગાંધીજીએ વાઈસરૉયને કરેલી નમ્ર અપીલ અને ચેતવણી એળે ગઈ ત્યારે એમણે ૬ઠ્ઠી એપ્રિલે દેશભરમાં હડતાળનું એલાન આપ્યું. આ પ્રકારનું એ સૌપ્રથમ દેશવ્યાપી નિદર્શન હતું. અને એનો પ્રભાવ પણ એવો જ હતો. હિંદુ-મુસલમાન-શીખ એવો જાતભેદ એમાં નહોતો.


૬ઠ્ઠી એપ્રિલે રામનવમી હતી. અમૃતસરમાં એ દિવસે હિન્દુ-મુસ્લિમ શીખોએ સાથે મળીને એક વિશાળ સરઘસ કાઢી એ એકતાની સાબિતી આપી તે પરથી ૧૦મી એપ્રિલે ત્યાંના બે નેતા—ડૉ. કિચલુ (મુસ્લિમ) અને ડૉ. સત્યપાલ (હિન્દુ)ને મળવા બોલાવી છેહપૂર્વક એમની ધરપકડ કરવામાં આવી. એમને છોડી મૂકવા સારુ ડેપ્યુટી કમિશનરના દફતર પર વિનતિ કરવા લોકો ઊપડ્યા. દરમિયાન ખબર આવ્યા કે આ પ્રસંગે પંજાબ આવવા માગતા ગાંધીને પ્રાંતની સરહદ પર જ અટકાવીને પકડી મુંબઈ લઈ જવામાં આવ્યા છે. લોકો પર ધાક બેસાડવા પોલીસે ગોળીબાર કર્યો. જેમાં કેટલાક માર્યા ગયા. પરિણામે વિફરેલા લોકોએ દફતરમાંના પાંચ છ ગોરા અફસરોને મારી નાખ્યા.

૧૧મી એપ્રિલે જલંધર બ્રિગેડનો કમાંડર જનરલ ડાયર અમૃતસર આવ્યો. ને તુરત ત્યાંની ટુકડીઓનો દોર પોતાને હસ્તક લઈ લીધો. શહેરમાં જાણે કે લશ્કરી કાયદો જ ચાલવા માંડ્યો. બીજે દિવસે ડાયરે લોકોને એકઠા થવાની મનાઈ ફરમાવી, પણ આ હુકમ કાં તો ઈરાદાપૂર્વક યા અજાણતાં શહેર સમસ્તમાં ફરી વળ્યો નહિ. દરમ્યાન બીજે દિવસે જાહેર સભા ભરવાની યોજના થઈ.

તદનુસાર ૧૩મી એપ્રિલ ને રવિવારે, 'વૈશાખી'ના તહેવારને દિવસે જલિયાંવાલા બાગમાં, સાંજે સાડાચાર વાગ્યે જાહેર સભા યોજાઈ. જનરલ ડાયરને તેની જાણ છતાં એણે મનાઈ હુકમ બહાર પાડીને કે બાગના પ્રવેશદ્વારે ચોકી મૂકીને એ સભા થતી રોકી નહિ. ઊલટું સભા શરૂ થઈ ત્યારે સશસ્ત્ર ટુકડી સાથે એ ત્યાં પહોંચી ગયો.

આ પછી જે થયું તે બ્રિટિશ રાજઅમલ માટે એક કાળી ટીલી બની રહ્યું. ભારતમાં અંગ્રેજી રાજ્યના ઇતિહાસના એ ગંભીર ને ગોઝારા બનાવ સાથે તેની ઘોરની પહેલી કોદાળી પડી. એક સાંકડી શેરીમાં પડતા પ્રવેશદ્વાર સિવાય ચારે બાજુ નાની દીવાલ અને ઊંચા મકાનોથી ઘેરાએલો એ જલિયાંવાલા બાગ એ કોઈ બગીચો નહોતો, પણ લગભગ ૨૦૦ વાર લાંબી અને ૧૦૦ વાર પહોળી ખાનગી માલિકીની એક ખુલ્લી જગ્યા હતી. પ્રવેશની મુખ્ય ગલી સિવાય આસપાસની





ગયા એપ્રિલ માસમાં જે ગોઝારા હત્યાકાંડની અર્ધશતાબ્દી મનાવવામાં આવી એ જલિયાંવાલા બાગમાં માત્ર એક સાંકડી ગલીમાં થઈને જ જઈ શકાતું. જનરલ ડાયરે લોકોને નાસવાનો એ માર્ગ રોકી ત્યાંથી જ સભા પર ગોળીઓ ચલાવી હતી. ઉપર ડાબી બાજુ: એ ગલીનું એક જૂનું ચિત્ર. જમણી બાજુ: જલિયાંવાલા બાગનું આજનું દૃશ્ય. એમાં ડાબી બાજુના ગોળાકાર સફેદ સ્મારકમાં એક કૂવો છે જેમાંથી નાસભાગ કરતાં ને જીવ બચાવવા કૂદી પડેલાં ૧૨૦ જણની લાશ મળી હતી. જમણી બાજુ એ ગોઝારા હત્યાકાંડની યાદમાં ઊભું કરેલું શંકુ આકારનું સ્મારક છે.

શેરીઓમાં નીકળવા એની ફરતા કોટમાં બેચાર જગ્યાએ થોડો થોડો સાંકડો ખુલ્લો ભાગ જ હતો. અંદર માત્ર ત્રણ વૃક્ષ, એક કૂવો અને એક કબર સિવાય આખું મેદાન ખાલી હતું વારતહેવારે લોકો ત્યાં મેળો ભરતા કે સભા યોજતા. બાગના એકમાત્ર સાંકડા પ્રવેશમાર્ગે થઈને, અંદર ન દ આવી શકતી બે મોટરોને બહાર રોકી, જનરલ ડાયર પચાસ સશસ્ત્ર સૈનિકો સાથે બાગમાં આવ્યો. દુર્ગાદાસ નામે એક નેતા ત્યારે એકઠા થએલા આબાલવૃદ્ધ વીસેક હજાર શ્રોતાને સંબોધી રહ્યા હતા. સર વેલેન્ટાઈન શિરોલે વર્ણવ્યા મુજબ 'લગભગ ૧૦૦ વાર દૂરથી, સભામંચની આસપાસ એકઠી થએલી વિશાળ મેદની પર, ચેતવણીનો એક પણ શબ્દ કહ્યા વિના (જનરલ ડાયરે) ગોળીબાર શરૂ કરી દીધો. બચાવ વિનાના અને નિઃશસ્ત્ર લોકો પાંજરામાં ફસાઈ પડેલા ઉંદરડા જેમ બ્હાવરા બની નાસભાગ કરવા લાગ્યા કે જમીન પર લેટી ગયા. બાગમાં નાસતા લોકોનું જ્યાં જ્યાં ટોળું દેખાયું ત્યાં ત્યાં ગોળીઓ છોડવા માટે ડાયરે પોતે હુકમો આપવા માંડ્યાં. બહાર નીકળવાના જે કોઈ માર્ગો હતા તે તરફ દોરેલા ટોળા પર ગોળીઓનો વરસાદ થતાં ત્યાંત્યાં તો શબના ઢગ થવા લાગ્યા. પાછળથી બહાર આવેલી વિગતો પ્રમાણે માત્ર દસેક મિનિટ જ ચાલેલી એ પચાસ જેટલી બંદૂકોમાંથી ૧૬૫૦ જેટલી ગોળીએ છૂટેલી. લગભગ ૩૩૭ માણસો અને ૪૨ બાળકો માર્યા ગયાં. દોઢેક હજાર માણસો ઘવાયાં.'

સાડા ૫ ચ વાગ્યે ડાયર પાછો ચાલ્યો ગયો છ વાગતાંમાં શહેરભરમાં આ હત્યાકાંડના ખબર ફરી વળ્યા. બંદૂક ચલાવવાની પોતાની ફરજ પોતે સારી રીતે બજાવી છે એવા સંતોષ સાથે પાછા ફરેલા ડાયરના હાથમાં જ શહેરનો વહીવટ હતો. સાંજે આઠ વાગ્યાથી એણે શહેરમાં કર્ફ્યુ જાહેર કર્યો એને રસ્તા પર દેખાય અને ગોળીએ દેવાના હુકમ આપ્યો. આટલેથી જ ન અટકતાં શહેરનાં પાણી અને વીજળીના જોડાણ કાપી નાખ્યાં. જલિયાંવાલા બાગમાં આખી રાત શબ ચૂંથતાં કૂતરાં-ગીધડાં વચ્ચે ઘવાએલા લોકો કરાંઝતા રહ્યા.

૧૫મી એપ્રિલે અમૃતસરમાં લશ્કરી કાયદાની રીતસરની જાહેરાત કરવામાં આવી. ૧૫ થી ૨૪ તારીખ દરમિયાન પંજાબનાં બીજાં પાંચ શહેરોમાં પણ લશ્કરી કાયદો લાગુ કરાયો. સેંકડો લોકો પર લશ્કરી અદાલતમાં કામ ચાલ્યું, જેમાંથી ૫૧ને ફાંસી, ૪૬ને જન્મકેદ અને બીજા સંખ્યાબંધને ઓછીવત્તી કડક કેદ અપાઈ. અનેક લોકોને જાહેરમા ફટકા મારવામાં આવ્યા. અમૃતસર જ નહિ, લાહોર કાસુર, લાયલપુર અને બીજે પણ આ જ સ્થિતિ હતી. સર માઈકલ ઓડવાયરે પોતે નિઃશસ્ત્ર શાંત દેખાવકારો પર વિમાનમાંથી ગોળીઓ ચલાવડાવી, ગુજરાનવાલામાં રૉયલ એર ફોર્સના અમલદારે કેટલાક લોકો બળવાખોર હશે એમ કલ્પી લઈને જ ગોળીબાર કરાવ્યો. ઈ. ૧૮૫૭થી દાઝેલા અંગ્રેજોએ દેશમાં રખેને ફરી મોટો બળવો ફાટી નીકળે એવા ભયથી ધાક બેસાડવા લડાયક ગણાતા પંજાબમાં આ બેફામ કત્લેઆમ ચલાવેલી; અને આ અત્યાચારોનાં કોઈ ખબર દેશના અન્ય ભાગોમાં ન પહોંચે એની ખબરદારી પણ રાખેલી.

પણ અંતે તો ખબર ચોગમ ફેલાયા જ. ખુદ કેટલાક અંગ્રેજોએ જ આ હત્યાકાંડને વખોડ્યો પાર્લામેન્ટમાં ચર્ચિલે એને 'અ-બ્રિટિશ રીત' કહીને ટીકા કરી. જનરલ ડાયરને બરતરફ કરવામાં આવ્યો.

હિંદુસ્તાનમાં તો ખૂણે ખૂણે આ હત્યાકાંડનો ભીષણ આંચકો લાગ્યો. આની સામે સૌપ્રથમ જાહેર વિરોધ પ્રદર્શિત કરનાર કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે પોતાનો 'નાઈટહુડ'નો બ્રિટિશ ખિતાબ પાછો વાળી દીધો. ૬ઠ્ઠી એપ્રિલથી ૧૩મી એપ્રિલના ગાળાના બનાવો પછી એ સપ્તાહ 'રાષ્ટ્રીય સપ્તાહ' તરીકે મનાવા લાગ્યું. એ જ વર્ષની ૨૮ થી ૩૦મી ડિસેમ્બર દરમિયાન કૉંગ્રેસની બેઠક પણ અમૃતસરમાં જ ભરીને દેશે પોતાની હમદર્દી-તથા પંજાબના દેશભક્તોની કદરશનાશી અદા કરી. જલિયાંવાલા બાગનો વિસ્તાર ખરીદી લઈને એને રાષ્ટ્રીય સ્મારક બનાવવાનો નિર્ણય લીધો.

ભારતની સ્વાતંત્ર્ય-લડતના ઇતિહાસમાં જલિયાંવાલાના બનાવ પછી એક નવો જ વળાંક આવ્યો. આવા અત્યાચારોમાંથી બચવાનો એકમાત્ર ઉપાય સ્વતંત્રતા જ છે એમ કલકત્તાની કૉંગ્રેસ-બેઠકમાં ગાંધીજીએ ખાતરી કરાવી આપી ને અંગ્રેજ સત્તા સામે અસહકારની અહિંસક લડત શરૂ કરવાનો ઠરાવ થયો. કલકત્તાથી બહાર પડેલા આ આદેશથી ભારતની સ્વાતંત્ર્યની લડતમાં 'ગાંધીયુગ'નો આરંભ થયો.

ડૉ. સંપૂર્ણાનંદ (અનુસંધાન પૃ. ૧૭૩થી) વિરોધી હતા. એટલે ૧૯૩૮ના પાંચમી સપ્ટેમ્બરે એમણે ગાંધીજીને એક જાહેર પત્ર લખીને તેમના મતનું ખંડન કર્યું. ગાંધીજીએ આ બહાદુર વિરોધપત્રને બિરદાવતો પત્ર ૮મી સપ્ટેમ્બરે લખ્યો. આથી ઉર્દૂવાદીએ નાખુશ થઈ ગયા ઉર્દૂ પત્રોએ સંપૂર્ણાનંદની જાહેર ટીકાઓ પણ કરી. એ વેળા પોતે પ્રાંતિક પ્રધાનમંડળમાં શિક્ષણ ખાતું સંભાળતા હતા અને આવો ઉગ્ર મત ધરાવવા બદલ પ્રધાનપદ છોડવું પડે તેવો સંભવ પણ ઊભો થએલો. પરંતુ એ પદ છોડવાની પૂરી તૈયારી સાથે એમણે મતાગ્રહ જાળવી રાખ્યો. અને ઘણાને ખબર નહિ હોય કે તેઓ ઉર્દૂ-ફારસીના વિદ્વાન જાણકાર જ નહિ, પણ સંસ્કૃત અને હિન્દી ભાષા જેટલો જ રસ એમને ઉર્દૂમાં પણ હતો પોતાના અમલ દરમિયાન સરકારી મદદ મેળવતાં પુસ્તકાલયોમાં હિન્દી ઉપરાંત એમણે મોટી સંખ્યામાં ઉર્દૂ પુસ્તકો વસાવડાવ્યાં હતાં.

હિંદી ભાષાની સેવા કરતાં તેઓ કાશીની નાગરી પ્રચારિણી સભાના કારોબારમાં મુખ્ય મંત્રી અને પ્રમુખ બની ચુક્યા હતા. 'હિંદી શબ્દસાગર'ના પ્રધાન સંપાદક અને 'હિંદી સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ'ના પણ સંપાદક મંડળના મોવડી હતા. હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખપદે પણ તે રહી ચૂક્યા હતા. ઇ. ૧૯૬૭ની ૨૫મી સપ્ટેમ્બરે અસ્વસ્થ તબિયતે પણ 'નાગરી પત્રિકા'ના પ્રથમ અંકનું ઉદ્ઘાટન કરવા જઈને એમણે જે પ્રેરક પ્રવચન આપેલું તે એમના સમાજલક્ષી ચિંતનનું પ્રમાણ પૂરું પાડે છે. એમણે કહેલું કે 'કોઈ યુગ કાયમી નથી. આજથી વીસ વર્ષ પછી આવનારી પેઢી જ્યારે જોશે ? આજના સાહિત્યમાં બુરાઈ ને અંધકાર સિવાય કશું નથી ત્યારે એ શું ધારશે? એ પેઢી આ મોટીમોટી ઇમારતો ને વિશાળ કારખાનાં જોશે ત્યારે પૂછશે કે આટલું બધું હોવા છતાં એ યુગના સાહિત્યકાર સામે બધું અંધારું-અંધારું જ કેમ હતું ! એટલે, આજે જે રચનાઓ થાય છે તેમાં જણાતી બુરાઇઓ, સંઘર્ષો અને હતાશાની સાથે કશીક આશા પણ હોવી જોઇએ, કશીક સંદેશ પણ હોવો જોઈએ.'

હિન્દી વાઙ્મયમાં જણાતા વિવિધ અભાવની પૂર્તિ એમણે પોતે લખીલખીને અને બીજાઓને નવાનવા વિષયો પર લખવા માટે પ્રોત્સાહિત કરીને કરી. ગણિત અને ફલજ્યોતિષમાં એમને ઘણી રુચિ હતી, તો બીજી બાજુ વિજ્ઞાનની નવી ગતિ વધિથી પણ તેઓ બરાબર માહિતગાર રહેતા. અંતરીક્ષ યાત્રાના આરંભના પ્રયત્નોમાં એમણે ઘણો રસ દાખવેલો. હિન્દીનાં વૈજ્ઞાનિક કથાલેખનને પ્રોત્સાહિત કરવા એમણે પોતે 'પૃથ્વીસે સપ્તર્ષિ લોકકી ઓર' નામની એક વિજ્ઞાનકથા લખી, જેમાં એમણે અન્ય વિજ્ઞાનવાર્તાઓથી કંઈક ભિન્ન એવી, વિજ્ઞાન અને યોગ પર આધારિત એમની પોતાની કલ્પનાઓ રજૂ કરી છે. 'વિજ્ઞાન-હમારે યુગદેવતા' જેવા લેખો તથા કેટલાંક વિજ્ઞાનવિષયક

ડેવિલ ઍટ થ્રી ઍ'ક્લૉક!

સંપૂર્ણાનંદની દિનચર્યા પ્રાચીન ભારતીય ઋષિ-મુનિઓના આદર્શ પર રચાએલી હતી. રાતે વહેલા સૂઈ જતા, અને બ્રાહ્મમુહૂર્તની પણ પહેલાં ઊઠી નિયમિત વ્યાયામમાં પરોવાતા.

એક જેલવાસ દરમિયાન ઉનાળાના દિવસો હોવાથી રાજકીય કેદીઓને પ્રાંગણમાં સૂવાની છૂટ મળેલી. પરંતુ દર કલાકે પહેરેગીર એમનાં માથાં ગણી જતો. એ માટે એક પહેરેગીર રાતના ત્રણેક વાગ્યે આવીને જુએ છે તો કેદીઓની વચ્ચોવચ્ચ માથા વિનાનો એક ખવિસ ઊભો છે ને આમથી તેમ ડોલે છે. પહેરેગીરના હાથમાંથી ફાનસ અને ડંડો છૂટી પડયાં ને એકીશ્વાસે એ સુપરિન્ટેન્ડેન્ટની કચેરીમાં પહોંચી ગયો.

આખી જેલમાં હોહા મચી ગઈ. મશાલો સળગાવી તપાસ કરતાં જણાયું કે એ ખવિસ તો હજુ આરામથી ત્યાં જ ઊભો હતો ને પોતાનું નિયમિત શિર્ષાસન કરી રહ્યો હતો! સંપૂર્ણાનંદ નામક એ ખવિસનું મોં ધારીધારીને જોયા પછી જ પહેરેગીરનાં ધ્રૂજતાં ગાત્ર શાન્ત થયાં.

પુસ્તકો પણ એમણે લખેલાં. છતાં તેઓ ભૌતિકવાદી નહોતા. વિજ્ઞાનને એક સાધનરૂપ લેખી‌ન આધ્યાત્મિક ઉન્નતિના માનવીના સરળ લક્ષ્ય પ્રતિ ગતિ કરવાનો જ એમનો ઉપદેશ રહેતો.

પ્રધાનપદ દરમિયાન શાસકની હેસિયતથી એમણે લોકસંગ્રહનાં જે અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યાં, તેમાં હિન્દીમાં ગ્રંથરચનાને પ્રોત્સાહન આપવાનું કાર્ય ઘણું મહત્ત્વનું હતું. રાજ્ય સરકાર તરફથી હિંદીના લેખકોને પુરસ્કાર આપવાની પ્રથા પ્રથમ એમણે ચાલુ કરેલી. ને એ પણ માત્ર પોતાના રાજ્યના જ નહિ, દેશભરના ઉત્તમ લેખકોને એ પુરસ્કાર અપાતો. નવાનવા વિષયો પર હિન્દી પુસ્તકો તૈયાર કરાવવા એમણે એક હિન્દી સમિતિની સ્થાપના કરેલી, જેના દ્વારા શતાધિક પ્રકાશનો થઈ ચૂક્યાં છે. સરકાર તરફથી પાઠ્ય પુસ્તકો છપાવવાનો પ્રારંભ પણ દેશમાં એમણે જ પ્રથમ કરેલો. સંસ્કૃત ભાષાના અધ્યયનને નવી દિશા આપવા એમણે કાશીના પ્રાચીન સંસ્કૃત વિદ્યાલયને વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ આપ્યું, ને ત્યાં માત્ર ભાષા જ નહિ પણ આયુર્વેદ, જ્યોતિષ વગેરે જેવા ભારતીય સંસ્કૃતિના ઓછા વંચાતા બધા વિષયોમાં ઉચ્ચ અનુસંધાનકાર્ય થાય તેવી યોજના કરી. વેદપંડીઓની ચર્ચાઓ ગોઠવીને અને વેદપાઠની રેકર્ડો બનાવડાવીને એ ઝડપથી લુપ્ત થતી જતી હજારો વર્ષ જૂની આપણી પરમ્પરાને જીવતી રાખવાનો એમણે પ્રયત્ન કરેલો.

એમના રાજનૈતિક જીવન ને રાજવહીવટી કાર્યો પાછળ એમના જીવનની સાંસ્કૃતિક બાજુઓ ઢંકાઈ ગઈ છે. રાજકારણમાં પ્રવેશ્યા પહેલાં તેઓ કાશીના હરિશ્ચંદ્ર વિદ્યાલયમાં તથા ઈંદોર અને બિકાનેરના રાજકીય વિદ્યાલયોમાં પ્રાધ્યાપક હતા. રાજકાજમાં પડયા પછી યે તેઓ કાશીના પ્રસિદ્ધ વિદ્યાપીઠમાં નિયમિતપણે ઉચ્ચ અધ્યાપનકાર્ય કરતા રહેલા. ભલે તેઓ કહેતા કે 'હું હિન્દીનો સાહિત્યકાર નથી કેમ કે મારો વિષય સંશોધન, નવલકથા કે વાર્તા કવિતાનો નથી.' પણ તે સંપૂર્ણપણે સાચું નથી. અલબત્ત, એમણે શોધ સાહિત્ય પ્રત્યે બહુ લક્ષ્ય આપ્યું નથી, પણ નિબંધકાર, લેખક કે ગદ્યકાર તરીકે નિઃસંદેહ એમની ગણના હિન્દીના શ્રેષ્ઠ લેખકોમાં થઈ શકે તેમ છે. એમનાં સાર્વજનિક અને રાજકીય કાર્યો કરતાં પણ એમનું લેખન વધુ યશસ્વી હતું.


એમની વિજ્ઞાનનિષ્ઠા સાથે કદાચ બંધબેસતું ન લાગે એવું એમના જીવનનું એક અન્ય પાસું હતું. જ્યોતિષ ઉપર એમને ભારે શ્રદ્ધા હતી. છેક બાળપણથી એમણે જો કોઈ વિષયનો વધુમાં વધુ અભ્યાસ કર્યો હોય તો જ્યોતિષ અને ખગોળશાસ્ત્રનો. જ્યોતિષમાંની એમની આ શ્રદ્ધાએ નેહરુજી સાથે એમને વાદવિવાદમાં પણ ઉતાર્યા હતા. જ્યોતિષના એમના આ જ્ઞાનના નીચોડરૂપ બે પુસ્તકો જન્મ્યાં છે: 'જ્યોતિર્વિનોદ' અને 'ગ્રહ-નક્ષત્ર'. પણ ફલજ્યોતિષ એમનો પ્રિય વિષય હોવા છતાં એમને તેમાં અંધશ્રદ્ધા નહોતી. ફલજ્યોતિષના પરીક્ષણ માટે એમણે લખનૌ વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગમાં કેટલીક કસોટીઓ પણ કરાવેલી ને તેનાં દિલચસ્પ પરિણામો પણ મેળવેલાં. આની સાથોસાથ ગ્રહ, નક્ષત્રો, વેધ અને પર્યવેક્ષણમાં રસ વિકસાવવા એમણે નૈનીતાલ અને કાશીમાં સારાં દૂરબીનો સાથે બે વેધશાળાઓ પણ બનાવડાવી હતી; તો બીજી બાજુ, ઉત્તર પ્રદેશમાં હતા ત્યારે રાજ્યની ઇસ્પિતાલોમાં જન્મેલા પ્રત્યેક બાળકની જન્મકુંડળી બનાવવાની વ્યવસ્થા પણ એમણે કરેલી. એનો ઉદ્દેશ એ હતો કે જન્મ સમયના કયા ગ્રહોને કારણે બાળમરણ થાય છે.

ઊંચી પડછંદ કાયા, કાળો વાન, મોટી મૂછ ને વિખરાએલા વાળવાળું એમનું વ્યક્તિત્વ બહારથી સુ-દર્શન નહોતું લાગતું. એ કદાચ કુટુંબવત્સલ નહોતા જણાયા. કદાચ સાથીઓ અને પક્ષ પ્રતિ ઉપેક્ષા પણ સેવતા લાગે. પરંતુ એનું કારણ એમનો અહંભાવ નહોતો. પોતે નિઃસ્વાર્થભાવે બહુજનહિતની અને સમાજના આધ્યાત્મિક ઉત્થાનની એક વિશાળ કામગીરીમાં પરોવાએલા હોઈ કુટુંબ, સાથીઓ કે પક્ષ જેવાં સંકુચિત હિતોનું રક્ષણ કરવાની વૃત્તિ જ એમનામાં નહોતી. અસહકારમાં જોડાયા ત્યારથી તે સ્વાતંત્ર્ય મળતાં સુધી એમણે ઊંડી ગરીબી ને મુશ્કેલીઓ વેઠી હતી. એ સંજોગોમાં જ પત્ની અને સંતાનો ભરખાઈ ગયાં, પણ એમની માનસિક સ્વસ્થતા કદી ડગી નહિ. સંભવતઃ વેદાંત અને યોગદર્શનના અધ્યયનથી એ અધિક દૃઢ બની હતી. પણ ભીતરમાં એમનું અંતર ભાવુક, ભીનું અને કરુણાભર્યું હતું. રાજકીય ક્ષેત્રે પોતાના વિરોધીઓને પણ એમણે ગુપ્તપણે ઉદારતાથી સહાય આપી હતી.

કામમાં સતત રચ્યાપચ્યા રહેવું એમને ગમતું. એથી મુલાકાતો ભાગ્યે જ આપતા. મુલાકાતીઓ સાથે કામની વાત તડ અને ફડ પતાવી લેતા ને પછી પોતાના કામમાં મશગુલ બની જતા. કામના સમયે કોઈ ફાલતુ વાતો એમની પાસે ચાલી શકતી નહિ. પણ સાંજે ભોજન બાદ પોતાના દીવાનખંડમાં ચીરૂટ કે હોકો પીતાંપીતાં તેઓ સાહિત્ય, કવિતા સંગીત કે વિનોદવાર્તા જમાવતા.

શરીરને સુદૃઢ રાખવામાં તે માનતા. જેલમાં નિયમિત વ્યાયામ કરતા. પણ કપડાં તરફ જ નહિ, વસ્ત્રો ધારણ કરવા તરફ પણ સાધુ જેવી ઉપેક્ષા સેવતા. કોઈકે તો કહ્યું છે કે એમને પ્રીતિ માત્ર ભોજન પર હતી. જિંદગીના અસ્તકાળે નાદુરસ્ત તબિયતમાં પણ ભોજન તો હલવાપુરીનું જ પસંદ કરતા! આમ, એમના વ્યક્તિત્વને ભલે અનેક પાસાં હતાં, પરંતુ મૂલતયા તેઓ એક દાર્શનિક હતા.

અને જગતનો કયો દાર્શનિક એના જીવનકાળ દરમિયાન એની વાજબી પ્રતિષ્ઠા પામ્યો છે? સંપૂર્ણાનંદને સંપૂર્ણપણે તો એમનું સાહિત્ય વાંચનારી આવતી પેઢી જ કદાચ ઈષ્ટ પ્રતિષ્ઠા આપશે. આપણે તો એમના બહુગુણ વ્યક્તિત્વને ભાવભરી અંજલિ અર્પીને વિરમીએ.



કેમ્પ્સ કૉર્નર · ફોટો : આર. આર. ભારદ્વાજ

વાહનવ્યવહારની કપરી 'બૉટલનેક' ગણાતા મુંબાઈના આ વિખ્યાત સ્થળ ઉપર ફ્લાઇ ઓવર બંધાયા પછી એ ધમાલ ઓછી થઇને ત્યાંનું શાન્ત સૌન્દર્ય જે રીતે ઊપસી આવ્યું છે તેને આ નિષ્ણાત કૅમેરાબાજે ઊંચા દૃષ્ટિકોણથી લીધેલા આ ફોટોગ્રાફ દ્વારા આસ્વાદ્ય બનાવ્યું છે. ઢળતાં છાપરાં અને અગાસીઓવાળાં મકાનોના સેટ ને વૃક્ષોની ગોદમાં લેટેલા આવાસોની વચ્ચે કર્ણરેખાએ પડેલા ફ્લાઈ ઓવરથી એક હૃદ્ય સંયોજન રચાઈ રહે છે.


શતરંજ

ભૂજથી શ્રી મહેન્દ્ર મહેતાએ ત્યાંના તરુણ મિત્રમંડળને ઉપક્રમે લીગ પદ્ધતિથી યોજાએલી શતરંજ ટૂર્નામેન્ટને અહેવાલ મોકલ્યો છે. શરૂઆતમાં ૧૬ ખેલાડીઓએ નામ નોંધાવ્યાં હતાં, પણ પછી માત્ર આઠ જ જણ રમવા આવેલા. બે દિવસ આ હરીફાઈ ચાલી જેમાં સર્વશ્રી મહેન્દ્ર મહેતા ૫½ પોઈન્ટ, જયેન્દ્ર વૈદ્ય અને કે. વી. ઘોલુ ૫ પો. તથા અક્ષય વૈદ્યના ૪ પો. થયાં હતાં.

શ્રી જયેન્દ્ર વૈદ્ય તથા શ્રી ઘોલુના સરખાં પોઈન્ટ્સ હોવાથી તેમને એક વધુ રમત રમાડવામાં આવી અને તેમાં શ્રી વૈદ્યની જીત થતાં એમને બીજું ઈનામ મળ્યું.

એ ટૂર્નામેન્ટમાંથી એક કૉમ્બિનેશન અહીં આપ્યું છે. એમાંની ઘણીખરી નોંધ શ્રી મહેતાએ જ લખી મોકલેલી છે.

B. S. BUDHBHATTI



M. B. MEHTA

સફેદે રમવાનું છે.

અહીં દર્શાવ્યા મુજબ સફેદ પાસે એક પ્યાદું વધારે છે. સાધારણ રીતે વિરુદ્ધ રંગના ઊંટવાળી સ્થિતિમાં એક વધુ પ્યાદાથી જીતવું લગભગ અશક્ય ગણાય છે, પણ અહીં સફેદનું KRP passed pawn છે અને એ સારું એવું આગળ વધી ગયું છે. તેને વજીર બનતું અટકાવવા એક મહોરાનો ભોગ અપાય તો સફેદની જીત નિશ્ચિત છે જ, પણ અહીં અસરકારક રીતે રમીને સફેદ વધુ જલ્દી જીતે છે.

1 Q–N8, K–B2. આમાં સફેદ કાળા ઊંટને અણઊઠ બનાવીને પ્યાદાને આગળ વધારવાની ધમકી આપે છે. આના જવાબમાં કાળો પોતાના રાજાને ખસેડીને ઊંટને છૂટો (unpin) કરે છે. અહીં 1…, N–Q2; 2P–R6, N–B3; 3P–R7! N×Q; 4P×N (=Q) અને વધારામાં ઘોડો હોવાથી સફેદ જીતી જાય. તેમ છે.

2N–N5ch, K–Q2; 3B–K6ch, K–1. કાળા રાજાને પહેલી હરોળમાં પાછો ધકેલીને સફેદ કાળા ઊંટને ફરી અણઊઠ કર્યો. હવે રાજા માટે Q–1 કરતાં K–1 વધુ સારી જગ્યા છે કેમકે ત્યાંથી એ ઊંટનું રક્ષણ કરી શકે છે.

4P–R6, N–B1? અહીં કાળો 4…, Q–B3 રમી શકત તોયે સફેદ જીતી જાત, પરંતુ અમુક વિકલ્પ રસમય છે અને ડ્રૉ મેળવવાની એક-બે જાળ (traps) પણ છે. જુઓ: 4…, Q–B3; 5P–R7, Q–B8ch; 6K–N2, Q–B7ch; 7K–R3, Q–Q7! હવે જો સફેદ ભૂલ કરે તો Q–N5 અને Q–Q7થી કાયમી શેહ વડે કાળો ડ્રૉ મેળવી જાય.

અથવા 4…, Q–B3; 5P–R7, Q–B8ch; 6K–N2, N–N5ch; 7K–R3! (અહીં પણ 7P×N? પછી કાળો કાયમી શેહ વડે ડ્રૉ મેળવી શકે તેમ છે.) અને હવે સફેદ તુરત જ જીતે છે. 4…, Q–B3 રમાય તો સફેદ N×QPch રમી શકે માટે QPને રક્ષણ આપવા સારુ કદાચ 4…, N–B1 રમાઈ હશે, પણ ઘોડાને કંઈ રક્ષણ નથી અને સફેદ તેને મારી શકે તેમ છે. પણ સફેદને એ મહોરું મેળવવામાં રસ નથી કેમકે હવે પછીની રમતથી તે વધુ જલ્દી જીતે છે:


5P–R7, Q–B3; 6Q–B7ch, Q×Q; 7B×Q, K×B; 8P–R8 (=Q) પછી સફેદ થોડી જ ચાલમાં કાળાને મ્હાત કરે છે.

સુરેશ મોદી



ટિકિટસંગ્રહ: દેશનાં સ્થાપત્યને ટપાલટિકિટો પર રજૂ કરવાના પ્રથમ પ્રયાસમાં ૨૮મી મેએ બહાર પડનારી બ્રિટનની આ છ નવી ટિકિટો પર ત્યાંના છ વિખ્યાત દેવળોનાં ચિત્ર છે. આ ટિકિટો અને એના ફર્સ્ટ-ડે-કવરનાં ડિઝાઈન કરનાર કલાકાર શ્રી પીટર ગિલ્ડે 'કુમાર' માટે પોતાના હસ્તાક્ષર પણ કરી આપ્યા છે જે છેલ્લી ટિકિટ પર છાપ્યા છે. * જાણવા મળ્યું છે કે ગાંધી-શતાબ્દી નિમિત્તની બ્રિટનની ટિકિટ પર કદાચ શ્રી વિમલ મલ્લિકનાં ચિત્રો જ પસંદ થશે. જો એમ થશે તો કોઈ પણ સંજ્ઞા વિનાના ત્રિરંગી ધ્વજની પશ્ચાદ્ભૂ આગળ બેઠેલા ગાંધીજી કે ચરખા સાથે ગાંધીજીનું ચિત્ર એ ટિકિટ પર જોવા મળશે. દોઢ શિલિંગની આ ટિકિટો ૧૩મી ઑગસ્ટે બહાર પડવાની છે. જર્મની પણ ગાંધીજીની યાદમાં ૩૦ ફેનિગની લીલા રંગની એક ખાસ ટિકિટ બહાર પાડશે. રમણિકલાલ સોલંકી (લંડન)

વહાણકથા–૧૭



મધ્ય અને દક્ષિણ અમેરિકાના વિસ્તારોમાં જ્યારે પોર્ટુગીઝો અને સ્પૅનિયાર્ડો ઠરીઠામ થયા કે તુરત એમણે હાથ ચડે એટલું સોનું એકઠું કરીકરીને વતનમાં મોકલવા માંડયું. અણિયાળા મોરાવાળાં અને પાછળથી ઊંચાં એવાં, ૧૬મી સદીમાં વિકસેલાં 'ગૅલીઓન' વહાણોમાં એ બધો માલ જતો ને અંગ્રેજ નૌકાઓ લાગ મળ્યે એ વહાણો પર તૂટી પડી લૂંટ કરતી, એટલું જ નહિ અંગ્રેજો દ. અમેરિકામાંનાં સ્પેનિશ ગામો પણ ઉજાડી આવતા.

આ પ્રવૃત્તિમાં ફ્રાંસિસ ડ્રેઈકનું નામ ઘણું જ જાણીતું થએલું. સ્પૅનિયાર્ડોને શોધતો એ મૅગેલિનના માર્ગે આટલાંટિક પાર કરી. દ. અમેરિકા સોંસરો પૅસિફિક મહાસાગરમાં પહોંચેલો. ૧૫૭૭ થી ૧૫૮૦ દરમિયાન ડ્રેઇકે આ રીતે આખી દુનિયાની એક પ્રદક્ષિણા કરી નાખી. પાંચ નાનાં વહાણો લઈ એ ઊપડેલો, પણ જ્યારે પૅસિફિકમાં પહોંચ્યો. ત્યારે કાફલાનું એનું મુખ્ય વહાણ 'પેલિકન' જ એક બચેલું. એને એણે નવું નામ આપ્યું 'ગોલ્ડન હાઈન્ડ'. એ વહાણમાં ડ્રેઈકનું નેતૃત્વ ને હિંમત તથા એના ખલાસીઓની આવડતને લીધે એણે જે સાહસો ખેડયાં એવાં અગાઉ કોઈ અંગ્રેજે ખેડેલાં નહિ. સ્પૅનિયાર્ડોમાં એનું નામ ત્રાસ પેદા કરનારું બની રહેલું. સામસામા મુકાબલામાં એ સહેજે પણ વખત ગુમાવ્યા વિના પ્રથમ જોરદાર હુમલો કરી દેતો. સ્પેનિશ જહાજો પરના એ હુમલાઓ અને ખાસ તો 'કૅકાફ્યુએગો' નામના એક મોટા જહાજમાંથી એને મબલખ ખજાનો મળી ગયો. અને આમ દુનિયાની પ્રદક્ષિણા કરી દક્ષિણ આફ્રિકાને માર્ગે એ પાછો ફર્યો ત્યારે મરી અને તેજાનાને બદલે એ સોનારૂપાનો ઢગ લઈ આવ્યો. રાણી ઇલિઝાબેથ (પહેલી)-એ એનાં સાહસોને બિરદાવવા 'ગોલ્ડન હાઈન્ડ'ના તૂતક પર જ એને ઉમરાવપદનો ખિતાબ આપ્યો હતો.



માધુકરી


રાતું આ રંગાયું મારું રમતીલું મન,
મને વનફૂલની તે કોઈ અડકી અગન.
આંખડી મીચાઈ ના, ને ઉજિયાળો દન,
તો યે અણદીઠનાં તે કાંઈ ઝબકે સ્વપન;
ચરણે ચંચલ આખી ધરણી ચંપાય,
એમ ચહું ય તે દિલ મારે ટહુકે છવાય;
મારા ઊડતા અંચલ કાજ ઓછું આ ગગન.

(સમર્પણ) —રાજેન્દ્ર શાહ

વ્યાયામના જ્યોતિર્ધર સ્વ. રાવજીભાઈ પટેલ

ભારતમાં એક વખત એવો હતો જ્યારે ગરીબી, રોગચાળા ને સામાજિક તથા ધાર્મિક કુરિવાજોને લીધે સામાન્ય પ્રજાજીવનમાં સાહસ, ચેતના કે જુસ્સાનો અભાવ પ્રવર્તતો હતો. આવી સ્થિતિમાં શારીરિક કેળવણીનાં જે ધંધાદારી તાલીમખાનાં ચાલતાં તેમાં માત્ર જડ વ્યાયામપદ્ધતિ પ્રચલિત બની. બળનો ઉપયોગ અહંકાર અને દુર્બળને હેરાન કરવાની વૃત્તિ પોષવામાં થવા લાગ્યો ને વ્યાયામનો પ્રચાર હલકી કક્ષાના લોકસમૂહમાં જ મર્યાદિત બનતો ગયો. પરિણામે શિષ્ટ સમાજ વ્યાયામપ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન બનતો ગયો. પરતંત્રતા અને હથિયારબંધીના કાયદાને લીધે સંરક્ષણની જવાબદારીનો અભાવ વિકસ્યો ને રાષ્ટ્રીય વ્યાયામ-રમતોને સ્થાને વિદેશીઓએ આણેલી ક્રિકેટ ટેનિસ જેવી રમતો પ્રચારમાં આવી. શારીરિક કેળવણીને નામે શાળાઓમાં અઠવાડિયે અર્ધા-પોણા કલાકની કવાયતનાં ખોખાં જ રહ્યાં.

પણ ૨૦મી સદીના આરંભ સાથે રાષ્ટ્રીયતા ને નવજાગૃતિનાં પગરણ મંડાયાં. દેશાભિમાન અને સ્વરાજ માટેની સભાનતા વિકસવા માંડી. લોકમાન્ય ટિળકનો 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' એ સૂત્રે સંજીવનીનું કાર્ય કર્યું. ઠેરઠેર વ્યાયામમંદિરો શરૂ થવા લાગ્યાં, જેમાં અમરાવતી, વડોદરા, રાજપીપળા, પૂના વગેરેનાં વ્યાયામમંડળો અગ્રગણ્ય બની રહ્યાં. ગુજરાતમાં વ્યાયામની પ્રવૃત્તિને શ્રી છોટુભાઈ અને અંબુભાઈ પુરાણીએ ઘણી ઉચ્ચ કક્ષાએ વિકસાવી અને પ્રજાજીવનમાં એક નવો જ પ્રાણ ફૂંક્યો. આ જ પરિપાટીમાં ઘડાએલા રાવજીભાઈ ચતુરભાઈ પટેલે, શ્રી અંબુભાઈ પુરાણી પૉંડીચેરી ચાલ્યા ગયા પછી એમણે પ્રકટાવેલી મશાલને જલતી રાખી દિશેદિશમાં પ્રસારવાનું કામ ઉપાડી લીધું.



ચરોતરની સાહસિક પાટીદાર કોમમાં નડિયાદના કાકરખાડ ભાગમાં ઈ. ૧૯૦૦ની ૧૦મી જુલાઇએ એમનો જન્મ થયો. નડિયાદમાં અંબાલાલની વાડીના અખાડામાં એમને શ્રી અંબુભાઈ પુરાણીનો પ્રથમ પરિચય થયો, અને ત્યારથી જ તેમના માનસપુત્ર બની તેઓ ઉત્તરોત્તર વિકાસ સાધી શ્રી અંબુભાઈની વિચારધારા પ્રમાણે આદર્શ વ્યાયામ સંચાલક બની રહ્યા. અંબુભાઈ અમદાવાદ આવ્યા ત્યારે તેઓ પણ અમદાવાદ આવી રહ્યા અને ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતક બન્યા. આ પછી વ્યાયામ અને રમતોની અદ્યતન તાલીમ લેવા તેઓએ મદ્રાસ જઈ ત્યાંની યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસીએશની વિખ્યાત કૉલેજમાં ફિઝિકલ એડ્યુકેશનના ડિરેક્ટરની તાલીમ લીધી.

આવી તાલીમ લઈ આવનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા. અંબુભાઈ પછી ગુજરાતમાં કેવળ વ્યાયામ પ્રચાર માટે જ સમજપૂર્વક જીવનધ્યેય નક્કી કરનાર એકલા રાવજીભાઈ પટેલ જ ગણી શકાય.

ઈ ૧૯૨૬માં તેઓ શ્રી મોતીભાઈ અમીનની પ્રેરણાથી આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટીના આજીવન સ્વયંસેવક બન્યા ને ચરોતરના ગામડે ગામડે વ્યાયામ મંદિરોની સ્થાપના કરી. ઈ. ૧૯૨૩માં શ્રી અંબુભાઈ પોંડિચેરી ચાલ્યા ગયા ત્યારે શ્રી છોટુભાઈ પુરાણીની પડખે રહી એમણે જ ગુજરાતમાં વ્યાયામપ્રચાર અને સંગઠનનું કાર્ય નિષ્ઠાપૂર્વક સંભાળ્યું હતું. આમ, એમણે ચાર દાયકા સુધી વ્યાયામશાળા સંગઠન, ગ્રીષ્મ વ્યાયામ વર્ગો, રમત સંમેલનો, કાયાકૌશલ કસોટી, વ્યાયામ વિષયક પ્રકાશનો ને શારીરિક તાલીમ પરિષદો દ્વારા વ્યાયામને રમતપ્રવૃત્તિના વ્યવસ્થિત પ્રસારમાં પ્રશસ્ય ફાળો આપી ગુજરાતના વ્યાયામ વિકાસનો ઇતિહાસ ઘડ્યો. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, ગુજરાત સ્ટેટ ઑલિમ્પિક ઍસોસીએશન, છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય તથા શ્રી મોટા પ્રેરિત મહાજન શક્તિદળ અને પુરાણી પારિતોષિક યોજના જેવી ગુજરાતના વ્યાયામક્ષેત્રની અગ્રણી સંસ્થાઓમાં તેમણે પ્રમુખ, મંત્રી કે ટ્રસ્ટીપદે રહી તે પ્રવૃત્તિઓના સર્જન સંવર્ધનમાં પોતાની અમૂલ્ય સેવાઓ આપી છે.

સ્વાતંત્ર્યની લડતોમાં ખેડા જિલ્લાના એક અગ્રણી નેતા તરીકે એમણે અનેકવાર કારાવાસ પણ સેવ્યો હતો. ખેડા જિલ્લાના ગૃહરક્ષકદળ, ગ્રામરક્ષકદળ તથા રાઈફલ તાલીમની પ્રવૃત્તિઓની સ્થાપના અને વિકાસમાં પણ એમનો કિંમતી ફાળો હતો. ખેડા જિલ્લાના હોમગાર્ડ્ઝ કમાન્ડન્ટ તરીકે પણ એમની સેવાઓ સ્તુત્ય અને અનુકરણીય બની રહી હતી. ચરોતર એજ્યુકેશન સોસાયટીના વિકાસમાં અને તેની શિક્ષણસંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં પણ એમનું કાર્ય હમેશાં મોખરે રહેતું. ચારુતર વિદ્યામંડળના સભ્ય તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીની રચના અને વિકાસમાં પણ એમનો અમૂલ્ય ફાળો રહેલો. ગુજરાત યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં સેનેટર તરીકે પણ એમણે અગત્યની સમિતિઓમાં સારું માર્ગદર્શન આપેલું.

શિક્ષક તરીકે તેઓ કડક નિયમધારી હતા. અપવાદ એમને રુચે જ નહિ. આખાબોલા પણ ખરા; પરંતુ નિખાલસ અને આનંદી પણ એવા જ. જીવનમાં અનેક તડકીછાંયડી જોવા છતાં એ બધાંથી અણસ્પર્શ્યા રહી પોતાની કાર્યવાહી જીવનભર અપરિવર્તિત રીતે નિભાવી રાખનાર થોડામાંના તેઓ એક હતા. આ જીવન પ્રવૃત્તિમય જ રહી ગુજરાતમાં કોઈક એક જ હેતુને ખાતર જીવન રેડનાર જે બહુ જ થોડી વ્યક્તિઓ છે એમાં રાવજીભાઈનું સ્થાન નિશ્ચિત છે જ. મુંબાઈ અને ગુજરાત રાજ્યની ક્રીડા સમિતિઓમાં એમને યોગ્ય સ્થાન અપાયું ન હતું છતાં તેનો એમને બિલકુલ રંજ નહોતો.

હૃદયરોગના હુમલાને કારણે છેલ્લે છેલ્લે એમણે વ્યાયામ શિક્ષણમાંથી નિવૃત્તિ લીધી ને છેલ્લે ૨૪ જાન્યુઆરીએ હૉસ્પિટાલમાં દાખલ કરવા પડ્યા. ડાબા અંગ પરની લકવાની અસરને કારણે તેઓ બોલી શકતા નહોતા. ૩૧મીએ બપોરે સખત તાવ ચડ્યો, મોઢે લોહી આવ્યું. મગજમાં લોહી વહેવાનાં એ લક્ષણો જોઈ ડૉક્ટરે આશા છોડી. ૧લી ફેબ્રુઆરીએ સવારે એમણે પ્રાણ છોડ્યો.

પયગંબરી જીવન

તા. ૨૯મી મે ૧૯૬૯ (મુસલમાની તારીખ ૧૨મી રબી ઉલ અવ્વલ)ના દિવસે ઈસ્લામ ધર્મના પયગમ્બર હ. મોહમ્મદ સાહેબનો જન્મ થયો. એ દિવસ બારા વફાત કે ઈદે મિલાદના નામે ઊજવાય છે. એ જયંતી પ્રસંગે એમના ઉત્તમ વ્યવહારની કેટલીક વાતો :

૧) આપ સાહેબની નેક આદત હતી કે રસ્તે મળનારાઓને સલામ કરવામાં પહેલ કરતા; ઘરવાળાંઓને તથા બાળકોને સવને સલામ કરતા. (સલામનો આખો શબ્દ છે: 'અસ્સલામો અલયકુમ = ખુદાની તમારા પર સલામતી હો.) ૨) પરાયા ઘરમાં રજા લઈ સલામ કહી અંદર જતા. ૩) કોઈ વ્યક્તિ આપ સાહેબના શરીર પરથી તણખલું સુદ્ધાં સાફ કરે તો તેનો શુક્રિયહ (આભાર) માનતા. ૪) આપ સાહેબ ફરમાવતા કે અંદરોઅંદર ભેટો મોકલતા રહો જેથી મહોબ્બત વધે. ૫) કોઈ એમની સાથે ખરાબ વર્તન કરતું તો તેને ક્ષમા આપતા. ૬) ઋતુની શરૂઆતનું ફળ બાળકોને વહેંચી આપતા. ૭) રોજિંદા વ્યવહારમાં ઘણા જ નમ્ર હતા. એમના એક સાથી હજરત અનસ કહે છે કે હું એમની સાથે દસ વર્ષ રહ્યો પણ મને આપે કદી કટુશબ્દ કહ્યો નથી. ૮) પરધર્મીઓ સાથે પણ ઘણી ઉદારતાથી વર્તાવ કરતા. એકવાર ગુજરાન પ્રદેશથી ખ્રિસ્તીઓનું ટોળું ઈસ્લામ વિષે ચર્ચા કરવા મદીનાશરીફ આવ્યું. આપે તે લોકોને મહેમાન રાખ્યા, બલ્કે એમની રીતે મસ્જિદે નબવીમાં ઈબાદત કરવાની છૂટ આપી. આવી દિલી ઉદારતા અને સદ્વર્તનના પરિણામે હજારો લોકો ઈસ્લામના પ્રતિ આકર્ષાયા. —ઈસ્માઈલ બક્ષરૂબ

મે ૧૯૬૯ • અંક ૫૪૫

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

ગુજરાતમાં વેધશાળા

આકાશી પદાર્થોના પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા પ્રજાને ખગોળનું જ્ઞાન મળે, તથા એ દિશાના વિશેષ અભ્યાસમાં અનુકૂળતા થાય એ ઉદ્દેશથી અમદાવાદમાં એક વેધશાળા સ્થાપવાની ઈ. ૧૯૫૬માં ચિતરાયેલી કલ્પના હવે સાકાર રૂપે પ્રત્યક્ષ થઈ છે. ઈ. સ. ૧૯૬૭માં મ્યુનિસિપાલિટીએ કાઢી આપેલી અને ગુજરાત સરકારે રેવન્યુ-ફ્રી કરી આપેલી ૩૦૦૦ ચોરસવાર જમીન પર (નારણપુરા રેલવે ક્રાસિંગ પાસે. ગૌતમનગર) અમદાવાદમાં શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલ અને શ્રી કુબેરદાસ મોદીની સહાયથી, હાલ પાંચમાંથી બેમાળનું મકાન ઊભું છે. પાંચમો માળ થશે ત્યારે જનતાને દૂરબીન દ્વારા આકાશી પદાર્થોનાં દર્શન કરાવી શકાશે. તે ઉપરાંત હાઈસ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓમાં તેમજ આમ જનતામાં ખગોળનું જ્ઞાન પ્રસરે તે માટેનાં પ્રદર્શનો, વ્યાખ્યાનો વગેરે કાર્યક્રમો પણ યોજવામાં આવશે. આ માટે અમદાવાદ તેમજ ગુજરાતનાં અન્ય સ્થળોએ ખગોળમંડળો સ્થાપવાની પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવશે. દરમિયાન, હાલમાં પંચાંગ સંશોધનનું તેમજ વાર્ષિક તથા પંચવાર્ષિક પંચાંગોનાં પ્રકાશનોનું કામ ત્યાં ચાલે છે જૂન માસમાં વેધશાળાનો લોકશિક્ષણ વિભાગ કામ કરતો થઈ જશે. ત્યારે શાળા–મહાશાળાઓનાં વિજ્ઞાન મંડળોના સભ્યો તેમજ વિજ્ઞાનશિક્ષકો દ્વારા ખગોળ માટેના અભ્યાસની તકો ઊભી કરવામાં આવશે. (વેધશાળા સમાચાર પત્રિકા ૧)

'ઘેર પહોંચે કે તરત જ કાગળ લખી નાખજે.' સ્ટેશન પર પત્નીને મૂકવા ગએલા પતિએ ભાવથી કહ્યું.

'લખવો જ પડશે ને? આ સો રૂપિયા તો ઘર આવતાં સુધીમાં ખલાસ થઈ જશે.' પત્નીએ જવાબ આપ્યો.

આ માસ (મે) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ

તા. ૩ રાજગાદી જતી કરીને પણ આઠમા એડવર્ડે મિસિસ સિમ્પસન સાથે લગ્ન કર્યું, ૧૯૩૭.

તા. ૫ સેન્ટ હેલીના ટાપુમાં નેપોલિયનનું અવસાન, ૧૮૨૧.

તા. ૬ અમેરિકાના નિસર્ગપ્રેમી સાહિત્યકાર અને અનેરા ચિંતક થૉરોનું અવસાન, ૧૮૩૨.

તા. ૮ અંગ્રેજોએ શાહ સુજાને અફઘાનિસ્તાનની ગાદીએ બેસાડયો, ૧૮૩૮.

તા. ૯ ભારતમાં ભીષણ પ્લેગમાં એક અઠવાડિયામાં ૩૪૦૦૦ માણસો માર્યા ગયા, ૧૯૦૫.

તા. ૧૦ વૉરન હેસ્ટિંગ્સ બંગાળમાં ગવર્નર જનરલ બન્યો, ૧૭૭૩. ઇંગ્લંડમાં ઑક્સફર્ડ-શાયરમાં ચર્ચિલ મુકામે ઈ. ૧૭૩૨માં ૬ઠ્ઠી ડિસેમ્બરે એનો જન્મ થયો. હિંદમાં સૌથી મોટા ગણાતા એ શાસકે અનેક મુશ્કેલીઓમાં બંગાળનો રાજવહીવટ વ્યવસ્થિત કર્યો; હિન્દી સનદી નોકરીનો પાયો નાખ્યો; મદ્રાસ અને મુંબાઈ પ્રાંતોમાં અનેક વિગ્રહો સામે કંપની સરકારને ટકાવી રાખી; પરંતુ ગેરરીતિઓ અને બળજબરીથી અઢળક ધન એકઠું કરવાનો, અવધની બેગમોને લૂંટવાનો ને રાજા નંદકુમારને ખોટી રીતે ફાંસીએ ચડાવ્યાનો વગેરે આરોપોસર ઇ. ૧૭૮૮માં બ્રિટિશ પાર્લમેન્ટમાં એના પર સાત વર્ષ ચાલેલા મુકદ્દમામાં એ આર્થિકરીતે પાયમાલ થઈ ગયો; પણ અંતે 'એણે જે કર્યું તે બ્રિટિશ રાજ્ય ને કંપની સરકાર માટે કરેલું' ગણી ઈસ્ટ ઇંડિયા કંપનીએ એને વર્ષાસન બાંધી આપેલું. ઇ. ૧૮૧૮ની ૨૨ ઑગસ્ટે એનું અવસાન થયું. અંગ્રેજોના આધિપત્યમાં નહોર વિનાના વાઘ જેવાં સત્તારહિત દેશી રાજ્યો ટકાવી રાખવાની નીતિ પણ હેસ્ટિંગ્સે જ ઘડેલી.

તા. ૧૨ પોલાંડના સરમુખત્યાર માર્શલ પિલ્સુદ્સ્કીનું અવસાન, ૧૯૩૫.

તા. ૧૪ મુઘલાઈ સામે દક્ષિણ હિંદુસ્તાનની જે નાની સલ્તનતો અવારનવાર માથું ઊંચકતી રહેલી એમાંના એક અહમદનગરના આબિસીનિયન મંત્રી મલિક અંબર હબસીએ ધીરે ધીરે શાહી સલ્તનતમાં ભેળવી દેવાએલા રાજ્યનો ઘણોખરો ભાગ પાછો મેળવી લઈ અહમદનગરનો અલગ રાજવહીવટ કરવા માંડયો. એની સામે અનિશ્ચિત ચાલતી રહેલી ધીમી લડાઇઓનો અંત લાવવા જહાંગીરે ખાનખાનાન અબ્દુર રહીમને મોકલ્યો, પણ છેક ઈ. ૧૬૧૬માં શાહજાદા ખુર્રમે અહમદનગરનો કિલ્લો કબજે કર્યો. પોતાના એ બંડખોર પુત્રને આ બદલ જહાંગીરે 'શાહજહાં'નો ખિતાબ તથા ૩૦,૦૦૦ સૈનિકો અને ૨૦,૦૦૦ સવારોની સરદારી આપી. વર્ષો સુધી મુઘલાઈ સામે ઝઝૂમનાર આ મલિક અંબરે જ દોલતાબાદનો સુંદર અને મજબૂત વિખ્યાત કિલ્લો પણ બંધાવેલો. દક્ષિણના આ કિલ્લાઓ સર કરવા મુઘલોને હમેશાં મુશ્કેલ પડેલા. મલિક અંબર ૮૦ વર્ષની વયે ઈ. ૧૬૨૬ની ૧૪મી મેએ અવસાન પામ્યો.

તા. ૧૫ શ્રીરંગપટ્ટમ્ પાસે અંગ્રેજોને હાથે મ્હૈસૂરના ટીપુ સુલતાનની હાર થઈ, ૧૭૯૧.

તા. ૧૬ હોળકરના વિશ્વાસઘાતી સરદાર અમીરખાંની સહાયથી જનરલ લેઇકે રામપુર તથા ટૉંક જીતી લીધાં (ઈ. ૧૮૦૪) જેના બદલામાં અંગ્રેજોએ અમીરખાંને ટૉંકની ગાદી આપી.

તા. ૧૭ ટ્રાન્સવાલના વિગ્રહમાં સાત માસના ભીષણ ઘેરામાંથી માફેકિંગ શહેરનો છુટકારો, ૧૯૦૦. કિલ્લેદાર ડ્રગુન ગાર્ડ્સના લેફ. કર્નલ બીડન પૉવેલે આ યુદ્ધમાં માફેકિંગના યુવાનો લડવા માટે મુક્ત રહી શકે એટલા સારુ શહેરના છોકરાઓને સંદેશવાહકો, ઘાયલોની પ્રાથમિક સારવારમાં મદદગારો વગેરે કામો માટે તૈયાર કરીને ઉપયોગમાં લીધેલા. આગળ જતાં એણે આમાંથી સ્કાઉટની પ્રવૃત્તિ વિકસાવી જે આજે જગતભરમાં પ્રસરી ગઈ છે.

તા. ૨૦ ફ્રેન્ચ સાહિત્યકાર ઑનૉરે બાલ્ઝાકનો જન્મ, ૧૭૯૯. પોતાના સમયના ફ્રેંચ પ્રજાજીવનનું તાદૃશ આલેખન કરતી એણે ૮૦ નવલકથાઓ લખેલી.

તા. ૨૧ નિઝામ-ઉલ મુલ્ક અસફઝાનું અવસાન, ૧૭૪૮. મૂળ તો એ ચીન કિલિચ ખાન નામનો એક વઝીર. ઈ. ૧૭૨૩મા એણે દક્ષિણમાં જઈને ત્યાં પોતાનું સ્વતંત્ર રાજ સ્થાપી આજના નિઝામ વંશનો આરંભ કરેલો.

તા. ૨૪ બધા ગ્રહો સૂર્યની આસપાસ ફરતા હોવાના સિદ્ધાંતના પ્રથમ શોધક પૉલિશ-જર્મન ખગોળવેત્તા નિકોલસ કૉપરનિકસનું મૃત્યુ, ૧૫૪૩.

તા. ૨૭ રશિયાના પ્રભાવશાળી રાજા પીટર ધ ગ્રેઇટે સેન્ટ પીટર્સબર્ગ (આજના લેનિનગ્રાડ) શહેરની સ્થાપના કરી, ૧૭૦૩.

તા. ૩૧ દક્ષિણ આફ્રિકાના યુનિયનની સ્થાપના, ૧૯૧૦.

અથાણું

'નીચે સામાન રાખવાની મનાઈ છે, સાહેબ. આ સૂટકેસ અહીંથી ઉઠાવીને બસના છાપરા ઉપર મૂકી દો.' કંડક્ટરે બસ ઊપડતાં પહેલાં છાપું વાંચતા એક મુસાફરને કહ્યું.

'હું નહિ મૂકું.' મુસાફરે એક ક્ષણ માટે કંડક્ટર સામે નજર માંડી જવાબ આપ્યો ને પાછો છાપું વાંચવામાં મશગુલ થઈ ગયો.

અપમાનિત થએલા કંડક્ટરે ગુસ્સે થઈને કહ્યું: 'એ સૂટ-બૂટનો રૉફ બીજે ચલાવજો, મહેરબાન. બસમાં બેસવું હશે તો સરકારી કાયદો પાળવો જ પડશે.'

મુસાફરે કશું ધ્યાન આપ્યા વિના છાપું વાંચ્યા કર્યું. કંડક્ટર ગુસ્સાથી લાલચોળ થઈ ગયો: 'તમને એમ લાગે છે મિસ્ટર, કે હું તમારી આગળ ઘાસ કાપું છું?'

મુસાફરે કંઈ જવાબ ન આપ્યો.

'હું ત્રણ બોલું ત્યાં સુધીમાં તમે આ સૂટકેસ નહિ ઉઠાવો તો હું એને ઉઠાવીને બહાર ફેંકી દઈશ.' કંડક્ટરે ધૂંઆંફૂંઆં થતાં કહ્યું.

મુસાફર મૂર્તિવત મૂંગો જ રહ્યો. ખૂબ ગુસ્સે થઈ કંડક્ટરે એક બે ને ત્રણ ગણી સૂટકેસ લઈ બહાર ફેંકી દીધી અને મોટેથી કહ્યુ: 'તમે ગમે તે મોટા ગવર્નર હો, મારે શું? આજે તમને ય એક પદાર્થપાઠ શીખવા તો મળશે.'

મુસાફરે લાંબા સમયનું મૌન તોડતાં નમ્રતાથી કહ્યુ: 'મને કશો પાઠ મળ્યો નથી, ભાઈ; એ સૂટકેસ મારી નથી.'

જેલર: તેં બે વખત અહીંથી જવાનો પ્રયાસ કર્યો. શું તારી પત્ની પણ અહીં જ છે?

'પોલીસને ક્યાંથી શક પડયો કે તું સ્ત્રીવેશે ફરતો હતો?'

'હું ઝવેરાતની એક દુકાન પાસેથી પસાર થતાં અંદર ડોકિયું કરવાનું ભૂલી ગયો હતો.'

પોલીસ એક માણસને પકડીને થાણામાં ખેંચી લાવ્યો. ફોજદારે એનું કારણ પૂછ્યું.

'એ દારૂ પીને બકવાટ કરતો હતો.'

'ના, મેં દારૂ પીધો નથી.' આરોપીએ કહ્યું.

'તમને કેમ ખબર પડી કે એણે પીધો છે?' ફોજદારે પોલીસને પૂછ્યું.

'એ બસ-ડ્રાઈવર સાથે ઝગડતો હતો અને એના પર હુમલો કરવા જતો હતો.'

'પણ એથી એણે દારૂ પીધો છે એમ સાબિત થતું નથી.'

'પણ સાહેબ, ત્યાં નહોતો ડ્રાઈવર કે નહોતી બસ.'

અબોલા કહાનથી લીધા રાધાએ, બસ ત્યારથી
મહત્તા મૌનને લાધી, પ્રીતિના અર્થભારથી.

—જયંત પાઠક—

થોડા સમય પહેલાં આપણા દેશના, વેપારાર્થે જાપાન ગએલા એક શેઠને, ત્યાંના જાપાની મિત્રે ભોજન માટે આમંત્ર્યા. શેઠ તો ટેવ મુજબ છાંડીને ઊઠ્યા. ભોજન પૂરું થયે યજમાનની નોકરડીએ એક થાળીમાં છાંડેલું અનાજ જોતાં ઘરમાલિકને કહ્યું: 'માફ કરજો સાહેબ, પણ દેશનું અનાજ જે ઘરમાં આ રીતે વેડફાતું હોય એ ઘરમાં મારાથી કામ નહિ થાય.' માલિકે સાચી સ્થિતિનો ખયાલ આપ્યો ત્યારે એ માંડ રોકાઈ.

કાવ્યબદ્ધ કહેવતો :
પહેલે મૂર્ખ તે ઠેકે કૂવો,
બીજો મૂખ તે રમે જુવો*
ત્રીજો મૂર્ખ તે બહેનઘર ભાઈ
ચોથો મૂર્ખ તે ઘરજમાઈ.

[*જુગાર. આ ચારે પક્તિઓ સ્પષ્ટ જ છે.]


અનેકાર્થી શબ્દ : ટંક = અમુક નક્કી કરેલો એક વખત; એકવાર; સિક્કો, ટકો; કોઠાના ઝાડની એક જાત; આંબાની એક જાત; હાથીની એક જાત; કાંઠો તૂટી ગએલું તળાવ; કુહાડો; કોધ; ખજાનો; મોતીના વજનમાં ૨૧ા રતીનું માપ; રોકડ કે નગદ; અભિમાન; જાંઘ; તલવાર; તલવારનું મ્યાન; શ્રી; ભૈરવ અને કનડાના યોગથી થતો સંપૂર્ણ જાતિનો એક રાગ; મેઘરાજાની પાંચ માંહેની એક રાગિણી; જમીનની ફાટ; કોદાળી; એક જાતનું કાશ્મીરી શાક.



દક્ષિણ ભારતના સ્વાતંત્ર્ય-સેનાની, રાજકારણી પુરુષ અને પત્રકાર કાશીનાધુની નાગેશ્વર રાવ પંતુલુની યાદમાં આ પહેલી મેએ બહાર પડેલી ભારતની ટપાલટિકિટ.



સામાન્ય માણસનું ઉપયોગી ને પ્રિય વાહન સાઈકલ બનાવનારા દુનિયાના દેશોમાં ભારતનો ક્રમ પાંચમો આવે છે. ઈ. ૧૯૬૮ના વર્ષમાં આપણે લેશ પણ બહારના અંશ વિનાની નિર્ભેળ સ્વદેશી ૧૭ લાખ સાઈકલોનું ઉત્પાદન કર્યું હતું.



કલાકણિકા: માનવે સર કરેલાં શિષ્ટ કલાનાં ઉચ્ચ શિખરો ધારતી પ્રાચીન સંસ્કૃતિઓ પૈકી ગ્રીક સ્થાપત્યશિલ્પની વિશિષ્ટ શૈલી દાખવતા આ નમૂનામાં, ત્યાંની રાજધાની ઍથેન્સમાં આવેલા લાઈસીક્રેટસના સ્મારકના છાપરાને ટેકવતા સ્તભ-શીર્ષમાં કરેલી 'ઍકૅન્થસ'નાં પણની લાવણ્યલીલાનું નિદર્શન છે.